RNI NO GUJGUJ2003/09673

અસ્સલ કાઠિયાવાડી મિજાજ

સૌરાષ્ટ્ર આજતક

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

www.aaspassdaily.com

લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા   પ્રમુખસ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ, ફોન : ૦૨૮૧-૨૨૪૧૨૩૪, ફેક્સ : ૦૨૮૧-૨૨૩૦૬૬૬

● સંવત ૨૦૮૦ ફાગણ વદ - ૪   શુક્રવાર, તા.૨૯-૦૩-૨૦૨૪   અંક : ૨૦૧ વર્ષ : ૨૧   e-mail : sauaajtak@gmail.com   કિંમત રૂ. ૨-૫૦   પાના - ૮

કેજરીવાલને રાહત ન મળી

એક્સાઈઝ પોલિસી સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં ઈડી રિમાન્ડ ૧ એપ્રિલ સુધી લંબાવાયા

મુખ્યમંત્રી કેજરીવાલ જવાબ આપવામાં વિલંબ કરી રહ્યા છે અને તેમના ડિજિટલ ઉપકરણોના પાસવર્ડ જાહેર કરી રહ્યા નથી, ઈડી

નવીદિલ્હી,તા.૨૮

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના ઈડી રિમાન્ડ ૧ એપ્રિલ સુધી લંબાવવામાં આવ્યા છે. ઈડીએ અરવિંદ કેજરીવાલની એક્સાઈઝ પોલિસી સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં ધરપકડ કરી હતી. તેના ૬ દિવસના રિમાન્ડ આજે પૂરા થઈ રહ્યા હતા. આજે તેને રાઉઝ એવન્યુ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા.પરંતુ કોર્ટે તેના રિમાન્ડ ૧ એપ્રિલ સુધી લંબાવ્યા હતા. હવે તેને ૧ એપ્રિલે સવારે ૧૧.૩૦ કલાકે કોર્ટમાં રજૂ કરવામાં આવશે.

અગાઉ, ઈડીએ કેજરીવાલની વધુ સાત દિવસની કસ્ટડીની વિનંતી કરી હતી અને કહ્યું હતું કે કેસ સાથે જોડાયેલા કેટલાક લોકો સાથે તેમનો સામનો કરવાની જરૂર છે. ઈડીએ કહ્યું કે મુખ્યમંત્રી કેજરીવાલ જવાબ આપવામાં વિલંબ કરી રહ્યા છે અને તેમના ડિજિટલ ઉપકરણોના પાસવર્ડ જાહેર કરી રહ્યા નથી. કેજરીવાલે પોતાની અરજીમાં કહ્યું કે, “એક્સાઈઝ પોલિસી કેસમાં ચાર સાક્ષીઓએ મારું નામ લીધું છે. શું મુખ્યમંત્રીની ધરપકડ કરવા માટે ચાર નિવેદનો પૂરતા છે?કેજરીવાલે આરોપ લગાવ્યો કે શરતચંદ્ર રેડ્ડીએ ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ને ૫૫ કરોડ રૂપિયાનું દાન આપ્યું છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, મારી પાસે આના પુરાવા છે. ટ્રાન્ઝેક્શન સાબિત થયું છે કારણ કે તેણે (રેડ્ડી) ધરપકડ બાદ રકમ દાનમાં આપી હતી. રેડ્ડી અરબિંદો ફાર્મા લિમિટેડના ડિરેક્ટર છે અને આ કેસમાં સરકારના સાક્ષી બનેલા સહ-આરોપીમાંથી એક છે. કેજરીવાલે કહ્યું કે આમ આદમી પાર્ટી ભ્રષ્ટ હોવાની ખોટી તસવીર દેશ સમક્ષ રજૂ કરવામાં આવી છે અને તેઓ ઈડીની તપાસનો સામનો કરવા તૈયાર છે. આ મામલામાં ૨૧ માર્ચે આપના રાષ્ટ્રીય કન્વીનરની ઈડી દ્વારા ધરપકડ કરવામાં આવી હતી અને બાદમાં કોર્ટે તેમને ૨૮ માર્ચ સુધી કસ્ટડીમાં મોકલી દીધા હતા. કેજરીવાલના વકીલ રમેશ ગુપ્તાએ જણાવ્યું હતું કે મુખ્ય પ્રધાન તપાસમાં સહકાર આપવા માગે છે પરંતુ ઈડીના આધારે નહીં, જેના માટે એજન્સી તેમની કસ્ટડી વધારવાની વિનંતી કરી રહી છે. કેસની સુનાવણી માટે જ્યારે કેજરીવાલને કોર્ટ રૂમમાં લઈ જવામાં આવી રહ્યા હતા ત્યારે તેમણે પત્રકારોને કહ્યું હતું કે ‘આ એક રાજકીય કાવતરું છે.’ આ દરમિયાન દિલ્હી સરકારના પ્રધાનો આતિશી, ગોપાલ રાય અને સૌરભ ભારદ્વાજ કોર્ટમાં હાજર હતા.

કાર્યકર્તાઓની અપેક્ષા હતી એટલે ઉમેદવારો બદલ્યા છે: પાટીલ

અપેક્ષિત હોય એટલે ટિકિટ માટે દબાણ કરે પણ શિસ્ત તોડશે તેની સામે પગલા લેવાની પ્રદેશ પ્રમુખની જાહેરાત

રાજકોટ,

ભારતીય જનતા પાર્ટીના ગુજરાતના પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલ આજે રાજકોટની મુલાકાતે આવ્યા હતાં. અને જણાવ્યું હતું કે, હાલમાં ગુજરાતમાં ૨૬ લોકસભા બેઠકમાંથી બે બેઠક પર ઉમેદવાર બદલવામાં આવ્યા તે કાર્યકર્તાઓની અપેક્ષા હતી પરંતુ કોઈપણ વ્યક્તિ શિસ્ત તોડશે તો સંગઠન તેની સામે પગલા લેશે.

પ્રદેશ પ્રમુખ આજે રાજકોટની મુલાકાતે આવ્યા હતાં અને બપોરે પત્રકાર સંમેલન કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતાં તે દરમિયાન તેમણે રાજકોટના પત્રકારો સાથે મુક્તપણે વાતચીત કરી હતી અને ભાજપ દ્વારા આ લોકસભાની ચૂંટણીમાં ૪૦૦ સીટથી વધુ બેઠક જીતવાનો વિશ્ર્વાસ વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, આ વખતે ગુજરાતમાં ૨૬માંથી ૨૬ બેઠકો પાંચ લાખ કરતા વધારાની લીડ સાથે જીતવામાં આવશે અને આ જીત ઐતિહાસિક બની રહેશે.

નવા ફાઈટર જેટ Tejas MK-1Aની પ્રથમ ઉડાન સફળ

અત્યાધુનિક સુવિધાઓથી લેસ છે વિમાન

નવીદિલ્હી,

Tejas MK-1A ફાઈટર જેટની પ્રથમ ઉડાન ૨૮ માર્ચ ૨૦૨૪માં બેંગલુરૂ સ્થિત હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડની ફેસિલિટીમાં સફળતાપૂર્વક પૂર્ણ કરી છે. આ ઉડાન ૧૮ મિનિટની હતી.

કેટલાક સમય પહેલા જ આ વિમાનમાં ડિઝિટલ ફ્લાઈ બાય વાયર ફ્લાઈટ કંટ્રોલ કોમ્પ્યુટરને લગાવવામાં આવી હતી. DFCCનો સામાન્ય ભાષામાં અર્થ થાય છે કે ફાઈટર જેટથી મેન્યુઅલ ફ્લાઈટ કંટ્રોલ્સ હટાવીને તેની જગ્યાએ ઈલેક્ટ્રોનિક ઈન્ટરફેસ લગાવવું. ઘણી વસ્તુ કોમ્પ્યુટરના હાથમાં જતી રહે છે, બીજી તરફ વિમાનને પાયલોટ અનુસાર સંતુલિત અને નિયંત્રિત રાખે છે.

આ સિસ્ટમને કારણે રડાર, એલિવેટર, એલિરૉન, ફ્લેપ્સ અને એન્જિનના નિયંત્રણ ઈલેક્ટ્રોનિકલી હોય છે. ફ્લાઈ બાય વાયર કુલ મળીને ફાઈટર જેટને એક આત્મ સંતુલન આપે છે. સ્ટેબલાઈઝ કરે છે, આ વિમાનને વધુ સુરક્ષિત બનાવે છે.

વિમાન તેજસ એમકે-૧એમાં ઉન્નત મિશન કોમ્પ્યુટર, ઉચ્ચ પ્રદર્શન ક્ષમતા ધરાવતું ડિઝિટલ ફ્લાઈટ કંટ્રોલ કોમ્પ્યુટર (DFCC MK-1A), સ્માર્ટ મલ્ટી-ફંક્શન ડિસપ્લે (SMFD), એડવાન્સ્ડ ઈલેક્ટ્રોનિકલી સ્કેન્ડ એરે (AESA) રડાર, એડવાન્સ્ડ સેલ્ફ-પ્રોટેક્શન જૈમર, ઈલેક્ટ્રોનિક વારફેયર સૂટ વગેરે સુવિધાઓ છે.

આ ફાઈટર જેટ એમ તો તેજસ-૧ની જેવો જ છે પણ તેમાં કેટલીક વસ્તુઓ બદલાઈ જાય છે જેમાં અત્યાધુનિક ઈલેક્ટ્રોનિક વારફેયર સૂઈટ, ઉત્તમ એઈએસએ રડાર, સેલ્ફ પ્રોટેક્શન જૈમર, રડાર વૉર્નિંગ રિસીવર લાગેલુ છે. આ સિવાય તેમાં બહારથી ECM પોડ પણ લગાવી શકો છો.

NDPSના કેસમાં પૂર્વ IPS સંજીવ ભટ્ટને ૨૦ વર્ષની સજા

પાલનપુર કોર્ટે બે લાખનો દંડ પણ કર્યો

અમદાવાદ,

ગુજરાતના પૂર્વ IPS સંજીવ ભટ્ટને ૨૭ માર્ચે બનાસકાંઠાની પાલનપુર કોર્ટે સંજીવ ભટ્ટને NDPSના કેસમાં દોષિત ઠેરવ્યા હતા. આજે આ કેસમાં કોર્ટે સજાની સુનાવણી કરી જેમાં પાલનપુર કોર્ટે સંજીવ ભટ્ટને ૨૦ વર્ષની સજા ફટકારી છે. આ સાથે કોર્ટે બે લાખનો દંડ પણ કર્યો છે. ૩૦ એપ્રિલ, ૧૯૯૬માં એક કેસ દાખલ કરવામાં આવ્યો હતો. જેમાં પાલનપુરની લાજવંતી હોટેલમાં સુમેરસિંહ રાજપુરોહિત અફીણનો જથ્થો લઈ આવનાર છે તેવી બાતમીના પગલે પોલીસે રેડ કરી એક કિલો ૧૫ ગ્રામ અફીણ કબજે કર્યું હતું. પાલનપુરની આ હોટલના રૂમમાં અફીણનો જથ્થો મુકાવી રાજસ્થાન પાલીના એક વકીલને ખોટા કેસમાં ફસાવી દેવાના કેસમાં ધરપકડ કરી હતી.

બીજા તબક્કા માટે જાહેરનામુ બહાર પડતા જ ચુંટણી પ્રક્રિયા શરૂ

નવીદિલ્હી,તા.૨૮

લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને બીજા તબક્કાનું મતદાન ૨૬ એપ્રિલે થશે. આવી સ્થિતિમાં બીજા તબક્કા માટે આજે જાહેરનામુ બહાર પડતા જ ચુંટણી પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. ચૂંટણી પંચે આ સંદર્ભમાં એક નોટિફિકેશન બહાર પાડ્યું હતું. તમને જણાવી દઈએ કે બીજા તબક્કા માટે ઉમેદવારી પત્ર ભરવાની છેલ્લી તારીખ ૪ એપ્રિલ છે.લોકસભા ચૂંટણીના બીજા તબક્કામાં ૧૨ રાજ્યોની ૮૮ સંસદીય બેઠકો માટે નામાંકન ભરવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે.

રાષ્ટ્રપતિ વતી, ચૂંટણી પંચે ગુરુવારે સવારે ૨૬ એપ્રિલે યોજાનારી સંસદીય ચૂંટણીના બીજા તબક્કા માટે જાહેરનામું બહાર પાડ્યું. આ તબક્કા માટે ઉમેદવારી પત્ર ભરવાની છેલ્લી તારીખ ૪ એપ્રિલ છે. જમ્મુ-કાશ્મીર સિવાયના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ઉમેદવારી પત્રોની ચકાસણી ૫ એપ્રિલે હાથ ધરવામાં આવશે. જમ્મુ-કાશ્મીરમાં ઉમેદવારી પત્રોની ચકાસણી ૬ એપ્રિલે થશે.

આ તબક્કા દરમિયાન બાહ્ય મણિપુર લોકસભા મતવિસ્તારના એક ભાગમાં પણ મતદાન થશે. ૨૦ માર્ચે પ્રથમ તબક્કા માટે જારી કરાયેલ ગેઝેટ નોટિફિકેશનમાં બાહ્ય મણિપુર મતવિસ્તારમાં ચૂંટણી માટેની સૂચનાનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

ભાજપના નેતાની નવી પાર્ટી ભાજપ(જી) બનાવવાની જાહેરાત

કોંગ્રેસી નેતાઓની ભરતીથી પાયાના કાર્યકરોમાં નારાજગી

નવીદિલ્હી,

ભાજપના નેતા અરવિંદ સિંધાએ ભાજપ(જી) એટલે કે, શ્યામા પ્રસાદ મુખર્જી ટીમ બનાવવાની જાહેરાત કરી છે. ટૂંક સમયમાં ચૂંટણીપંચમાંથી મંજૂરી મેળવી આવનારી ચૂંટણીઓમાં ભાજપમાં કોંગ્રેસમાંથી આવેલા અસંતુષ્ટ થયેલ ઉમેદવાર, નેતા અને કાર્યકરોને ચૂંટણીનાં ઉમેદવારો જાહેર કરીને ચૂંટણી લડાવવાની વાત તેઓએ કરી છે અને ચૂંટણી પંચ પાસે ભાજપ(જી)નું ચૂંટણી ચિન્હ ‘હાથમાં કમળ’ મેળવવામાં આવશે.

અરવિંદ સિંધાએ જણાવ્યું હતું કે, આઝાદી પછીની વડાપ્રધાન જવાહરલાલ નહેરુની સરકારના ઉદ્યોગમંત્રી શ્યામા પ્રસાદ મુખર્જીએ હિન્દુ વિચારધારાને લઈને ભારતીય જનસંઘની સ્થાપના વર્ષ ૧૯૫૧માં કરી હતી.



કેજરીવાલને રાહત, મુખ્યમંત્રી પદેથી હટાવવાની અરજી હાઈકોર્ટે ફગાવી

નવીદિલ્હી,તા.૨૮

હાઈકોર્ટે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને તેમના પદ પરથી હટાવવાની માંગ કરતી પીઆઈએલની સુનાવણી કરવાનો ઈક્રાર કરી દીધો છે અને અરજીને ફગાવી દીધી છે. આ પીઆઈએલ સુરજીત સિંહ યાદવ નામના વ્યક્તિ દ્વારા હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવી છે. અરજીમાં કહેવામાં આવ્યું છે કે, અરવિંદ કેજરીવાલ મુખ્યમંત્રી પદ પર ચાલુ રહેવાને કારણે કાયદો અને ન્યાયની પ્રક્રિયામાં અવરોધ આવશે અને દિલ્હીમાં બંધારણીય વ્યવસ્થા તૂટવાનો પણ ભય છે.

અરજીને ફગાવી દેતા હાઈકોર્ટે કહ્યું કે, એવી કોઈ બંધારણીય જવાબદારી નથી કે અરવિંદ કેજરીવાલ તેમના પદ પર ચાલુ ન રહી શકે. હાઈકોર્ટે કહ્યું કે, આ કાર્યપાલિકા સાથે જોડાયેલો મામલો છે, દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર આ મામલાને જોશે અને પછી તે રાષ્ટ્રપતિને મોકલશે.

50
40
30
20
10

૩ રાજ્યોમાં આકરો તાપ તો અન્યમાં વરસાદની આગાહી

નવીદિલ્હી,તા.૨૮

માર્ચ મહિનાના અંતિમ દિવસોમાં સૂર્યનો તાપ આકરો બન્યો છે અને દેશમાં આકરી ગરમીનો સમયગાળો પણ શરૂ થયો છે. જોકે રાહતની વાત એ છે કે ઘણા રાજ્યોમાં વરસાદની શક્યતા છે. હવામાન વિભાગે ભારે પવન સાથે વરસાદની આગાહી કરી છે. વાસ્તવમાં, ૨૯ માર્ચથી પશ્ચિમ હિમાલયન ક્ષેત્રને તાજા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર થવાની સંભાવના છે. સ્કાયમેટ વેધરના અહેવાલ મુજબ, પૂર્વોત્તર ભારત અને સિક્કિમમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. પશ્ચિમ હિમાલય ઉપર હળવા વરસાદ સાથે થોડો મધ્યમ વરસાદ પડી શકે છે. તે જ સમયે, પશ્ચિમ હિમાલયના ઉપરના વિસ્તારોમાં હળવી હિમવર્ષા થવાની સંભાવના છે, જ્યારે પંજાબ, હરિયાણા અને દિલ્હીના કેટલાક ભાગોમાં છૂટાછવાયા હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે.

રાજકીય દબાણને કારણે ન્યાયતંત્ર જોખમમાં : ૬૦૦ વકીલોએ સીજેઆઈને પત્ર લખ્યો

નવીદિલ્હી,તા.૨૮

૬૦૦ વકીલોએ સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડને પત્ર લખીને ચિંતા વ્યક્ત કરી છે કે રાજકીય દબાણને કારણે ન્યાયતંત્ર જોખમમાં છે. રાજકીય દબાણથી ન્યાયતંત્રનું રક્ષણ કરવાનું શીર્ષક ધરાવતા આ પત્ર પર વરિષ્ઠ વકીલો હરીશ સાલ્વે, મનન કુમાર મિશ્રા, આદિશ અગ્રવાલ, ચેતન મિત્તલ, પિંકી આનંદ અને સ્વરૂપમા ચતુર્વેદી સહિતના અગ્રણી વકીલોએ હસ્તાક્ષર કર્યા હતા.

તેઓએ ન્યાયતંત્રની અખંડિતતાને નબળી પાડવાનો હેતુ ધરાવતા અમુક હિત જૂથો સામે પગલાં લેવાની માંગ કરી છે. તેમણે કહ્યું કે ખાસ કરીને રાજકીય વ્યક્તિઓ અને ભ્રષ્ટાચારના આરોપો સાથે સંકળાયેલા કેસોમાં ન્યાયતંત્રના ચુકાદાને પ્રભાવિત કરવા દબાણની રણનીતિનો ઉપયોગ કરવામાં આવે છે. આવી ક્રિયાઓ લોકશાહી માળખા માટે નોંધપાત્ર જોખમ ઊભું કરે છે અને ન્યાયિક પ્રણાલીમાં લોકોના વિશ્વાસને નબળો પાડે છે. ઓલ મણિપુર બાર એસોસિએશને ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા ડીવાય ચંદ્રચુડને પત્ર લખીને કહ્યું છે કે ન્યાયતંત્ર પર થતા હુમલાઓ સામે પગલાં લેવાની જરૂર છે.અદાલતો કાયદાના શાસન વિનાના દેશોના સ્તર સુધી મર્યાદિત છે. આ માત્ર ટીકાઓ નથી, તે ન્યાયિક પ્રણાલી પર સીધા પ્રહારો છે. પત્રમાં, તેમણે સુપ્રીમ કોર્ટને ન્યાયતંત્રની અખંડિતતા જાળવવા માટે આ હુમલાઓ સામે રક્ષણાત્મક પગલાં લેવાની વિનંતી કરી. અદાલતી પ્રક્રિયાઓ અને લોકોના ભરોસાને ઠેસ પહોંચાડવા માટે ન્યાયતંત્ર પર પાયાવિહોણા આક્ષેપો કરવામાં આવી રહ્યા છે. એવું લખવામાં આવ્યું છે કે કેટલાક લોકોનો ઉદ્દેશ્ય કોર્ટમાં લોકોના વિશ્વાસને બદનામ કરવાનો અને નબળો પાડવાનો છે.

વકીલોના મતે, જૂથ ન્યાયિક પરિણામોને પ્રભાવિત કરવા માટે દબાણની યુક્તિઓ અપનાવી રહ્યું છે, ખાસ કરીને રાજકીય વ્યક્તિઓ અને ભ્રષ્ટાચારના આરોપો સાથે સંકળાયેલા કેસોમાં તેઓ દલીલ કરે છે કે આ ક્રિયાઓ લોકશાહી માળખાં અને ન્યાયિક પ્રક્રિયાઓમાં મૂકવામાં આવેલા વિશ્વાસ માટે નોંધપાત્ર ખતરો છે.

વકિલોની રજુઆતમાં મોદીએ પણ સુર પૂરાવ્યો

સુપ્રીમ કોર્ટના ઘણા નિર્ણયો લાંબા સમયથી ચર્ચામાં છે. કેટલાક નિર્ણયો શાસક પક્ષને પસંદ આવ્યા છે તો કેટલાક નિર્ણયો વિપક્ષને પસંદ આવ્યા છે. દરમિયાન, તાજેતરમાં સુપ્રીમ કોર્ટ અને દેશના ૬૦૦ થી વધુ વરિષ્ઠ વકીલોએ ભારતના મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડને પત્ર લખીને કહ્યું છે કે ન્યાયતંત્ર જોખમમાં છે અને તેને રાજકીય અને વ્યવસાયિક દબાણથી બચાવવાની જરૂર છે. હવે આ મામલે પીએમ મોદી પણ કૂદી પડ્યા છે. આ પત્રને સમર્થન આપતાં પીએમએ કોંગ્રેસ પર આરોપ લગાવ્યો છે કે બીજાને ડરાવવા એ કોંગ્રેસની જૂની સંસ્કૃતિ છે.

વાસ્તવમાં, આ પત્ર શેર કરતી વખતે, પીએમ મોદીએ સોશિયલ મીડિયા પર લખ્યું હતું કે બીજાને ડરાવવા એ કોંગ્રેસની જૂની સંસ્કૃતિ છે. લગભગ ૫૦ વર્ષ પહેલા તેમણે વધુ સારી ન્યાયતંત્રની વાત

અમરેલી લોકસભા સીટ પર બે લેઉવા પાટીદાર વચ્ચે રસાકસી ભાજપના ભરત સુતરીયા અને કોંગ્રેસના જેની ઠુમ્મર મેદાને

અમરેલી:

લોકસભા ચૂંટણી ૨૦૨૪ને લઈ રાજકીય પક્ષો તેમના ઉમેદવારો મેદાનમાં ઉતારી રહ્યા છે ત્યારે સૌરાષ્ટ્રની અતિ મહત્વની અમરેલી લોકસભા સીટ પર ભાજપના ઉમેદવાર તરીકે ભરત સુતરિયાને જ્યારે કોંગ્રેસના ઉમેદવાર તરીકે જેની ઠુમ્મરની જાહેરાત કરવામાં આવી છે. આમ પણ અમરેલી સૌરાષ્ટ્રના રાજકારણમાં એપીસેન્ટર બની રહ્યું છે.અમરેલી સીટ લેઉવા પાટીદાર સમાજનો ગઢ છે. આ સીટ પર કોણ મેદાન મારી જશે તે તો ૪ જૂને જ્યારે પરિણામ જાહેર થશે ત્યાર બાદ જ ખબર પડશે પણ આ સીટ પર જબરદસ્ત રસાકસી જોવા મળશે તેવું તો રાજકીય પંડિતો પણ માની રહ્યા છે.

અમરેલી લોકસભા બેઠકમાં વિધાનસભાની સાત બેઠકનો સમાવેશ થાય છે. આ વિધાનસભા બેઠકમાં ધારી, અમરેલી, સાવરકુંડલા, રાજુલા, મહુવા અને ગારિયાધાર બેઠકનો સમાવેશ થાય છે. આમ તો અમરેલી જિલ્લાની વિધાનસભા બેઠક પર કોંગ્રેસનું સારુ પ્રભુત્વ હતુ.પરંતુ ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં પરીણામે કોંગ્રેસને મોટો ઝટકો આપ્યો હતો. અમરેલી લોકસભા બેઠકમાં આવેલી વિધાનસભા બેઠકો મોટા ભાગે ભાજપના હસ્તક છે.અમરેલી બેઠક પર પાટીદારોનું પ્રભુત્વ છે. અમરેલીના લોકો સુરતમાં હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલા છે. આ ઉપરાંત અહીં ખેતી સૌથી મોટો વ્યવસાય છે. ખેતી સાથે સંકળાયેલો તેલની મીલોનો ઉદ્યોગ પણ આ વિસ્તારમાં ધમધમે છે. પાટીદાર અનામત આંદોલન સમયે અમરેલી સૌથી વધુ સક્રિય રહ્યું હતું.આ કારણે જ ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીને અમરેલી અને સૌરાષ્ટ્ર વિસ્તારમાં મોટું નુકસાન ભોગવવું પડ્યું હતું. જો કે વર્ષ ૨૦૨૨માં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે સારૂ પ્રદર્શન કર્યું હતું. આ વિસ્તારમાં પાક વીમાની સમસ્યાઓ, ખેતરમાં પાણીની સમસ્યાઓ, વિજળીની સમસ્યાઓ સહિતના મુદ્દે ખેડૂતોમાં ભાજપ સામે રોષ છે.અમરેલી લોકસભા બેઠક પર વર્ષ ૧૯૫૭થી ૨૦૧૯ સુધીમાં ૧૬ ચૂંટણી યોજાઈ છે, જેમાં ૮ વાર કોંગ્રેસ, ૭ વાર ભાજપ અને ૧ વાર જનતાદળના ઉમેદવારની જીત થઈ છે. છેલ્લી ત્રણ ટર્મથી અહીં ભાજપના નારણ કાછડિયા વિજેતા બનતા આવ્યા છે, જો કે ભાજપે આ વખતે તેમનું પત્તુ કાપીને ભરત સુતરિયાને ટિકિટ આપી છે.

વિકાસ અધિકારીના અધ્યક્ષ સ્થાને 'યુથ વોટર ફેસ્ટિવલ' યોજાયો

CVIGIL એપ પર આવતી ચૂંટણીને લગતી કોઈ પણ ફરિયાદની ૧૦૦ મિનિટમાં કાર્યવાહી થશે: જિલ્લા ચૂંટણી અધિકારી

અમરેલી: સિસ્ટેમેટીક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસિપેશન (SVEEP) અને ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન (TIP) અંતર્ગત અમરેલી જિલ્લામાં યુવાન મતદારો અને પ્રથમ વખત મતદાન કરનારા મતદારોમાં મતદાન અંગેની જાગૃત્તિ પ્રસરાવવાના હેતુથી અમરેલી જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અમરેલી સ્થિત મેડિકલ કોલેજના ઓડિટોરિયમમાં અમરેલી જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી-અને જિલ્લા કલેક્ટરશ્રી અજય દહિયાના અધ્યક્ષ સ્થાને તેમજ ખર્ચ નોડલ અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી પરિમલ પંડ્યાની પ્રેરક ઉપસ્થિતિમાં 'યુથ વોટર ફેસ્ટિવલ' યોજાયો હતો.

અમરેલી જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને જિલ્લા કલેક્ટરશ્રી અજય દહિયાએ, અમરેલી જિલ્લા ચૂંટણી તંત્રની કામગીરી તેમજ મતદાન પ્રક્રિયા પૂર્વ તંત્ર દ્વારા કરવામાં આવતી વિવિધ કામગીરી અંગે વિદ્યાર્થીઓને વિગતો સાથે માર્ગદર્શન આપ્યુ હતુ. ચૂંટણી જાહેર થતાંની સાથે આદર્શ આચાર સંહિતા અમલી બને છે અને કેટલીક બાબતો પ્રતિબંધિત હોય છે. આ દરમિયાન કોઈ પણ નાગરિકને ચૂંટણી અંગે કે ઉમેદવાર કે આદર્શ આચાર સંહિતના ભંગ અંગે ફરિયાદ કરવી હોય તો ઝફૈૈં એપ પર ફરિયાદ કરી શકે છે, જિલ્લા ચૂંટણી તંત્રની ટીમ ૧૦૦ મિનિટમાં સ્થળ પર આવી અને ફરિયાદનો નિકાલ કરશે. આ ઉપરાંત મતદાન, મતદાર કાર્ડ કે અન્ય કોઈ પણ બાબતની પૂછપરછ કે માહિતી માટે નાગરિકો ટોલ ફ્રી નંબર ૧૯૫૦ પર પણ ફોન કરી અને જિલ્લા કંટ્રોલ રુમમાંથી માહિતી મેળવી શકે છે.

તેમણે ઉમેર્યુ કે, મતદાર યાદીમાં નામ હોય તો મતદારોને ચૂંટણી કાર્ડ સિવાય, ડ્રાઈવીંગ લાયસન્સ સહિતના અન્ય દસ્તાવેજો લઇ જઈને પણ મતદાન કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. તેમણે યુવાનોને મતદાન જાગૃત્તિના એમ્બેસેડર બની વધુમાં વધુ મતદાન થાય તેના માટે પ્રવૃત્તિઓ હાથ ધરવા અનુરોધ કર્યો હતો. માત્ર આ જ નહિ પરંતુ ભવિષ્યમાં યોજાનાર દરેક ચૂંટણીમાં મતદાન કરી મતદાર તરીકેને ફરજ નિભાવવા તેમણે યુવા મતદારોને સૂચન કર્યુ હતુ.

અમરેલી જિલ્લામાં મતદાનની ટકાવારી વધે અને મતદારો ઉત્સાહપૂર્વક મતદાન પ્રક્રિયાનો ભાગ બને તે માટે યોજાયેલા આ જાગૃત્તિ કાર્યક્રમમાં ખર્ચ નોડલ અને અમરેલી જિલ્લા વિકાસ અધિકારીશ્રી પરિમલ પંડ્યાએ જીફઈઈં અનેં અંતર્ગત ૧૪-અમરેલી લોકસભા મતવિસ્તારમાં યોજાઈ રહેલી પ્રવૃત્તિઓ અંગેની વિગતો આપી હતી. તેમણે કહ્યુ કે, ગત લોકસભાની ચૂંટણીમાં અમરેલી જિલ્લામાં ઘણા બુથ પર પુરુષ મતદારો કરતાં મહિલા મતદારોનું મતદાન ઓછું હતું. કેટલાક બુથ પર ૫૦ ટકાથી ઓછું મતદાન હતું ત્યારે આ લોકસભાની ચૂંટણીમાં દરેક બુથ પર મહિલા-પુરુષના મતદારોનું મતદાન સમાન ટકાવારીમાં થાય અને તમામ બુથ પર ૫૦ ટકા કરતાં વધુ મતદાન થાય તેમજ અમરેલી જિલ્લામાં ગત ચૂંટણીમાં થયેલા મતદાન કરતા આ ચૂંટણીમાં અમરેલી જિલ્લાનું મતદાન વધે તેવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. યુવાનોએ પોતાની ફરજ અદા કરી અને પરિવાર, મિત્રો અને પરિચિત સહિતનાઓને પણ મતદાનનું મહત્વ સમજાવી મતદાન કરવા અંગે જાગૃત્ત કરવા જોઈએ.ચૂંટણી પંચ દ્વારા મતદાન જાગૃત્તિ અંગે તૈયાર કરવામાં આવેલી ફિલ્મો પણ આ કાર્યક્રમમાં દર્શાવવામાં આવી હતી. જિલ્લા કલેક્ટરશ્રી સહિતના મહાનુભાવો અને યુવા મતદારોએ મતદાન માટેના શપથ લીધા હત. આ તકે મતદાન જાગૃત્તિ સિગ્નેચર કેમ્પેઈન પણ યોજાયું હતું. કાર્યક્રમના પ્રારંભે અમરેલી શહેરની વિવિધ શાળાના વિદ્યાર્થીઓ-વિદ્યાર્થિનિઓ દ્વારા સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. યુવા મતદાર ઓમ પાઠક અને અમિષા પટેલીયાએ યુવા મતદારોને મતદાન જાગૃત્તિ અંગેના તેમના વિચારો વ્યક્ત કર્યા હતા.

ધુળેટીના દિવસે ખુની હુમલો કરનાર સામે કડક કાર્યવાહી કરો

ન્યાય આપવા ગ્રામજનોની પ્રાંત કચેરી ખાતે રજુઆત

કૈલેશ ભટ્ટ ઉના:

ઉનાના એલમપુર ગામમાં બે દિવસ પહેલા નવ શખ્સો દ્વારા મહીલા સહીત પાંચથી વધુ વ્યક્તિઓ પર જીવલેણ હથિયારો વડે ખૂની હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી હતી. આ મારામારીની ઘટનામાં મદદગારી કરનાર મુખ્ય શખ્સો તેમજ અન્ય આરોપી પકડાયેલ ન હોય તેને પકડી કડકમાં કડક સજા કરવા અને ભોગ બનનારને ન્યાય મળે તેવી માંગ સાથે મહીલાઓ સહીત ગ્રામજનો મોટી સંખ્યામાં પ્રાંત કચેરી ખાતે લેખીત રજુઆત કરી હતી. ઈજાગ્રસ્ત યુવાનના ભાઈએ જણાવેલ હતું કે મારા ભાઈ પર છરીથી હુમલો કર્યો હતો ત્યારે મારા ભાભી પ્રેગનેટ હોવા છતાં પટું મારી પછાડી દીધેલ હતા. અને ગામમાં હજુ પણ ધાકધમકી આપે છે આવા શખ્સો સામે કડક કાર્યવાહી કરી અમને ન્યાય મળે તેવી માંગ કરી હતી.આ અંગે રજુઆત મૂજબ તા. ૨૫માર્ચના રોજ ઉનાના એલમપુરમાં લોખંડના પાઈપ, તલવારો, છરીઓ, ધારીયાઓ, ધોકા જેવા હથીયારો લઈને ખુની હુમલાઓ કરેલ જેમાં બે વ્યક્તિઓને છરી તથા તલવાર મારી દીધેલ જેવો હોસ્પીટલમાં સારવાર હેઠળ છે. આ શખ્સો અવાર નવાર જેમ ફાવે તેવી બિભત્સ ગાળો બોલે છે. અને અન્ય વ્યકિતઓ પણ મારી નાખવાની ધમકી આપતા હોય જેમાં અક્ષય નાનુ મકવાણા, કરશન મેણસી મકવાણા, મનસુખ નાનુ મકવાણા, અશ્વિન નાનુ મકવાણા, જયેશ રમેશ મકવાણા, જયેશ મેણસી મકવાણા, દિપક કાના મકવાણા, કલ્પેશ ખોડુ મકવાણા, મેણસી પીઠા મકવાણા આ તમામ લોકોએ અમારા ગામમાં આંતક મચાવી દીધેલ છે. આ તમામ શખ્સોને મદદગારી કરનારાઓ અને મેઈન સુત્રધારો તરીકે નાનુ પીઠા મકવાણા, ખોડુ પીઠા મકવાણા, નાનજી ભીમા મકવાણા દ્વારા તમામ આરોપીઓને મદદગારી કરી હથીયારો પુરા પડેલ હોય અન્ય બાકી રહેતા આરોપીઓને પણ પકડવા અને તેઓને કડક સજા કરવા એલમપુર ગામના લોકોએ માંગ કરેલ છે.

તેમજ આ અગાઉ ગઈ તા. ૨૦ ફેબ્રુ.ના રોજ એસ.પી, પી.આઈ. ને લેખીતમાં અરજી આપી આ શખ્સો સામે કાયદેસર કાર્યવાહી કરવા માંગ કરી હતી. આ બનાવના વખતે ગામના સરપંચ પણ હાજર હોય આ બનાવ પોલીસની હાજરીમાં સરપંચનો કાંઠલો પકડેલ અને ગાળો કાઢી હુમલો પણ કરેલ છે. પુર્વ સરપંચ રમેશભાઈ બાંભણીયાને અગાઉ પણ જાહેરમાં ભાવેશ મેણસી મકવાણાએ માર મારેલ હતો. હુમલો કરનારાઓ માથાભારે, ઝનુની સ્વભાવના અને મોટી રાજકીય વગ ધરાવનારા હોય અને તેઓને મદદગારી કરનારાઓને પકડી કડક સજા કરવામાં આવે જેથી આવા કૃત્યો કરતા અટકે એવી માંગ સાથે ગ્રામજનો દ્વારા પ્રાંત કચેરી ખાતે લેખિત રજૂઆત કરેલ છે.

અમરેલી એ.આર.ટી.ઓ દ્વારાવાહનોની નવી સિરીઝ માટે ઈ-ઓકશન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે

અમરેલી: અમરેલી એ.આર.ટી.ઓ. દ્વારા મોટર સાયકલ માટેની માટેની નવી સિરીઝ GJ 14 AN, AQ, AR, AS, BB, BC, BE, BF 0001 થી ૯૯૯૯ માટે અને મોટર કારની નવી સિરીઝ GJ 14 AP, BA, BD, 0001થી ૯૯૯૯ ઈ-ઓકશન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ઈ-ઓકશન માટે ઓનલાઈન અરજી તા.૦૪.૦૪. ૨૦૨૪ સાંજે ૪ વાગ્યા થી તા.૦૬.૦૪.૨૦૨૪ સાંજે ૪ વાગ્યા સુધીમાં કરી શકાશે. બિડિંગ સમયગાળો તા.૦૬.૦૪.૨૦૨૪ થી તા.૦૮.૦૪.૨૦૨૪ સુધી રહેશે. ઈ-ઓકશનનું પરિણામ તા.૦૮.૦૪.૨૦૨૪ના રોજ જાહેર કરવામાં આવશે.

ઓનલાઈન ઈ-ઓકશનમાં ભાગ લેવા માટે અરજદારે http://parivahan.gov.in/parivahan/ પર નોંધણી, યુઝર આઈ.ડી.પાસવર્ડ તૈયાર કરવા અને હરાજી,યૂ કવણુ કરવું, વાહન નંબર મેળવવા સહિતની પ્રક્રિયામાં ભાગ લેવાનો રહેશે. વાહન ખરીદીના સાત દિવસની અંદર ઓનલાઈન સી.એન.એ. ફોર્મ ભરવાનું રહેશે. અરજદારે અરજી પ્રક્રિયા પૂર્ણ થયાના પાંચ દિવસમાં નાણા જમા કરાવવા. અરજદાર જો નિયત સમય મર્યાદામાં નાણાં ચૂકવવામાં નિષ્ફળ જાય તો મૂળ ભરેલી રકમને જપ્ત કરી ફરીવાર હરાજી કરવાની રહેશે. આર.બી.આઈ. દ્વારા નક્કી કરવામાં આવેલ દરે ઓનલાઈન ઈ-ઓકશનમાં, અરજદારે ચાર્જ ચૂકવવાનો રહેશે. હરાજીની પ્રક્રિયામાં સફળ થયેલા અરજદારને સફળ ગણી બાકીના નાણાં દિન-૫ (પાંચ) માં ભરપાઈ કરવા માટે એસ.એમ.એસ. કે ઈ-મેઈલથી જણાવવામાં આવશે. હાલની મેન્યુઅલ પદ્ધતિ પ્રમાણે નાણા પરત કરવાના રહેશે એટલે કે નેટ બેંકિંગ, ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડથી રકમનું ચૂકવણું કર્યું હોય તે જ મોડથી નાણાં અરજદારના એમ.આઈ.એસ.થી સફળ અને નિષ્ફળ વ્યવહારની ખાતરી કરી તે અંગેની જાણ બેંકને કરવાની રહેશે. ઈ-ઓકશનમાં ભાગ લેવા માટેનો વીડિયો યુ ટ્યુબમાં ઈ-ઓકશન, આર.ટી.ઓ ગુજરાત સર્ચ કરવાથી મેળવી શકાશે. ઈનવોઈસ અથવા વિમાની તારીખ બેમાંથી જે વહેલા હોય તે તારીખથી સાત દિવસ થતા હોય તેવા વાહન માલિકો જ ઓકશનમાં ભાગ લઈ શકશે તેમ અમરેલી સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીએ એક યાદીમાં જણાવ્યું છે.

RTE અંતર્ગત પ્રવેશ મેળવવા વેબપોર્ટલ પર ઓનલાઈન અરજી હવે તા.૩૦ માર્ચ સુધી કરી શકાશે

અમરેલી:

RTE પ્રવેશ પ્રક્રિયા (વર્ષ ૨૦૨૪-૨૫) અંતર્ગત પ્રવેશ મેળવવા માંગતા હોય તેવા ઈચ્છુક અરજદારશ્રીઓએ ઓનલાઈન અરજી કરવાની રહે છે તે અરજી કરવાની નિયત સમયમર્યાદામાં તા.૩૦ માર્ચ, ૨૦૨૪ સુધી વધારો કરવામાં આવ્યો છે. નબળા અને વંચિત જૂથનાં બાળકોને બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫નાં જૂન માસથી શરુ થતાં નવા સત્ર અન્વયે ધોરણ-૧માં વિનામુલ્યે પ્રવેશ મળી શકે તે માટે RTE ACT-૨૦૦૯ની કલમ ૧૨.૧ (સી) હેઠળની કાર્યવાહી અંતર્ગત https://rte.orpgujarat.com/ પર ઓનલાઈન અરજી કરવાની મુદ્દતમાં વધારો કરવામાં આવ્યો છે. અગાઉ આ અરજી તા.૨૬/૦૩/૨૦૨૪ સુધીમાં કરવાની હતી તે હવે તા.૩૦ માર્ચ, ૨૦૨૪ના રોજ રાત્રે ૧૨ વાગ્યા સુધી કરી શકાશે. જાહેર રજાઓના સમયગાળા દરમિયાન અરજદારશ્રીઓને આવક, જાતિના દાખલા સહિતના જરુરી આધાર મેળવવામાં સરળતા રહે અને વિવિધ માધ્યમો થકી જિલ્લા કક્ષાએ તથા રાજ્ય કક્ષાએ ઈઈ હેઠળ પ્રવેશ મેળવવા અર્થે અરજી કરવાની સમયમર્યાદા વધારવા અંગેની રજૂઆત પ્રાથમિક શિક્ષણ કચેરી, નિયામકશ્રીને મળી હતી. અરજદારોએ તા.૩૦/૦૩/૨૦૨૪ સુધીમાં ઓનલાઈન વેબપોર્ટલ https://rte.orpgujarat.com/ પર જઈ અરજી કરવી, તેમ અમરેલી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

દિવ્યાંગ મતદારોના પ્રશ્નો, સમસ્યાના ઉકેલ માટે મતદાર હેલ્પલાઈન નંબર કાર્યરત

(અતુલ કારિયા) અમરેલી:

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪માં જિલ્લાના દિવ્યાંગ મતદારોની સહભાગિતા વધે, તેમના પ્રશ્નો, સમસ્યાના ઉકેલ માટે દિવ્યાંગ મતદાતાઓ માટેના નોડલ અને અમરેલી જિલ્લા સમાજ સુરક્ષા કચેરીના અધિકારીશ્રી દિવ્યાંગ મતદારોને મતદાન માટેની સગવડો મળી રહે તે માટે કાર્યરત છે. અમરેલી જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટરશ્રીના માર્ગદર્શન તેમજ સૂચનાથી અમરેલી જિલ્લામાં દિવ્યાંગ મતદારો માટે હેલ્પલાઈન કાર્યરત છે. જિલ્લાના દિવ્યાંગ મતદારો કચેરી સમય દરમિયાન ટેલિફોન નં. (૦૨૭૯૨) ૨૨૩૦૨૯ પર સંપર્ક કરી માર્ગદર્શન પ્રાપ્ત કરી શકશે, તેમ દિવ્યાંગ મતદાતાઓના નોડલ અને અમરેલી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી દ્વારા એક યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

બગસરાના બાલાપુર ગામે પાક ધિરાણની રકમ ભરવાની ચિંતામાં ખેડૂતે મોત વ્હાલું કર્યું

અમરેલી:

બગસરાના બાલાપુર ગામે પત્નીના વિયોગ અને પાક ધિરાણની રકમ ભરવાની ચિંતામાં એક ખેડૂતે ઝેરી દવા પી લેતાં તેનું મોત થયું હતું. આ અંગે ભાવેશભાઈ સવજીભાઈ સાગઠીયા (ઉ.વ.૩૯)એ જાહેર કર્યા મુજબ, તેમના માતા આશરે ત્રણ મહિના પહેલા મરણ પામ્યા હતા. તેનો વિયોગ અને પાક નિષ્ફળ ગયો હોવાથી તેમજ પાક ધિરાણની રકમ ભરવાની હોય તે વાતની ચિંતા થતાં લાગી આવતાં ઝેરી પાવડર પી લીધો હતો. જેના કારણે મોત થયું હતું. બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ.એચ.મિંગ વધુ તપાસ કરી રહ્યા છે.

બાબરામાં જાહેરમાં તીનપત્તી રમતી પાંચ મહિલાઓ ઝડપાઈ

બાબરામાંથી પોલીસે જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતી પાંચ મહિલાને રોકડા ૧૨,૧૭૦ રૂપિયાના મુદ્દામાલ સાથે ઝડપી ધોરણસરની કાર્યવાહી કરી હતી.બાબરામાં પાંચ પરિણીતાઓ પુરૂષોની જેમજ જાહેરમાં પૈસાથી હારજીતનો તીનપત્તીનો જુગાર રમતાં રોકડા ૧૨,૧૭૦ સાથે ઝડપાઈ હતી.બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી.કે. પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.

ચૂંટણીના આયોજન અંગે જાણવા જેવી માહિતી:ચૂંટણીપંચનું માઇક્રો પ્લાનર: છ માસ અગાઉથી જ ૧૫૫ મુદ્દાઓ સાથે ચૂંટણીની તૈયારીઓ શરૂ થઈ જાય છે

ચૂંટણી એ લોકશાહીનો આધારસ્તંભ છે. લોકશાહીમાં દરેક પુખ્ત નાગરિક ચૂંટણી લડી પણ શકે છે અને પોતે ઈચ્છે તે પક્ષના કે સ્વતંત્ર ઉમેદવારને પોતાનો પવિત્ર મત આપી શકે છે. સામાન્ય રીતે કેન્દ્રીય ચૂંટણીપંચ ચૂંટણીની જાહેરાત કરે ત્યારથી પ્રત્યક્ષ રીતે ચૂંટણી પ્રક્રિયાનો ધમધમાટ જોવા મળતો હોય છે. જો કે મુક્ત અને ન્યાયી અને પારદર્શી વાતાવરણમાં ચૂંટણી યોજવા અને સમગ્ર ચૂંટણી પ્રક્રિયાના સુચારુ અને સરળ સંચાલન માટે ચૂંટણીતંત્ર દ્વારા છ મહિના કરતાં વધુ સમય અગાઉથી વિવિધ પ્રક્રિયાઓની શરૂઆત થઈ જતી હોય છે. કઈ કામગીરી, ક્યારે કરવી તેનું ચોક્કસ-નક્કર આયોજન હોય છે.

મુક્ત અને ન્યાયી વાતાવરણમાં લોકસભા બેઠકની ચૂંટણી યોજવા જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી પ્રભવ જોશીના નેતૃત્વમાં, તથા અધિક જિલ્લાના અધિક ચૂંટણી અધિકારી શ્રી એન.કે.મુછારની રાહબરીમાં સમગ્ર ચૂંટણી તંત્ર સુવ્યવસ્થિત આયોજન સાથે કામ કરી રહ્યું છે.

મહત્વનું છે કે, ચૂંટણી પ્રક્રિયા સરળતાથી યોજી શકાય, દરેક નાગરિક પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને ઉમેદવારને પસંદ કરી શકે, જયારે ચૂંટણી લડવા ઈચ્છુક ઉમેદવારો પોતે ચૂંટણી લડી શકે તેમજ ચૂંટણી પ્રક્રિયા સાથે જોડાયેલા અધિકારીઓ, કર્મચારીઓ પણ અસરકારક રીતે ચૂંટણી ફરજ બજાવી શકે તે માટે કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા એક સુવ્યવસ્થિત માઇક્રો ઈલેક્શન પ્લાનર તૈયાર કરવામાં આવ્યું છે. દરેક જિલ્લાના ચૂંટણી અધિકારીઓની કચેરીમાં આ ઈલેક્શન પ્લાનર મુકવામાં આવે છે.

છ મહિના કરતાં અગાઉ મુદ્દા નંબર ૧ અને બે પર કામગીરી થાય છે. જેમાં કે.એ.પી. (નોલેજ, એટિટ્યૂ,ડ, પ્રેક્ટિસ)નો સર્વે કરવાનો હોય છે. જે ચૂંટણીની આદર્શ તારીખના ૩૦૦ દિવસ અગાઉથી લઈને ૨૧૦ દિવસ સુધીમાં એટલે કે ૬૧ દિવસમાં પૂર્ણ કરવાની હોય છે. આ સાથે ડેટા બેઝ તૈયાર કરવાની કામગીરી ૩૧ દિવસમાં કરવાની હોય છે.

ચૂંટણીના છ માસ અગાઉ મુદ્દા નંબર-૩થી લઈને ૧૦ પર કામ ચાલે છે. જેમાં અખબાર, ટીવી ચેનલ, રેડિયો, કેબલ ચેનલના સ્ટાન્ડર્ડ રેટ કાર્ડ નક્કી કરવા, ચૂંટણી પ્રક્રિયા સાથે સીધા સંકળાયેલા અધિકારીની બદલી-પોસ્ટિંગ, દિવ્યાંગ મતદારોનું મેપિંગ તથા તેઓ મત આપી શકે તેવી વ્યવસ્થાઓની તૈયારી શરૂ કરવી, ઈ.વી.એમ.,

પાવર પેક, સીલ, ટેગ વગેરેની ખરીદી પ્રક્રિયા શરૂ કરવી, લોકસભા ચૂંટણીના ઈ.વી.એમ.-વી.વી.પેટનું ફર્સ્ટ લેવલનું ચેકિંગ, જિલ્લા ચૂંટણી અધકિારી, રિટર્નિંગ ઓફિસર્સ સહિતના સ્ટાફની તાલીમ, સ્વીપ (સિસ્ટેમેટિક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટિસિપેશન) પ્રવૃત્તિનો આરંભ વગેરેનો સમાવેશ થાય છે.

ચૂંટણીના ચાર માસ અગાઉના સમયગાળામાં મુદ્દા નં-૧૧થી લઈને ૧૪ પર કામગીરી થાય છે. જેમાં રાજ્યની વિધાનસભાની સામાન્ય ચૂંટણીના ઈ.વી.એમ.-વી.વી.પેટનું ફર્સ્ટ લેવલનું ચેકિંગ, ચૂંટણી સ્ટાફની જરૂરિયાત મુજબ આપૂર્તિની કામગીરી, મતદાન મથકોની ભૌતિક ચકાસણી સહિતની કામગીરી કરવામાં આવે છે.

ચૂંટણીના ત્રણ મહિના અગાઉના ગાળામાં મુદ્દા નં-૧૫થી લઈને ૨૪ પર કામગીરી થતી હોય છે. જેમાં સ્વીપ પ્લાનનો અમલ, ઈ.વી.એમ.-વી.વી.પેટ જાગૃતિ કાર્યક્રમ, રાજકીય પક્ષોના પ્રતિનિધિ-ઉમેદવારો સાથે મતદાન મથકો અંગે વિમર્શ, વિવિધ ક્ષેત્રો માટે ટીમની રચના, બજેટ તૈયારી વગેરે કામગીરી કરવામાં આવતી હોય છે. ચૂંટણીના સંભવિત બે માસ અગાઉ કામગીરી ખૂબ વેગ પકડે છે. જેમાં મુદ્દા નં-૨૫થી લઈને ૭૬ મુદ્દા પર કામગીરી ચાલે છે. ચૂંટણી કામગીરી માટે સામગ્રીની ખરીદી-ટેન્ડરિંગ, સ્ટ્રોંગરૂમ કાઉન્ટિંગ સ્થળની પસંદગી, અમલીકરણ એજન્સીના નોડલ અધિકારીઓની તાલીમ, કેમ્પસ એમ્બેસેડર માટે વર્કશોપ, કાયદો-વ્યવસ્થાની બારીક સમીક્ષા તથા સંલગ્ન બાબતો, રિટર્નિંગ ઓફિસરોના સ્તરે તાલીમ, ઈક્મટેક્સ – એક્સાઈઝ અધિકારીઓ સાથે મિટિંગ, એફ.એસ.ટી., એસ.એસ.ટી., વી.એસ.ટી. વગેરેની નિમણૂક, જિલ્લા સ્તરે પોલીસ સ્ટાફની તાલીમ સહિતની કામગીરી થાય છે.

ત્યારબાદ ચૂંટણીના એક માસ અગાઉ મુદ્દા નં-૭૭થી લઈને ૧૪૩ પર કામગીરી કરવામાં આવે છે. જેમાં સોશિયલ મીડિયા મોનિટરિંગ અને સંલગ્ન વ્યવસ્થા, પોલીસ સ્ટાફની પોલીસ મથક સ્તરે તાલીમ, ખર્ચ નિરિક્ષકો દ્વારા તાલીમ, રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની હાજરીમાં ઈ.વી.એમ.-વી.વી.પેટનું પ્રથમ રેન્ડમાઈઝેશન, મતદાન મથકોનું લિસ્ટ તૈયાર કરવું, પોલીસની તપાસ સાથે સ્ટ્રોંગરૂમની પસંદગી કરવી, ચૂંટણી એજન્ટ તથા કાઉન્ટિંગ એજન્ટોની નિમણૂક કરવી, ઓનલાઈન સી-વિજિલને કાર્યરત કરવું, બ્રેઈલ તથા પોસ્ટલ સહિતના બેલેટ પેપર્સનું પ્રિન્ટિંગ, માઈક્રો ઓબ્ઝર્વર્સની તાલીમ, ઈ.વી.એમ.-વી.વી.પેટનું બીજું રેન્ડમાઈઝેશન તથા કમિશનિંગ, સ્ટ્રોંગ રૂમ તૈયાર કરવા સહિત અનેકવિધ કામગીરીઓ થાય છે.

ત્યારબાદ ચૂંટણીના દિવસે મુદ્દા નં-૧૪૪થી લઈને ૧૪૭ પર કામગીરી થાય છે. જેમાં મતદાનના દિવસે દિવ્યાંગ તથા સિનિયર સિટિઝન્સ સરળતાથી મતદાન કરી શકે તે માટે પરિવહન સહિતની વ્યવસ્થા ગોઠવવી, પોલિંગ બૂથ પર અંધજનો મતદાન કરી શકે તે માટે સંબંધિત વ્યવસ્થા ગોઠવવી, ચૂંટણીનું મતદાન પૂર્ણ થયા પછી ઈ.વી.એમ. સ્ટોર કરવા સહિતની કામગીરી થાય છે.

મતદાન પછીના દિવસોમાં મુદ્દા નં-૧૪૮થી લઈને ૧૫૫ પર કામગીરી થાય છે. જેમાં કાઉન્ટિંગ હોલની ગણતરી, પ્રિ-કાઉન્ટિંગ ટેસ્ટિંગ-ડ્રાયરન, ગણતરી, ઈન્ડેક્સ કાર્ડ, ખર્ચ બાબતની કામગીરી, જિલ્લા ચૂંટણી અધિકારીનો સ્ક્રૂટિની રિપોર્ટ સબમિટ, ચીફ ઈલેક્શન ઓફિસરની વેબસાઈટ પર પેઈડ ન્યૂઝનું રિપોર્ટિંગ સહિતની કામગીરી કરવામાં આવે છે. મહત્વનું છે કે, આ તમામ મુદ્દાઓને અલગ અલગ ૨૭ જેટલા કલર કોડિંગમાં વહેંચી દેવામાં આવ્યા છે.

ચૂંટણી તંત્રના આ માઈક્રો મેનેજમેન્ટના લીધે વિશ્વની સૌથી મોટી લોકશાહી એવા ભારત દેશમાં આદર્શ આચારસંહિતાના માહોલમાં ચૂંટણી મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજાય છે અને નાગરિકો ઉત્સાહ સાથે મતદાન કરીને લોકશાહીની પવિત્ર ફરજ અદા કરે છે.

સાવરકુંડલામાં ઝેરી દવા પીતાં પુરુષનું મોત

અમરેલી:સાવરકુંડલામાં રહેતા એક પુરુષે અગમ્ય કારણોસર ઝેરી દવા પીધી હતી. જેને લઈ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેનું મોત નિપજ્યું હતું. બનાવ અંગે પ્રકાશભાઈ ગાંગજીભાઈ બગડા (ઉ.વ.૩૬)એ જાહેર કર્યા મુજબ, દિલીપભાઈ ગાંગજીભાઈ બગડા (ઉ.વ.૪૦)એ બે દિવસ પહેલા અગમ્ય કારણોસર પોતાની મેળે અનાજમાં નાંખવાની ઝેરી દવા પી લીધી હતી. જેને લઈ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેનું મોત નિપજ્યું હતું. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જીતેન્દ્રભાઈ જીવરાજભાઈ રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

મોટર સાયકલ અથડાવી યુવકને માર માર્યો

અમરેલીમાં હઠીલા હનુમાન મંદિર નજીક મોટરસાયકલ અથડાવી ગાળો આપી યુવકને માર મારી ઈજા પહોંચાડી મારી નાખવાની ધમકી આપતા આ બારામાં અમરેલી સીટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવાય છે.યુવકને માર માર્યાની આ ઘટના અમરેલીમાં હઠીલા હનુમાન મંદિર નજીક બની હતી. હનુમાનપરા રોડ ઓમનગર ખાતે રહેતા કાર્તિકભાઈ અતુલભાઈ પંડ્યા ઉંમર વર્ષ ૩૪ નામનો યુવક પોતાનું મોટરસાયકલ લઈને અહીંથી પસાર થઈ રહ્યો હતો.આ દરમિયાન અફઝલ અલારકભાઈ મેતર નામના શખ્સએ તેની સાથે બાઈક અથડાવી બોલાચાલી કરી હતી. આ શખ્સને ગાળો બોલવાની ના પાડતા ઢીકાપાટુનો માર મારી ઈજા પહોંચાડી હતી. તેમજ મારી નાખવાની ધમકી પણ આપી હતી. બનાવ અંગે એ.એસ.આઇ એન. બી. ગોહિલ આગળની તપાસ ચલાવી રહ્યા છે.

રાજકોટમાં ફૂડ શાખાએ લીધેલા વિવિધ ખાદ્ય ચીજોના નમુના સબસ્ટાન્ડર્ડ જાહેર: ૩૯ વેપારીને ૧૮ લાખનો દંડ

એડી. કલેક્ટર ચેતન ગાંધી સમક્ષ ફૂડ એન્ડ સેફટીના કાયદા હેઠળ કેસ ચાલી જતાં દંડનીય કાર્યવાહી

રાજકોટ,

રાજકોટ જિલ્લામાં ફૂડ એન્ડ ડ્રગ્સસવિભાગે લીધેલા આયોડાઈઝ મીઠું, પાણી, કેરીનો રસ, શિખંડ, દૂધના નમૂના વડોદરાની ફૂડ એન્ડ્ ડ્રગ્સ લેબોરેટરીમાં તપાસણી દરમિયાન 'સબ સ્ટાન્ડેર્ડ' જાહેર કરવામાં આવતા અધિક જિલ્લા કલેકટર સમક્ષ ફૂડ એન્ડ સેફટીના કાયદા હેઠળ કેસ ચલાવવામાં આવ્યા હતા જેમાં મીઠું, પાણીના ૫ ઉત્પાદકો સહિત ૩૯ વેપારીને રૂ. ૧૭.૮૦ લાખનો તગડો દંડ ફટકારવામાં આવ્યોર છે.

રાજકોટ અધિક જિલ્લા કલેકટર ચેતન ગાંધી દ્વારા ફૂડના અલગ-અલગ નવ કેસનું હિયરિંગ હાથ ધરવામાં આવંર હતું. જેમાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે જયાંથી નમૂના લીધા હોય તે વેપારીઓથી લઈને જે-તે વસ્તુના ઉત્પાદકોને હાજર રાખવામાં આવ્યા હતા. જેમાં ૯ કેસમાં ૩૯ વેપારી અને ઉત્પાદકો પર આકરા દંડની તવાઈ ઉતારવામાં આવી હતી. જેમાં આયોડાઈઝ મીઠાના ઉત્પાદક, ગાંધીધામની દિવ્યા સોલ્ટ પ્રા. લિ.ના તમામ ડિરેકટરો, વિશાલ કેમફૂડ ઈન્ડસ્ટ્રીઝ, ભચાઉના ચોપડવા ગામે આવેલી શ્રીરામ કેમફૂડ પ્રા.લિ.ના ભાગીદારો તથા પાણીની બોટલનું ઉત્પાદન કરતા રાજકોટના ગોંડલ રોડ પર આવેલી બ્રિસવેલ બેવરેજીસ અને મોરબીના અમરેલી ખાતે આવેલી આકાશ બવરેજીસનો સમાવેશ થાય છે.

દંડ કરાયો તેમાં મિકસ દૂધનો નમુનો સબસ્ટાન્ડર્ડ થતાં રમેશ વેલજીભાઈ સાટડિયા રૂ. ૧,૦૦,૦૦૦, આયોડાઈઝ સોલ્ટનો સબસ્ટન્ડર્ડ થતાં મંગીલાલ કુમાવત (શ્રીરામ કેમફૂડ પ્રા.લિ.) ને રૂ. ૨૫,૦૦૦ શ્રીરામ કેમફૂડ પ્રા.લિ. રૂ. ૫૦,૦૦૦ તેમજ દિવ્યમ સોલ્ટ પ્રા. લિ., ગાંધીધામ તેમજ કંપનીના તમામ ડિરેકટરોને રૂ. ૫૦ હજારનો દંડ કરાયો છે જેમાં રામલાલ ચૌધરી, મુકેશ ચૌધરી, અનિતા ચૌધરી, લીલી ચૌધરી, કમલા ચૌધરી, મંજૂ ચૌધરીનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત વિશાલ કેમફૂડ ઈન્ડસ્ટ્રીઝ તેમજ કંપનીના ડિરેકટર ભંવર ચૌધરી વિશાલ એમ. ચૌધરી, પંકજ પી. ચૌધરી, મુકેશ આર. ચૌધરીને ૫૦-૫૦ હજારના દંડ ફટકારાયો છે. લુઝ દૂધ વેચતા પરષોત્તમ ખોડાભાઈ ચોવટિયા (મેટોડા) ને રૂ. ૧,૦૦,૦૦૦ પાણીનો નમૂનો સબસ્ટાન્ડર્ડ થતાં બ્રિસવેલ બેવરેજીસ કંપનીને રૂ. બે લાખ અને તેના સંચાલક વ્રજલાલ હરિભાઈ મારડિયાને રૂ. ૧,૦૦,૦૦૦ પાણી વેચતા અલ્પેશ પ્રતાપભાઈ જોશીને રૂ. ૫૦,૦૦૦ ઉધરેજા અનિલકુમાર બાબુલાલને રૂ. ૧,૦૦,૦૦૦ તેમજ આકાશ બ્રેવરેજીસ અમરેલી તા. મોરબીને રૂ. ૨,૦૦,૦૦૦ તથા રાજભોગ શિખંડનો નમૂનો સબ સ્ટાન્ડર્ડ થતા મહેશ શિવલાલ મોલિયાને રૂ. ૫૦,૦૦૦ અને કેરીનો રસ પણ ગુણવતા યુકત ન હોવાથી સંજય વસંતલાલ ગાવાને રૂ. ૫૦,૦૦૦ તેમજ સુરેશ પોપટભાઈ રૈયાણીને રૂ. ૭૫,૦૦૦નો દંડ ફટકારાયો છે.

રાજકોટમાં બેભાન થવાના બે બનાવોમાં વૃધ્ધી-યુવાનના મોત નિપજ્યા

રાજકોટ,

રાજકોટના રૈયા રોડ પર ીશવાજી પાર્ક સમિતી એપાર્ટમેન્ટમાં રહેતાં શશીકલાદેવી ભાગવત શર્મા (ઉ.વ.૭૦) રાતે ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ દમ તોડી દેતાં પરિવારમાં શોક છવાઈ ગયો હતો. બિમારીથી મૃત્યુ થયાનું જણાવાયું હતું.

બીજા બનાવમાં ગીંધગ્રામ ધરમનગર આવાસ યોજના ક્વાર્ટર બી-૨૩/૬૭૭માં રહેતાં ભાવીનભાઈ જીવનદાસ રાજયમગુરૂ (ઉ.વ.૪૨)ને કેન્સરની બિમારી હોઇ ઘરે બેભાન થઈ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ)થતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. હોસ્પિટલ ચોકીના રામશીભાઈ વરૂ, સોનલબેન ચાવડાએ ગાંધીગ્રામ અને યુનિવર્સિટી પોલીસને જાણ કરી હતી.

રાજકોટમાં ૧૬ બંધ મકાનો તાળાં તોડી ચોરી કરનાર બે શખ્સોને ક્રાઈમ બ્રાંચે દબોચ્યા

મકાનોમાં હાથફેરો કરી નેપાળ, મુંબઈ, બેંગ્લોર મોજશોખ કરવા ભાગી જતાં હતાં : રિમાન્ડની તજવીજ

રાજકોટ,

રાજકોટ શહેર અઢી વર્ષમાં રાજકોટ શહેરમાં ૧૬ મકાનોના તાળા તોડી ચોરીઓ કરનાર બે નેપાળી તસ્કરોને ક્રાઈમ બ્રાંચે ઝડપી લઈ ઘરફોડ ચોરીના ભેદ ઉકેલ્યા છે.

ક્રાઈમ બ્રાંચની ટીમ હેડકોન્સ. અમીત અગ્રાવત, કિરતસિંહ ઝાલા, કોન્સન. પ્રદિપસિંહ જાડેજાને મળેલી બાતમી પરથી પ્રવિણ બસંત શાહી (ઉ.૩૫-રહે. હુડકો ચોકડી પાસે તિરૂપતી સોસાયટી-૨, મુળ લાલુ ગામ તા. રાનીખેત નેપાળ) તથા ભરત રણબહાદુર શાહી (ઉ.૨૩-રહે. તિરૂપતી સોસાયટી-૪, મુળ માલકોટતા. કુમલ જી. કાલીકોટ નેપાળ)ને કોઠારીયા રોડ તિરૂપતીના પાણીના ટાંકા પાસેથી ચોરીના સાધનો, મોબાઈલ ફોન, રોકડા રૂા. ૧૨૩૦૦ સાથે પકડી આગવીઢબે પૂછપરછ કરતાં બંનેએ ૧૨ જેટલી ચોરીઓ કબુલી હતી.

આ બંને શખ્સા પોતાના વતનના ઓળખીતા લોકો સાથે રહે છે અને શહેરની અલગ અલગ વિસ્તારની સોસાયટીઓમાં, એપાર્ટમેન્ટમાં ચોકીદાર તથા કાર વોશ કરવા જતાં માણસો પાસેથી બંધ મકાનની માહિતી મેળવી રાત્રીના રેકી કરી બંધ મકાનના

તાળા તોડી અંદર પ્રવેશી કબાટ-તિજોરી તોડી રોકડ-દાગીના ચોરી ચોરી કરી નેપાળ, બેંગ્લોરર, મુંબઈ જઈ મોજશોખ કરવા જતાં રહી બાદ ફરી પાછા આવી ચોરી કરવાની ટેવ ધરાવતા હોવાની વિગતો ખૂલી હતી.

આ બંનેએ અઢી વર્ષ દરમિયાન અન્ય શખ્સો સાગરીતો સાથે મળી પત્રકાર સોસાયટી, બીગ બાઝાર પાછળ સાઈનગર, હેલા શ્રેયસ સોસાયટી એરપોર્ટ ફાટક નજીક, વૈશાલીનગર, મહિલા કોલેજ અન્ડર બ્રીજ પાસે, સાધુ વાસવાણી રોડ ત્રિવેણી સોસાયટીમાં, શારદાનગર, સાઈનગર, મોમ્બાસા પાર્કમાં, જલારામ-૨ ઉમીયા ચોકમાં, મોન્ટાબેલા એપાર્ટમેન્ટમાં અને મોરબી સનાળા રોડના મકાનમાં ચોરી કર્યાની કાબલાટ આપતા તેની ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, જેસીપી વિધી ચૌધરી, ડીસીપી ડો. પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી ક્રાઈમ બી. બી. બસીયાની સુચના અનુસાર પીઆઇ એમ.આર. ગોંડલીયા, ટીમના પીએસઆઇ એમ. જે. હુણ, એએસઆઇ ઘનશ્યા.મભાઈ મેણીયા, વાલભાઈ ડાભી, હેડકોન્સ. અમિતભાઈ અગ્રાવત, કિરતસિંહ ઝાલા, સંજયભાઈ રૂપાપરા, સુભાષભાઈ ઘોઘારી, કોન્સ. નગીનભાઈ ડાંગર, વાલજીભાઈ જાડા, પ્રદિપસિંહ જાડેજા સહિતે કામગીરી કરી હતી.

આટકોટમાં વૃધ્ધ ખેડૂત ધબકારા થંભી ગયા : એટેકથી મોત

રાજકોટ,

આટકોટ ખેડૂતનું એટેકથી મૃત્યુ થતા અરેરાટી વ્યાપી ગઈ છે. બનાવની પ્રાપ્ત માહિતી મુજબ આટકોટના કૈલાશનગરમાં રહેતા મગનભાઈ નાગજીભાઈ હિરપરા (ઉ.૭૦) ને સવારે ઘરે સુતા હતા ત્યારે છાતીમાં દુઃખાવો ઉપડતા તેમને દવાખાને લઈ જવામાં આવે તે પહેલાં જ તેમનું મૃત્યુ થયું હતું જેના પગલે પરીવારમાં શોકની લાગણી ફેલાઈ છે.

રાજકોટના જુનો મોરબી રોડ બારદાન ગલીમાં વેપારીના ગોડાઉનમાં રૂા. ૩૯ હજારની ચોરી

રાજકોટ,

રાજકોટ જૂનો મોરબી રોડ પર દયાલ મીલ પાછળ બારદાન ગલીમાં આવેલા ગોડાઉનને નિશાન બનાવી તસ્કરો વોટર પેપર તથા કલરના સ્પ્રેનો જથ્થો મળી રૂા. ૩૯,૬૦૦નો મુદ્દામાલ ચોરી જતા ફરિયાદ નોંધાવી છે.

મળતી વિગત મુજબ પારેવડી ચોક સુગર મીલ કમ્પ ઉન્ડ હાતીમી રેસીડેન્સી માં રહેતા મુફદલભાઈ અસગરભાઈ ઓસન (ઉ.વ.૫૩) એ બી ડીવીઝન પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદ જણાવ્યુભ છે. પોતે હાર્ડવેર અને ઈલેકટ્રીકની દુકાન ધરાવે છે. અને જુનો મોરબી રોડ દયાલ મીલ પાછળ પોતાનું ગોડાઉન આવેલ જેમાં કલર એસેસરીઝનો સામાન રાખેલ છે. પરમદિવસે સાંજે ગોડાઉનમાં કામ કરતા યાદવભાઈ ગોડાઉન બંધ કરી તાળુ મારીને ઘરે જતા રહ્યા બાદ ગઈ કાલે સવારે પોતે ગોડાઉને ગયા ત્યાંઉ તાળા ખોલી અંદર જતા કાઉન્ટ્ર ટેબના ખાના ખુલ્લા હતા અને સામાન વેરવિખેર પડેલો હતો. બાજુમાં કબાટ પણ ખુલ્લો હતો તપાસ કરતા ખબર પડે છે પોતાના ગોડાઉનની છતના પતરા થોડા ઉંચા દેખાતા હતા અને પોતે જોયેલ તો પતરાની નીચે ગોડાઉનમાં લોખંડનો ઘોડો પડયા હોય જેથી પોતાને શંકા ગઈ કે આ ઘોડો અહીં કેમ આવી ગયો જેથી પોતે લોખંડના ઘોડા ના ખાનામમાં રાખેલા ૩૩ એમ કંપનીના વોટરપેપર ૨૭૦૦ નંગ કિંમત રૂા. ૩૨,૪૦૦ તથા રૂા. ૭૨૦૦ની કિંમતના સ્પ્રે ના ચાર બોકસ પણ જોવા ન મળતા આવી કોઈ અજાણ્યા૦ શખ્સોન ગોડાઉન છતના પતરા ઉંચકાવી અંદર પ્રવેશ કરી રૂા. ૩૯,૬૦૦૦ની માલમતા ચોરી ગયા હોવાથી ખબર પડી હતી. આ બનાવની જાણ કરતા બી ડીવીઝન પોલીસે ફરિયાદ દાખલ કરતા પીએસઆઈ કે.ડી.મારૂ સહિતના સ્ટાફે કેટલાક શકમંદોને પકડી લઈ પુછપરછ હાથ ધરી છે.

જૂનાગઢ જિલ્લામાં વધુ ૨૯ શરાબીઓ રાજાપાઠમાપકડાયા:લોકઅપનીહવાખાધી

જુનાગઢ,

જુનાગઢ શહેર તેમજ જિલ્લામાં અસામાજિક તત્વો સામે કાર્યવાહી કરવા એસપી હર્ષદ મહેતાએ સૂચના જારી કરતા પોલીસે પ્રોહિબિશન ડ્રાઈવ હાથ ધરી હતી.

આ કાર્યવાહી દરમ્યાન પોલીસે જુનાગઢ શહેર ઉપરાંત બીલખા, ભેસાણ મેંદરડા માણાવદર બાટવા માંગરોળ, ચોરવાડ અને ભવનાથ વિસ્તારમાંથી પોલીસે ૨૯ જેટલા નશાખોરોની અટકાયત કરી તમામની વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

જૂનાગઢનાંખામધ્રોળ રોડ વિસ્તારમાં જુગાર રમતા ૧૨ જુગારી ઝડપાયા

જુનાગઢ,

જુનાગઢ તાલુકા પોલીસ સ્ટેશન હેઠળ આવેલ ખામધ્રોળ રોડ હર્ષદનગરમાં જાહેરમાં જુગાર ખેલતા અસલમભાઈ ઉર્ફે છમીયો ઓસમાણભાઈ સીડા, અરભમ રામભાઈ મોકરીયા, કામિલભાઈ ગનીભાઈ પીરાણી, રફીક જીકરભાઈ ચોટલીયા, સાહિલ ગફારભાઈ ચૌહાણ અને હારુન હનીફભાઈ હાલાને રૃપિયા ૨૭,૪૦૦દ્ગક રોકડ અને ૪ મોબાઈલ ફોન સહિત કુલ રૃપિયા ૩૮,૪૦૦દ્ગકન મુદ્દામાલ સાથે પકડી ધરપકડ કરી હતી.

જૂનાગઢ જિલ્લાના અલગ-અલગ ગુનામાં નાસતા-ફરતા ત્રણ આરોપીઓને પકડાયા

જૂનાગઢ,

જૂનાગઢ રેન્જ,ના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયાની સુચન તેમજ પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાના માર્ગદર્શન હેઠળ જૂનાગઢ જિલ્લાના અલગ-અલગ પોલીસ સ્ટેનશનના ગુન્હાકના નાસતા-ફરતા આરોપીઓને શોધી કાઢી તેઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાની સુચના તેમજ આગામી સમયમાં લોકસભા સામાન્યક ચૂંટણી -૨૦૨૪ યોજાનાર હોય જે અન્વ્યે ડી.જી.પી. ગાંધીનગર દ્વારા

GUJARAT POLICE

નાસતા-ફરતા આરોપીઓને અટક કરવા સારૂ સમગ્ર ગુજરાત રાજયદમાં નાસતા ફરતા આરોપી અટક કરવા ખાસ ઝુંબેશનું આયોજન કરવામાં આવેલ છે.

જેમાં કરણ નાથાભાઈ કોડીયાતર રહે. થાપલા ગામ તા. માણાવદર જી. જૂનાગ, અબુ આરબ કેવર, (ઉ.વ.૫૨) રહે. મુળ ગામ સાંતલપુર તા.વંથલી, હાલ રહે. સુત્રાપાડા જી.ગીર સોમનાથ, જયેશ ભાયાભાઈ ગઢવી (ઉ.વ.૨૬) રહે. જૂનાગઢ, હુડકો પોલીસ લાઇન પાછળની ધરપકડ કરી છે. આ કામગીરીમાં ક્રાઈમ બ્રાન્ચત, જૂનાગઢના, પો.ઈન્સર. જે.જે.પટેલ, પો.સ.ઈ. ડી.કે.ઝાલા, એ.એસ.આઇ પુંજાભાઈ ભારાઈ, વિક્રમભાઈ ચાવડા, પો.હેડ કોન્સ . મહેન્દ્ર ભાઈ ડેર, વનરાજસિંહ ચુડાસમા, પો.કોન્સ . ચેતનસિંહ સોલંકી, પેરોલ ફર્લોસ્કરવોડના પો.હેડ કોન્સૂ. જયદીપભાઈ કનેરીયા, સાહિલ સમા, દિપકભાઈ બડવા, વરજાંગભાઈ બોરીચા સ્ટાલફે કરી હતી.


ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

ગુજરાત કોમન એન્ટરન્સ ટેસ્ટ- 2024

✓ આટલું કરીએ

1. GUJCET-2024ની પરીક્ષાનું Admission Card (Hall Ticket) ડાઉનલોડ કરી તેમાં દર્શાવેલ પરીક્ષાનું સ્થળ (Examination Building) જાણીને તે સ્થળ ક્યાં છે તેની જાણકારી મેળવી લઈએ.
2. Admission Card (Hall Ticket)માં દર્શાવેલ પરીક્ષા સ્થળ અને તમારા નિવાસસ્થાન વચ્ચેનું અંતર અને મુસાફરી માટેના સમયની ગણતરી કરી પરીક્ષા સમય પહેલાં પહોંચવાનું સુનિશ્ચિત કરીએ.
3. Admission Card (Hall Ticket)માં "Important Information for GUJCET (Time Schedule)" ધ્યાને લઈ જે તે વિષય માટે પરીક્ષા શરૂ થવાના અડધો કલાક પહેલાં પરીક્ષાખંડમાં પ્રવેશ મેળવી લેવાનો રહેશે.
4. Admission Card (Hall Ticket)માં આપના ગ્રુપ મુજબના વિષયોની પરીક્ષાનો સમય ધ્યાનમાં રાખશો.
5. પરીક્ષાસ્થળમાં પ્રવેશ માટે Admission Card (Hall Ticket)ની સાથે આધાર કાર્ડ/ડ્રાઈવિંગ લાઈસન્સ/ ધોરણ-12ની મુખ્ય પરીક્ષાનું Admission Card (Hall Ticket) ઓળખના પૂરાવા તરીકે લઈ જવાના રહેશે.
6. OMR Sheet (ઉત્તરપત્રિકા)માં પ્રત્યુત્તર માટેની નિયત જગ્યામાં ફક્ત કાળી શાહીવાળી બૉલપેન વડે ● (વર્તુળ) કરવું.
7. પ્રશ્નપુસ્તિકામાં રફકામ માટે નિયત જગ્યા આપવામાં આવેલ હોય છે, તે જ જગ્યામાં રફકામ કરવું.
8. ગણતરી કરવા માટે સાદું ગણનયંત્ર (સાદું કેલક્યુલેટર) વાપરી શકાશે.
9. જે તે વિષયની પ્રશ્નપુસ્તિકાના મુખ્ય પેજ ઉપર છાપવામાં આવેલ "મહત્વની સૂચનાઓ" ધીરજથી અવશ્ય વાંચીને તે મુજબ અનુસરવું.
10. OMR ઉત્તરપત્રિકાની પાછળના ભાગે પ્રત્યુત્તર આપવા માટેની સૂચનાઓ ધ્યાનથી વાંચીને વિકલ્પ આપવાની સાચી રીત મુજબ કોઈ એક જ વર્તુળમાં કાળી શાહીવાળી બૉલપેનથી વર્તુળ ઘાટું (●) કરવાની પદ્ધતિ અનુસરીએ.

✗ આટલું ન કરીએ

1. પરીક્ષા સ્થળ ખાતે કોઈપણ પ્રકારનું સાહિત્ય, ઇલેક્ટ્રોનિક ગેજેટ, સાયન્ટિફિક કેલ્ક્યુલેટર, સ્માર્ટ વૉચ, મોબાઈલ ફોન વગેરે જેવા ઉપકરણો ન લઈ જઈએ.
2. ઉતાવળમાં ભૂલથી પણ મોબાઈલ ફોન સાથે રહી જાય નહિ તેની ચકાસણી પરીક્ષા સ્થળમાં પ્રવેશતાં પહેલાં કરી લઈએ.
3. OMR ઉત્તરપત્રિકામાં જવાબ માટે વર્તુળ કરવા માટે કાળી શાહીવાળી બૉલપેન સિવાય અન્ય કોઈ પેન કે પેન્સિલનો ઉપયોગ ન કરીએ.

સફળતાની શુભકામનાઓ

સૌરાષ્ટ્ર આજતક
Owner : Leela News Network Pvt. Ltd, Printer & Publishser Komalkant Fakirchand Sharma, On behalaf of Leela News Network Pvt. Ltd. Printed at 2/6 Ghanchiwad, Near jilla Garden, Rajkot Published at Pramukh Swami Arcde, 7th floor, Rajkot.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT) Saurashtra AajTak has no connection or association with Aaj Tak of T.V. Today Network.

સૌરાષ્ટ્ર આજતક

ઉનાળાનો આરંભ અને ઋતુ પરિવર્તનનો પડકાર

ઉનાળાનો આરંભ થઈ ચૂક્યો છે. વહેલી સવાર અને સાંજ ખુશનુમા લાગે છે.પણ બપોર નો સમય ગરમાં ગરમ લાગે છે.

બીજી બાજુ હજી હિમાલય વિસ્તારમાં બરફ પડી રહ્યો છે.કોઈ જગ્યાએ વરસાદ પડે છે.જ્યારે ગુજરાતમાં ગરમી ધીમે ધીમે આક્રી બની રહી છે.

વાતાવરણના ફેરફારો અચાનક થાય છે અચાનક વાદળા બંધાય છે.અને માવઠું થાય તેવી શક્યતા ઊભી થાય છે.આ બધું શા માટે થાય છે આની પાછળ ઋતુ પરિવર્તન જવાબદાર હોવાનું માનવામાં આવે છે પરંતુ ભારતમાં આ વર્ષે અલ નીનો ની ઇફેક્ટ એટલે કે અસર થવાની છે. ભારતમાં માર્ચથી મેના સમયમાં મહત્તમને લઘુતમ તાપમાન સામાન્ય કરતાં વધુ રહેવાની સંભાવના છે જેની અસર ગત સપ્તાહે આપણને જોવા મળી છે આ સમયમાં એટલે હવે પછીના અઠવાડિયાઓમાં ગરમીનું પ્રમાણ વધવાનું છે અને તે ગરમી એક હીટ વેવના રૂપમાં આવશે.

જ્યારે બીજી બાજુ અત્યારે ઉત્તર ભારત હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં બરફ ની વર્ષા થઈ રહી છે અમુક જગ્યાએ તો વરસાદ પડી રહ્યો છે સામાન્ય જનજીવન થપ થઈ ગયું છે હિમાચલ પ્રદેશમાં ને કારણે ૬૫૦ થી વધુ રસ્તાઓ બંધ થઈ ગયા છે તો સામી બાજુ અત્યારે દક્ષિણ ભારતના તેલંગાણામાં મહત્તમ તાપમાન ૩૯ ડિગ્રી સુધી પહોંચ્યું છે માર્ચ મેમાં હીટ વેવના દિવસોની સંખ્યા વધવાની આગાહી કરવામાં આવી છે આને કારણે ગરમ ગરમ વાયરા કે જેને લુ કહેવામાં આવે છે તેને કારણે જનજીવન પ્રભાવિત થશે ઉત્તર પશ્ચિમ અને ઉત્તર પૂર્વ મધ્ય અને દેશના કેટલાક વિસ્તારો સિવાય મોટાભાગના ભારતમાં તાપમાન સામાન્ય કરતાં વધુ રહેશે દેશના કેટલાક ભાગો ખાસ કરીને રાજસ્થાન ગુજરાત મહારાષ્ટ્ર ઉત્તર પ્રદેશ બિહાર ઝારખંડ પશ્ચિમ બંગાળ સહિતના રાજ્યોમાં ગરમીના દિવસો એટલે કે હિટ વેવ વાળા દિવસોની સંખ્યા વધી જવાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે માર્ચ મહિનામાં ઉત્તર અને મધ્ય ભારતમાં હિટ વેવ ની શક્યતા છે મે મહિના પછી સ્થિતિ સામાન્ય બનવાની સંભાવના છે હવામાન વિભાગના વડાએ કહ્યું કે ફેબ્રુઆરીમાં સરેરાશ લઘુતમ તાપમાન ૧૪.૬૧□ નોંધાયું છે જે વર્ષના ૨૦૧૯ પછી ફેબ્રુઆરીમાં બીજું સૌથી નીચું તાપમાન હતું

હાલ સમયમાં એટલે કે ફેબ્રુઆરી ના અંતમાં

ઉત્તર ભારતમાં હિમાચલ પ્રદેશ જમ્મુ કાશ્મીર અને ઉત્તરાખંડના વિસ્તારોમાં વરસાદ ચાલુ હતો. મેદાની વિસ્તારોમાં વરસાદ પડી રહ્યો છે વરસાદ અને હિમવર્ષા ને કારણે હિમાચલના મોટાભાગના વિસ્તારોમાં વીજળી અને પાણીની સુવિધા પહોંચી શકે નથી હિમાચલમાં ઘણા જિલ્લાઓમાં ભૂસ્ખલનની ઘટનાઓ બની છે જેથી નદીના પ્રવાહમાં અવરોધ ઊભા થયા છે રાજ્યમાં ચાલતી હીમ વર્ષા અને વરસાદના કારણે પાંચ રાષ્ટ્રીય હાઇવે સહિત ૬૫૦ થી વધુ રસ્તા બંધ થઈ ગયા હતા. અને સેકડો પ્રવાસીઓ પરેશાન થયા છે સ્થાનિક તંત્ર એ લોકોને સીમલાના પર્વતી વિસ્તારમાં પ્રવાસ નહીં કરવાની સલાહ આપી છે આમ વાતાવરણમાં ભારે મોટા પરિવર્તનો આવી રહ્યા છે આ તમામ પરિવર્તનો ની પાછળ મહાસાગરોના તાપમાનમાં થતા ફેરફારો કારણભૂત છે સમુદ્રના ગરમ અને ઠંડા પાણીના પ્રવાહોને કારણે હવામાન પ્રભાવિત થાય છે આ પ્રવાહોને કારણે અલ નીનો નામની ઇફેક્ટ ઉત્પન્ન થાય છે જેને કારણે વાતાવરણ ની અંદર અસામાન્ય કહી શકાય તેવા ફેરફારો થઈ રહ્યા છે.



ફ્રાઈડે ફોટો સ્ટોરી

- જયદીપ એ. દવે.

બુધેલ પાસે ઊંટનું માલિકને " ગાર્ડ ઓફ ઓનર...!!!

કહેવાય છે કે બાળકો નો વિકાસ માત્ર શાળા પૂરતો જ મર્યાદિત નથી. પ્રાણીઓ સાથે નો બાળકો નો સંપર્ક બાળક નો ભાવનાત્મક, જ્ઞાનાત્મક અને સંવેદના નો વિકાસ કરે છે. દરમ્યાન માં બુધેલ પાસે ડેરો નાખી ને રહેતા ઊંટ પાલકો પૈકી એક મારવાડી નો તરુણ હજુ ઘોડે ચડવા ની (પરણવા ની) ની ઉંમર ના હોય ઊંટ સવારી નો આસ્વાદ માણવા નીકળ્યો ત્યારે રસ્તા માં પોતાના મૂળ માલિક ને જોઈ ગેલ માં આવી ગયેલા ઊંટે એક પગ ઊંચો કરતા જાણે તે તેના માલિક ને ગાર્ડ ઓફ ઓનર આપતો હોય એવું રમુજી દ્રશ્ય સર્જાયું હતું.

કેનેડામાં વરસાદી પાણી પર પણ લાગી શકે છે ટેક્સ?

હુબેઈમાં વર્ષ ૨૦૦૯ દરમિયાન સિગારેટ ન પીવા પર ટેક્સ હતો!!

સ્વીડનમાં બાળકોના નામ માટે સ્વીડિશ ટેક્સ એજન્સીની મંજૂરી લેવી પડે છે. જો આ જન્મના ૫ વર્ષની અંદર કરવામાં ન આવે તો, ભારે દંડ લાદવામાં આવે છે. આ નિયમ લોકોને શાહી નામનો ઉપયોગ કરતા રોકવા માટે બનાવવામાં આવ્યો હતો, જે હજુ પણ અમલમાં છે.

ડેનમાર્ક અને ન્યુઝીલેન્ડમાં ઘણી વખત ગાયોના દફન પર ટેક્સ લગાવવાની વાત થઈ હતી. આ દરખાસ્તનો લગભગ અમલ થવાનો હતો, પરંતુ પશુપાલકોના રોષને કારણે તેને પાછો ખેંચવો પડ્યો હતો. વાસ્તવમાં, ઘણા સંશોધકોનું માનવું છે કે ગાયના બર્પ્સમાં રહેલો મિથેન ગેસ પ્રદૂષણમાં વધારો કરી રહ્યો છે. હવે ટેક્સને બદલે સરકાર એવો ઘાસચારો તૈયાર કરાવી રહી છે, જે ઓછા મિથેનનું ઉત્પાદન કરે છે.

ચીનના હુબેઈમાં વર્ષ ૨૦૦૯ દરમિયાન સિગારેટ ન પીવા પર ટેક્સ ભરવાનો નિયમ હતો. આ મંદી પછીનો સમયગાળો હતો, જ્યાંથી તેને દૂર કરવા માટે ઘણી પદ્ધતિઓ અપનાવવામાં આવી હતી. આ પણ તેમાંથી એક હતું.

વિશેષ

રેઈન ટેક્સ જે લોકોને પરેશાન કરી રહ્યો છે?

નાગરિકો તેઓ જે વસ્તુઓ ખરીદે છે અથવા વાપરે છે તેના પર સતત કર ચૂકવે છે. આમાં નાનાથી મોટા ઉત્પાદનો અને જાહેર સંપત્તિનો પણ સમાવેશ થાય છે હોસ્પિટલો અને રસ્તાઓ પણ આ ટેક્સથી બને છે. પરંતુક્યારેય વરસાદ કર વિશે સાંભળ્યું છે? આવો જ ટેક્સ કેનેડાના ટોરોન્ટોમાં લાગુ થવા જઈ રહ્યો છે. ત્યાંની સરકારી વેબસાઈટ પર આની જાહેરાત કરવામાં આવી છે.ટોરોન્ટો સહિત લગભગ તમામ કેનેડામાં સ્ટોર્મવોટર મેનેજમેન્ટ એક મોટી સમસ્યા છે. છેલ્લા વરસાદમાં દેશની રાજધાની ઓટાવાના રસ્તાઓ પાણીથી ભરાઈ ગયા હતા. લોકોને અગત્યના કામ માટે મુસાફરી કરવી પણ મુશ્કેલ બની ગઈ હતી. આવી સમસ્યાઓ કેનેડામાં વારંવાર જોવા મળે છે. તેને સંભાળવા માટે ત્યાં સ્ટ્રોમ ડ્રેનેજ બનાવવામાં આવી છે. આ એક ખાસ પ્રકારની સિસ્ટમ છે, જેના દ્વારા વધારાનું પાણી, જે જમીન કે વૃક્ષો અને છોડ દ્વારા શોષાય નથી, તે બહાર આવે છે. આ પદ્ધતિ તમામ દેશોમાં અપનાવવામાં આવે છે.

વાસ્તવમાં, રસ્તાઓ, ફૂટપાથ, કાર પાર્કિંગ, મકાનો વગેરે જેવા પાકા વિસ્તારો પર કોંક્રીટના કારણે પાણી તેટલી ઝડપથી સુકાઈ જતું નથી. આ ઓવરફ્લો થાય છે અને રસ્તાઓ પર વહેવા લાગે છે અથવા ગટરોને અવરોધે છે.

કેનેડામાં આ સમસ્યા વધારે છે કારણ કે ત્યાં માત્ર વરસાદ જ નથી પણ ભારે હિમવર્ષા પણ થાય છે. આ બરફ પણ વહેણ પેદા કરે છે. અમે તમને અહીં જણાવી દઈએ કે જ્યારે જમીન શોષી શકે છે તેના કરતા વધુ વરસાદ પડે છે ત્યારે પાણીનો પ્રવાહ દેખાય છે. આનાથી ટોરોન્ટોમાં પૂરની સ્થિતિ જ નથી, પરંતુ જેમ જેમ પાણી નાળાઓ દ્વારા ઘરોમાં પહોંચવાનું શરૂ થાય છે તેમ તેમ પીવાના પાણીની ગુણવત્તા પણ બગડવા લાગે છે.

વહેણને નિયંત્રિત કરવા માટે, ટોરોન્ટો વહીવટીતંત્રે વરસાદી પાણીનો ચાર્જ અને પાણી સેવા ચાર્જ પરામર્શ માટે બોલાવ્યા. વહીવટીતંત્ર તેને તમામ મિલકતો પર લાદી શકે છે, જેમાં રહેણાંક ઈમારતો સિવાય, ઓફિસો, રેસ્ટોરન્ટ્સ જેવી રચનાઓ પણ સામેલ હશે. આ બાબતને લઈને હોબાળો મચી ગયો છે. અત્યારે પણ ટોરોન્ટોના લોકો પાણી પર ટેક્સ ભરે છે. આમાં વરસાદી પાણીના વ્યવસ્થાપનનો ખર્ચ પણ સામેલ છે. હવે નવો ટેક્સ લાદવામાં આવતાં ખાસ કરીને એવી જગ્યાઓ પર રહેતા લોકો પર ભારે ટેક્સ લાદવામાં આવશે જ્યાં પાણીનો પ્રવાહ વધુ હોય. એટલે કે જ્યાં ગીચ વસ્તી છે ત્યાં ઈમારતોને કારણે પાણી સુકાશે નહીં.

અલગ-અલગ વિસ્તારોમાં ટેક્સ અલગ-અલગ હશે. ઉદાહરણ તરીકે, જ્યાં ગાઢ વસાહત છે, ત્યાં કુલ સખત સપાટી જોવા મળશે. આમાં માત્ર ઘર જ નહીં, પણ ડ્રાઈવ વે, પાર્કિંગની જગ્યા અને કોંક્રિટની બનેલી અન્ય વસ્તુઓનો પણ સમાવેશ થાય છે. જે જગ્યાઓ ઓછી ઈમારતો છે, ત્યાં ઓછી દોડધામ થશે, જેનાથી ટેક્સમાં પણ ઘટાડો થશે.

કેનેડામાં વ્યક્તિગત કર કોઈપણ રીતે ખૂબ ઊંચા ગણવામાં આવે છે. ફાઈનાન્શિયલ પોસ્ટના એક રિપોર્ટ અનુસાર, આ દેશ વિશ્વમાં સૌથી વધુ વ્યક્તિગત ટેક્સ ધરાવતા દેશોની શ્રેણીમાં આવે છે, જો કે તેનાથી ઉપર ઘણા દેશો છે. બીજું કારણ એ છે કે હાલમાં રેઈન ટેક્સમાં ઘણી બાબતો સ્પષ્ટ નથી. જેમ કે, જેઓ ભાડાના મકાનમાં રહે છે અથવા જેઓ બેઘર છે તેમનું શું થશે. આ દિવસોમાં, કેનેડા તેની વિદેશ નીતિને લઈને ઘણી વખત મુશ્કેલીમાં છે. આવી સ્થિતિમાં લોકો ચોક્કસપણે ગુસ્સે છે. આ વિચિત્ર ટેક્સને કારણે ગુસ્સો વધુ ભડકી ગયો. સોશિયલ મીડિયા પર લોકો પોતાની નારાજગી દર્શાવી રહ્યા છે. વર્ષ ૨૦૧૭માં પણ કેનેડા સરકારે આ ટેક્સ અંગે વાત કરી હતી. ટોરોન્ટોના મેયર જહોન ટોરીની કમિટીએ પણ આ અંગે મતદાન કર્યું હતું, પરંતુ રેઈન ટેક્સની તરફેણમાં બહુ ઓછું મતદાન થવાને કારણે ટેક્સ લાદી શકાયો ન હતો.

વિશ્વનો દરેક માનવી સુખી થવા જીવનભર સતત દોડતો રહે છે

કઈ રીતે સુખી થવાય તેના રસ્તા માણસ શોધે છે પરંતુ દરેક વ્યક્તિ ધારેલું સુખ નથી મેળવી શકતી કોઈ સંપૂર્ણ સુખી નથી હોતું અમાપ સંપત્તિ હોવા છતાં માણસ કેમ ખુશ નથી ? સુખમાં અંતરાય થાય એવા ઘણા દોષ આપણામાં રહેલા છે જેમાં લોભ, અહમ, લાલચ અને અસંતોષ મુખ્ય છે અસંતોષી વ્યક્તિ કદી સુખી ન થાય

આસપાસ ચોપાસ

સુરેશ ભટ્ટ

અતિ પ્રાચીન સમયમાં મહર્ષિ પતંજલિએ માનવીને સુખી થવાનો જે સહજ અને સીધો માર્ગ બતાવ્યો છે તે આજની તારીખે પણ લોકો અપનાવીને સુખી થઈ શકે તેમ છે તેના યોગ સૂત્ર નામના ગ્રંથમાં આ વસ્તુ આપેલી છે અષ્ટાંગ યોગ અપનાવી માનવી સુખી થઈ શકે છે યોગના આઠ સોપાન છે.જેમાં યમ , નિયમ , આસન અને પ્રાણાયમ અતિ મહત્વના છે.હવે પ્રત્યાહાર વિશે જાણીને સમજવા પ્રયત્ન કરીશું. યમ-નિયમથી પાપનો પ્રવાહ અટકે છે. આચરણની શુદ્ધિ થાય છે. જીવન સંસ્કારી બને છે અને ભટકતા મનને શાંતિ મળે છે.

આસનથી શરીરની અસ્થિરતા ઘટે છે. અને તે મનની ચંચળતાને ઘટાડવામાં પણ ઉપયોગી બને છે, જેથી સહનશીલતા આવે છે. પ્રાણાયામથી નાડીઓ શુદ્ધ થાય છે. પ્રાણશક્તિ વધતાં શરીર સ્ફૂર્તિમય બને છે. રોગ દૂર રહે છે. પણ પ્રાણશક્તિમાં સતત વધારો કરી ભટકતાં મનને કાબૂમાં કરી ચિત્તની વૃત્તિઓનો સંપૂર્ણ નિરોધ કરી શકાય તેમ છે તેનાથી મન શાંત અને સ્થિર બને છે

સાધક જ્યારે પ્રાણાયમથી પ્રત્યાહારમાં આવે ત્યારે આ વિકાસ શરૂ થાય છે, પછી તે ધારણા, ધ્યાન અને સમાધિ સુધી પહોંચી શકે છે. માટે પ્રત્યાહાર એ અષ્ટાંગ યોગનાં આંઠમાનું એવું પગથિયું છે જે અંતરંગ યોગનું પ્રવેશદ્વાર છે. સ્વ: એટલે પોતાના. વિષય એટલે શબ્દાદિ પાંચ વિષયો. તેનો અસંમ્પ્રયોગે એટલે કે આસક્તિનો અભાવ થતાં કે આસક્તિ ના રહેતાં ચિત્તસ્થ એટલે ચિત્તનાં સ્વરુપાનુકાર એટલે સ્વરૂપનું અનુસરણ, ઈવ એટલે અવ્યય , ઈન્દ્રિયાણામ એટલે ઈન્દ્રિયોની પ્રત્યાહાર એટલે પાછું ખેંચવું.

એટલે કે પોતાના વિષયમાં આસક્તિ ન રહેતાં ઈન્દ્રિયોની ચિત્તને અનુસરવા જેવી સ્થિતિ જે ઉદભવ થાય છે તેને પ્રત્યાહાર સમજવો.

બીજી રીતે કહીએ તો ઈન્દ્રિયો પોતપોતાના વિષયમાંથી પાછી ખેંચીને ચિત્તસ્વરૂપ આકાર ધારણ કરે છે તે પ્રત્યાહાર એટલે કે.... બાહ્ય વિષયો (આસક્તિઓ) માંથી વિમુખ થઈને મન અને ઈન્દ્રિયોને અંતર્મુખી કરવી તે પ્રત્યાહાર છે. જ્યારે બધી જ આસક્તિઓમાંથી ઈન્દ્રિયો પાછી વળી જાય છે એટલે કે વિષયો સાથેનો સંપર્ક તુટી જાય છે ત્યારે ચિત્ત સ્થિર થઈ જાય છે અને ધ્યાનની ક્રિયા સુધી પહોંચવા સંકલ્પ શક્તિ ઉત્પન્ન થાય છે. મન પણ સ્થિર થાય છે અને શૂન્ય વિચાર બને છે.

તેનાથી (પ્રત્યાહારથી) ઈન્દ્રિયો પર સાચો સંયમ સિદ્ધ થાય છે. પ્રાણાયમ, જપ વિગેરેના અભ્યાસથી સાધકની વૃત્તિ અંદર વળવા માંડે છે. તથા વૃત્તિને અંદર વાળવાનો વિશેષ અભ્યાસ કરતાં કરતાં પ્રત્યાહાર વિકસે છે. અને પછી ધીરે ધીરે અંદરના આનંદ અને શાંતિનો અનુભવ થતાં થતાં સૌપ્રથમ હું આત્મા છું. આ શરીર, મન અને જ્ઞાનેન્દ્રિયો તથા કર્મેન્દ્રિયોનો અધિષ્ઠાતા છું. તથા એમની પ્રવૃત્તિ, નિવૃત્તિ મારા સંકલ્પોને આધીન છે. એ પ્રમાણે જ્ઞાતા બને છે. અહીં પહોંચીને સાધક ઈન્દ્રિયો પર સંયમની પરમ સીમાનો અનુભવ કરે છે.

માનીના મનના આકર્ષિત કરવા માટે અનેક પ્રકારના પ્રલોભનો હાજર છે મનોરંજનમાં પણ આ તત્વો માનવીના મનનું હરણ કરે છે અને તેને દૂષિત કરે છે

શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ આદિ આસક્તિઓ વ્યક્તિને આત્મકલ્યાણના રસ્તાથી દૂર રાખે છે. એક એક ઈન્દ્રિયોની આસક્તિ મનને વિચલિત કરી વ્યક્તિને ભોગવિલાસમાં જ રાખે છે. ઈશ્વરમાં લીન નથી થવા દેતી. માટે અભ્યાસ અને ઈન્દ્રિયો પર ધીરે ધીરે વિજય પ્રાપ્ત કરવાથી બાહ્ય જગતથી વૈરાગ્ય થતાં સતત અભ્યાસથી અને જાગૃતિથી ઈન્દ્રિયોનો જય થાય છે. ત્યારે તેને જિતેન્દ્રિય કહે છે. ત્યારે તે પરમ આનંદને પામી શકે છે. ને આખો સંસાર (જગત) મિથ્યા ને માયારૂપ લાગે છે. માનવીના અમુક કર્મો એવા છે જે તાત્કાલિક પર અ ફળ આપતા નથી પરંતુ તે જમા થાય છે અને તેનો સમય આવે ત્યારે તેનું ફળ પ્રગટ થાય છે જેને સંચિત કર્મ કહેવામાં આવે છે

સંચિત કર્મોના સમુહના ફળથી જ જન્મ , મરણ, આયુષ્ય અને ભોગ હોય છે. પુણ્યકર્મોના કારણે સુખમય અને પાપકર્મોના કારણે દુ:ખમય હોય છે. પરંતુ યોગી માટે તો સાંસારીક સુખ પણ દુ:ખમય હોય છે. તેને તો આ શબ્દ, રસ, રૂપ, સ્પર્શ, ગંધ આદિ વાસનારુપી વિષયસુખ પણ મોહવશ છે. જ્યારે આ સુખોના પરિણામ પર વિચાર કરવામાં આવે તો નિશ્ચિત રૂપે જણાશે કે સમસ્ત સાંસારિક સુખ પણ દુ:ખમય જ હોય છે. કારણ કે આ સુખ પ્રાણીઓને પીડા આપ્યા વગર નથી ભોગવી શકાતા, તથા આ સુખોમાં પણ સુક્ષ્મ પરિણામ કષ્ટ અને સંસ્કાર રૂપે જે દુ:ખમિશ્રિત છે તેને સામાન્ય લોકો નથી અનુભવી શકતા.ઈન્દ્રિયો પણ ટેવને આધીન છે. ઈન્દ્રિયો પણ તેમ જ વર્તે છે. અને એમ કરતાં ચિત્તની વૃત્તિઓને અનુસરે છે. સમય જતાં તે આસક્તિ બને છે. આવી ઈન્દ્રિયોના વિષયો પ્રત્યેની આસક્તિ છોડવા, ગુલામી છોડવાં તે આ પ્રત્યાહાર છે. ગીતામાં પણ કહ્યું છે કે મનને કાબૂમાં રાખવું ખુબ કઠીન છે. પણ અભ્યાસ અને વૈરાગ્યથી તેને કાબુમાં લાવી શકાય છે.

સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે, મનને ઈન્દ્રિય રૂપી દારુ, દ્વેષ રૂપી વીંછી અને અહંકારરૂપી ભૂત છે. કહેવાય છે કે જ્ઞાન એ જ શક્તિ છે. અને એ ખરું છે. જ્યાં સુધી તમે એ જાણો નહિ કે મન શું શું કરે છે ત્યાં સુધી તમે તેને કાબૂમાં લઈ શકો નહીં. માટે જે પ્રમાણે ઈન્દ્રિયો મનને ઘેરે તેવી વૃત્તિઓ જાગશે, તેને જ્ઞાતા દ્રષ્ટા ભાવે જાગૃતિ રાખી સાક્ષીભાવે જોવા સતત પ્રયત્ન કરવો. અને પછી તે તે વૃત્તિઓને આધીન ન થતાં તેમાંથી ધીમે ધીમે પ્રયત્નપૂર્વક બહાર નીકળવું તે છે પ્રત્યાહાર જ્ઞાન. ધીરેધીરે સતત પુરુષાર્થથી જીવે તેનાં શુભ-અશુભ બન્ને વૃત્તિઓ (ભાવો)માંથી પણ બહાર નીકળવાનું છે.

વર્તમાન સમયમાં માનની પાસે સમય ઓછો છે શક્તિ ઓછી છે આવા સંજોગોમાં માનવી જો માત્ર પોતાના મનને સ્થિર રાખીને મેડીટેસન કરે સૂર્ય નમસ્કાર કરે તો પણ તેના સુખના સપના ચોક્કસ આકાર થઈ શકે

અદાણી પોર્ટે શાપૂરજી પલોનજી ગ્રૂપ પાસેથી ગોપાલપુર પોર્ટ રૂ. ૩૩૫૦ કરોડમાં ખરીદ્યું

અમદાવાદ,

ગૌતમ અદાણીનો પોર્ટ બિઝનેસ મોટો થઈ ગયો છે. અદાણી પોર્ટમાં વધુ એક નવું નામ ઉમેરાયું છે. ગૌતમ અદાણીની કંપનીએ ઓડિશાનું ગોપાલપુર પોર્ટ ખરીદ્યું છે. અદાણી પોર્ટે શાપૂરજી પલોનજી ગ્રૂપ પાસેથી ગોપાલપુર પોર્ટ રૂ. ૩૩૫૦ કરોડમાં ખરીદ્યું છે. એસપી ગ્રૂપે ગોપાલપુર પોર્ટને અદાણી પોર્ટ્સ અને SEZ લિમિટેડને રૂ. ૩,૩૫૦ કરોડમાં વેચવાની જાહેરાત કરી હતી.૨૦૧૭માં, SP ગ્રૂપે ગોપાલપુર પોર્ટ હસ્તગત કર્યું હતું, હવે કંપનીએ તેને અદાણીને વેચી દીધું છે. ગોપાલપુર પોર્ટ હાલમાં ૨૦ MTPA હેન્ડલ કરવા સક્ષમ છે. ગ્રીનફીલ્ડ એલએનજી રિગેસિફિકેશન ટર્મિનલ સ્થાપવા બંદરે તાજેતરમાં પેટ્રોનેટ એલએનજી સાથે જોડાણ કર્યું છે. ગોપાલપુર પોર્ટનું વેચાણ છેલ્લા કેટલાક મહિનામાં SP ગ્રૂપનું બીજું પોર્ટ ડિસઇન્વેસ્ટમેન્ટ છે. આ સોદા અંગે શાપૂરજી પલોનજી ગ્રૂપના પ્રવક્તાએ જણાવ્યું હતું કે ગોપાલપુર પોર્ટ અને ધરમતર પોર્ટનું આયોજિત ડિસઇન્વેસ્ટમેન્ટ નોંધપાત્ર એન્ટરપ્રાઇઝ મૂલ્ય પર કરવામાં આવ્યું છે. ગોપાલપુર પોર્ટ વેચ્યા બાદ હવે SP ગ્રૂપ પાસે માત્ર ગુજરાતનું છારા પોર્ટ બચશે. કંપની દેવું ઘટાડીને તેની બેલેન્સ શીટને મજબૂત કરવા માગે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં કંપનીએ ૧૧૦૦ કરોડ રૂપિયાની સંપત્તિ વેચી છે. ઓડિશાનું ગોપાલપુર બંદર વ્યૂહાત્મક રીતે મહત્ત્વનું કહેવાય છે. તે ભારતના પૂર્વ કિનારે આવેલું મહત્વનું બંદર છે. અદાણી ગ્રૂપ પહેલેથી જ પશ્ચિમ કિનારે મજબૂત હાજરી ધરાવે છે. હવે આ ડીલ બાદ અદાણી પાસે પૂર્વ કિનારે ૬ બંદરો હશે. પૂર્વ કિનારે પહેલાથી જ ૫ બંદરો સાથે અદાણી ગ્રૂપ લગભગ ૨૪૭ મિલિયન ટનની ક્ષમતા ધરાવે છે. SP પોર્ટ્સ મેન્ટેનન્સ, જે ગોપાલપુર પોર્ટમાં ૫૬ ટકા હિસ્સો ધરાવે છે, બાકીની ઓડિશા સ્ટીવેડોર્સની માલિકીની છે, તે રિઝોલ્યુશનની રાહ જોઈ રહ્યું છે. ઉલ્લેખનીય છે કે એસપી ગ્રૂપ તેના દેવાને ઘટાડવા માટે ઘણા પગલાઓ પર વિચાર કરી રહ્યું છે. આ અંતર્ગત કંપનીએ પોર્ટ વેચીને ૩૩૫૦ કરોડ રૂપિયા એકત્ર કર્યા છે.

કોલેસ્ટ્રોલ ઘટાડવાની દવા ખાવાથી જાપાનમાં બેના મોત

દવા બનાવતી કંપનીએ ત્રણ સપ્લીમેન્ટ દવાઓ બજારમાંથી પાછી ખેંચી લીધી

જાપાન,

જાપાનમાં કોલેસ્ટ્રોલ ઘટાડવાની દવા ખાવાથી બે લોકોના મોત થયા છે અને ૧૦૦થી વધુ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ ઘટના બાદ દવા બનાવતી કંપની સામે અનેક સવાલો ઉભા થયા છે. મામલાએ મહત્વ મેળવ્યા પછી, દવા બનાવતી કંપની કોબાયાશી ફાર્માસ્યુટિકલએ કહ્યું કે માહિતી મળ્યા પછી, અમે ત્રણ પૂરક દવાઓ, બેની કોજી કોલેસ્ટે હેલ્પ અને અન્ય બે દવાઓને બજારમાંથી પાછી ખેંચી લીધી છે. આ દવાઓની તપાસ કરવામાં આવી રહી છે. આ દવાઓમાં બેની કોજી (લાલ ખમીર ચોખા) નામનું ઘટક ઉમેરવામાં આવે છે, જે ઉચ્ચ કોલેસ્ટ્રોલ ઘટાડવા માટે સ્ટેટીન્સના વિકલ્પ તરીકે જોવામાં આવે છે. પરંતુ નિષ્ણાતો તેમાં રસાયણોની હાજરીને કારણે અંગને નુકસાન થવાના ભય વિશે પણ ચેતવણી આપે છે.

જાપાનના સ્વાસ્થ્ય મંત્રી નૂનુને કહ્યું કે કોબાયાશી ફાર્માસ્યુટિકલે આ મામલે જલદી રિપોર્ટ સોંપવો જોઈએ. આ સિવાય મંત્રીએ સ્થાનિક સંસ્થાઓને આ દવાઓથી થતા નુકસાન વિશે સમગ્ર દેશમાંથી માહિતી એકત્ર કરવા સૂચના આપી હતી.

એમએસ ધોનીએ માર્કી ખેલાડી તરીકે ઓફર મળી હોવાનો ખુલાસો કર્યો

મુંબઈ,

આઈપીએલના પહેલી સીઝનના ૧૬ વર્ષ પૂર્ણ થઈ ચૂક્યા છે અને હાલમાં આઈપીએલની ૨૦૨૪ સીઝન ચાલુ પણ થઈ ચૂકી છે. ૨૦ ફેબુઆરી ૨૦૦૮ના રોજ આઈપીએલના ઈતિહાસમાં પ્રથમ ઓક્શન યોજાય હતી. ચેન્નાઈ સુપર કિંગ્સના કેપ્ટન એમએસ ધોની પહેલી આઈપીએલ ઓક્શનમાં સૌથી મોંઘો ખેલાડી રહ્યો હતો. ધોનીએ આ વાત પોતે કરી છે કે, તેમને ઓક્શન પહેલા માર્કી ખેલાડી બનવા માટે એક મિલિયન ડોલર મળી રહ્યા હતા પરંતુ તેમણે ઓક્શનમાં જવાનો નિર્ણય લીધો હતો. વર્ષ ૨૦૦૭માં ભારતને પહેલો વર્લ્ડકપ જીતાડનાર પૂર્વ ભારતીય કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોની ૨૦૦૮ના આઈપીએલમાં સૌથી મોંઘો ખેલાડી રહ્યો હતો. ચેન્નાઈ સુપર કિંગ્સે તેમને ૧.૫ મિલિનયનમાં લીધો હતો.આઈપીએલની પહેલી જ સીઝનમાં ધોનીએ ૧૬ મેચમાં ૧૩૩.૫૪ના સ્ટ્રાઈક રેટથી કુલ ૪૧૪ રન બનાવ્યા હતા.

માર્કી ખેલાડીઓ તરીકે સ્ટાર ખેલાડીઓના જૂથને ઓળખવામાં આવે છે. આ તે ખેલાડીઓ હોય છે, જેમને આઈપીએલ ઓક્શન દરમિયાન મોટાભાગની ટીમો ખરીદવા ઈચ્છતી હોય છે. આ માટે દરેક ઓક્શન દરમિયાન આવા સમૂહની રચના કરવામાં આવતી હોય છે. મને પણ કહેવામાં આવ્યું હતુ તમે આ ફ્રેન્ચાઈઝી માટે માર્કી ખેલાડી બનવા માંગો છો. જલ્દી નિર્ણય લેવાનો હતો અને મે ઓક્શનમાં જવાનો નિર્ણય લીધો હતો. અને આ મારા માટે મોટું રિસ્ક હતુ.

હું આ નિર્ણયથી સંપૂર્ણપણે ખુશ નથી : જેનિફર મિસ્ત્રી બંસીવાલ

મુંબઈ,

તારક મહેતા કા ઉલ્ટા ચશ્માામાં 'રોશન સોઢી'નું પાત્ર ભજવનાર અભિનેત્રી જેનિફર મિસ્ત્રી બંસીવાલે ગયા વર્ષે શોના નિર્માતા અસિત મોદીની સાથે નીલા ટેલિફિલ્મ્સના સોહિલ રામાણી અને જતીન રામાણી સામે જાતીય સતામણીનો કેસ નોંધાવ્યો હતો. હવે સ્થાનિક ફરિયાદ સમિતિએ જાતીય સતામણીના આ કેસમાં જેનિફર મિસ્ત્રી બંસીવાલની તરફેણમાં ચુકાદો આપ્યો છે. આ કમિટીના આદેશ અનુસાર નિર્માતા અસિત મોદીએ જેનિફરને તેની બાકી રકમ સાથે ૫ લાખ રૂપિયાનું વળતર ચૂકવવું પડશે. વાતચીતમાં જેનિફરે કહ્યું કે તે આ નિર્ણયથી સંપૂર્ણપણે ખુશ નથી અને તેણે હવે હાઈકોર્ટમાં જવાનું નક્કી કર્યું છે.

મેં શરૂઆતમાં પોલીસ સ્ટેશનમાં આ કેસ નોંધાવ્યો હતો. હું ન્યાય મેળવવા માટે મારાથી બનતો પ્રયાસ કરી રહ્યો હતો. હું પોલીસ સ્ટેશન ગયો છું અને કલાકો સુધી રાહ જોઉં છું. પણ મારી અપેક્ષાઓ પૂરી ન થઈ. જ્યારે મારા વકીલે જોયું કે પોલીસ મારી તરફેણમાં કોઈ કાર્યવાહી કરી રહી નથી, ત્યારે તેમણે મને સલાહ આપી કે મારે મહારાષ્ટ્ર સરકારને અપીલ કરવી જોઈએ. મેં તેમની વિનંતીને સ્વીકારી અને સરકારને મારી અપીલ પછી, સ્થાનિક ફરિયાદ સમિતિએ તરત જ તેના પર કાર્યવાહી કરી અને તેનો ચુકાદો પણ આપ્યો. આ સમિતિએ અસિત કુમાર મોદીને મહિલાઓની જાતીય સતામણી (નિવારણ, નિષેધ અને નિવારણ) અધિનિયમ ૨૦૧૩ હેઠળ દોષિત ઠેરવ્યા હતા.

સ્લો ઓવર રેટની ભૂલ : શુભમન ગિલને ૧૦ લાખથી વધુનો દંડ

ચેન્નાઇ,

ઇન્ડિયન પ્રીમિયર લીગની મેચ દરમિયાન ધીમી ઓવર રેટ માટે બુધવારે ટીમ પર ૧૨ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો. આઇપીએલના એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, ગિલને રૂ. ૧૨ લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો કારણ કે આઇપીએલની આચાર સંહિતા હેઠળ સીઝનમાં આ તેની ટીમનો પ્રથમ ગુનો છે.

ગિલની આગેવાનીમાં ગુજરાત ટાઈટન્સે આઈપીએલની ૨૦૨૪ની પહેલી હારનો સામનો ચેન્નાઈ સુપર કિંગ્સ વિરુદ્ધ કર્યો છે. ગત્ત ચેમ્પિયન ચેન્નાઈએ ગુજરાતને ૬૩ રનથી હાર આપી છે. આઈપીએલમાં ગુજરાત ટાઈટન્સના કેપ્ટન તરીકે ગિલે પહેલી જ મેચમાં મુંબઈ સામે જીત પણ મેળવી હતી. આ મેચ ૬ રનથી જીતી હતી.

ગુજરાત ટાઈટન્સે ૨૦મી ઓવરમાં બોલિંગની સમયસર શરુઆત કરી ન હતી. આ કારણે તેને દંડ ફટકારવામાં આવ્યો છે.તેમજ છેલ્લી ઓવર દરમિયાન ૩૦ ગજની બહાર માત્ર ૪ ખેલાડીઓ રાખ્યા હતા. એક જીત અને એક હાર સાથે ગુજરાત પોઈન્ટ ટેબલમાં છઠ્ઠા સ્થાને છે.

ગુજરાત ટાઈટન્સના કેપ્ટન શુભમન ગિલને ૧૨ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે. સીએસકે વિરુદ્ધ તેમણે સ્લો ઓવર રેટની ભૂલ કરી હતી.

બોલિવૂડ એક્ટર સિદ્ધાર્થ અને અદિતિ રાવ હૈદરી બંનેએ એકબીજાને હંમેશ માટે જીવનસાથી બનાવી લીધા!

મુંબઈ,

બોલિવૂડમાં દરેક જગ્યાએ સમાચાર ઝડપથી ફેલાઈ રહ્યા છે. બોલિવૂડ એક્ટર સિદ્ધાર્થ અને અદિતિ રાવ હૈદરીએ ચોરી છુપી રીતે લગ્ન કરી લીધા હોવાની ચર્ચા છે. પ્રાપ્ત માહિતી અનુસાર બંનેના લગ્ન વનપર્થીના શ્રી રંગનાયક સ્વામી મંદિરમાં થયા હતા. બંને લાંબા સમયથી એકબીજાને ડેટ કરી રહ્યાં હતાં. હવે એવું માનવામાં આવે છે કે બંનેએ એકબીજાને હંમેશ માટે જીવનસાથી બનાવી લીધા છે. એવા પણ અહેવાલ હતા કે અદિતિ રાવ અને સિદ્ધાર્થ લાંબા સમયથી લિવ-ઈન રિલેશનશિપમાં રહેતા હતા. તેમના પ્રેમની શરૂઆત ફિલ્મના સેટ પર થઈ હતી. રિપોર્ટ્સનું માનીએ તો, અદિતિ અને સિદ્ધાર્થે તેમના લગ્નની તમામ વિધિઓ પરંપરાગત રીત-રિવાજો સાથે કરી છે. આ લગ્ન માટે તમિલનાડુના પૂજારીઓને ખાસ બોલાવવામાં આવ્યા હતા, અભિનેત્રી અદિતિનું મંદિર સાથે ખાસ જોડાણ છે જ્યાં બંનેએ લગ્ન કર્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર સિદ્ધાર્થ અને અદિતિના લગ્ન અત્યંત સાદગી સાથે થયા હતા. તેમના લગ્નમાં તેમના પરિવારના સભ્યો સાથે માત્ર ખાસ સંબંધીઓ જ હાજર હતા. જો કે અત્યાર સુધી આ કપલ દ્વારા લગ્નને લઈને કોઈ પણ પ્રકારનો ફોટો કે જાહેરાત કરવામાં આવી નથી. તેથી ફેન્સ હજી પણ સિદ્ધાર્થ અને અદિતિના લગ્નની તસવીર જાહેર થવાની રાહ જોઈ રહ્યા છે. જેથી તે આ સમાચાર પર સંપૂર્ણ વિશ્વાસ કરી શકે. સિદ્ધાર્થ અને અદિતિ ઘણીવાર સાથે જોવા મળતા હતા. બંને એકબીજા સાથે પોતાની સુંદર તસવીરો પણ શેર કરે છે. જોકે સિદ્ધાર્થ અને અદિતિએ ક્યારેય પોતાના સંબંધો વિશે ખુલીને વાત નથી કરી.

હોસ્પિટલમાં ખબર પુછવા ગયા બાદ ઋષભ પંત વચ્ચેના સંબંધો વધુ ગાઢ બન્યા હતાં : ઉર્વશી



મુંબઇ,

છેલ્લા કેટલાક સમયથી એવી ચર્ચા ચાલી રહી છે કે બોલીવુડ અભિનેત્રી ઉર્વશી રૌતેલા ક્રિકેટર ઋષભ પંતને ડેટ કરી રહી છે. જો કે, બંનેએ તેમના સંબંધોને લઈને ક્યારેય કોઈ સત્તાવાર જાહેરાત કરી નથી. પરંતુ તાજેતરમાં એક ઈન્ટરવ્યુ દરમિયાન તેણે પોતાની ફિલ્મ સિવાય પોતાના અંગત જીવન વિશે પણ જણાવ્યું હતું. પરંતુ વર્ષ ૨૦૨૨માં જયારે રિષભ પંતનો કાર અકસ્માત થયો ત્યારે ઉર્વશી રૌતેલા અને તેની માતા ક્રિકેટરની ખબર પૂછવા હોસ્પિટલ પહોંચ્યા હતા. જે બાદ અભિનેત્રી અને ઋષભ પંત વચ્ચેના સંબંધો વધુ ગાઢ બન્યા હતા. તાજેતરમાં એક ઈન્ટરવ્યુ દરમિયાન તેણે પોતાની ફિલ્મ સિવાય પોતાના અંગત જીવન વિશે પણ જણાવ્યું હતું. ઉર્વશી રૌતેલાને પૂછવામાં આવ્યું કે તે ઋષભ પંત સાથે ક્યારે લગ્ન કરશે. આના પર અભિનેત્રી થોડીવાર મૌન રહી અને કહ્યું - 'નો કમેન્ટ્સ.'

અભિનેત્રીના આ જવાબથી સ્પષ્ટ છે કે ઉર્વશીએ પોતાની અંગત જિંદગીને સિક્રેટ રાખવાનું નક્કી કર્યું છે. તમને જણાવી દઈએ કે હાલમાં ઉર્વશી રૌતેલા ફિલ્મ જેએનયુ જહાંગીર નેશનલ યુનિવર્સિટીને લઈને ચર્ચામાં છે.

દક્ષિણના લોકપ્રિય કોમેડી-એક્ટર શેશુનું નિધન : ધનુષની ફિલ્મ દ્વારા ડેબ્યુ કર્યું હતું

ચેન્નાઇ,

સાઉથ ઈન્ડસ્ટ્રીમાંથી એક દુઃખદ સમાચાર સામે આવ્યા છે. સમાચાર છે કે દક્ષિણના લોકપ્રિય કોમેડી-એક્ટર શેશુનું નિધન થયું છે. અભિનેતાએ ચેન્નાઈની એક ખાનગી હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા. અભિનેતાના ૬૦ વર્ષની વયે અચાનક નિધનના સમાચારથી સમગ્ર સાઉથ ઈન્ડસ્ટ્રી શોકમાં ડૂબી ગઈ છે. ઉલ્લેખનીય છે કે શેશુની તબિયત ઘણા દિવસોથી બગડી હતી અને ચેન્નઈની એક ખાનગી હોસ્પિટલમાં તેની સારવાર ચાલી રહી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ૧૫ માર્ચે શેશુને હાર્ટ એટેક આવ્યો હતો, જેના કારણે તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તેમની સારવાર ચાલી રહી હતી.જો કે તે બીમારીમાંથી સાજા થવામાં નિષ્ફળ રહ્યા અને ૨૬ માર્ચે તેમણે દુનિયાને અલવિદા કહ્યું. તેમના નિધનના સમાચાર પછી, ફેંસ અને સિનેમા જગતના તેમના સહ કલાકારો સોશિયલ મીડિયા પર શોક વ્યક્ત કરી રહ્યા છે.

શેશુના નિધનના સમાચારની પુષ્ટિ લોકપ્રિય અભિનેતા અને શેશુના નજીકના મિત્ર રેડિન કિંગ્સલે દ્વારા કરવામાં આવી છે. રેડિન કિંગ્સલેએ સોશિયલ મીડિયા પર શેશુના મૃત્યુની પુષ્ટિ કરી છે. તેણે અભિનેતાની તસવીર શેર કરી અને કેપ્શનમાં લખ્યું,આરઆઈપી રેડિન કિંગ્સલે ઉપરાંત ઘણા ફેંસ અને સેલેબ્સ સતત સોશિયલ મીડિયા દ્વારા શેશુના નિધન પર શોક વ્યક્ત કરતા અને તેમની આત્માની શાંતિ માટે પ્રાર્થના કરતા જોવા મળે છે. ઉલ્લેખનીય છે કે શેશુએ વર્ષ ૨૦૦૨માં લોકપ્રિય અભિનેતા ધનુષની ફિલ્મ 'થુલ્લુવધો ઈલામાઈ' દ્વારા ડેબ્યૂ કર્યું હતું.

ઈતિહાસમાં પહેલીવાર સાઉદીની મહિલા સ્પર્ધક 'મિસ યુનિવર્સ' માં ભાગ લેશે

મુંબઇ,

ઇતિહાસમાં પહેલીવાર એવું થશે જ્યારે કોઇ એક ઈસ્લામિક દેશ મિસ યુનિવર્સની સ્પર્ધામાં ભાગ લેશે. ખરેખર અમે વાત કરી રહ્યા છીએ સાઉદી અરબની જે પહેલીવાર તેના દેશની મહિલા ઉમેદવારને મિસ યુનિવર્સની સ્પર્ધામાં ભાગ લેવા માટે મંચ પર મોકલશે. આ મામલે માહિતી ખુદ રુમી અલકાહતાનીએ આપી છે જે મિસ યુનિવર્સ ૨૦૨૪ની સ્પર્ધામાં સાઉદી અરબનું પ્રતિનિધિત્વ કરશે. ઉલ્લેખનીય છે કે ઈતિહાસમાં આવું પહેલીવાર થશે જ્યારે મિસ યુનિવર્સના મંચ પર એક ઈસ્લામિક દેશ સાઉદી અરબનો ઝંડો જોવા મળશે. રુમી અલકાહતાની ૨૭ વર્ષીય મોડલ છે જે સાઉદી અરબમાં રહી ચૂકી છે. આટલું જ નહીં મિસ અરબ વર્લ્ડ પીસ ૨૦૨૪ અને મિસ વૂમન (સાઉદી અરબ) પણ રુમી અલકાહાતાની જીતી ચૂકી છે.

આ મામલે સોશિયલ મીડિયા પર રુમી અલકાહતાનીએ કહ્યું કે મિસ યુનિવર્સ ૨૦૨૪માં ભાગ લેવાથી હું ખુદને સન્માનિત મહેસૂસ કરી રહી છું. આટલું જ નહીં પણ તેમણે પોતાના અનેક ફોટોસ પણ ઈન્સ્ટાગ્રામ પર શેર કર્યા હતા જેમાં તે અતિ સુંદર લાગી રહી છે.

MISS UNIVERSE SAUDI

કોંગ્રેસની તાકાતને તોડવા ભરતીમેળા યોજાય છે: સી.આર.પાટીલ

ભાજપમાં વ્યાપક રીતે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી સહિતના પક્ષના નેતાઓ અને કાર્યકર્તાઓને જોડવાને વ્યાજબી ગણાવતા પ્રદેશ પ્રમુખ

તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ

દેશમાં લોકસભા ચૂંટણી માટેના સર્જાઈ ગયેલા જબરા વાતાવરણ અને રાજકીય પક્ષો દ્વારા ઉમેદવારોની પસંદગીથી લઈ નામાંકન અને પ્રચારના શરુ થયેલા પ્રથમ તબકકામાં ચુંટણીની જાહેરાત પછી રાજકોટ અને સૌરાષ્ટ્રમાં પ્રથમવાર મુલાકાતે આવેલા ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વની એનડીએ સરકાર ૪૦૦ ને પાર જશે તેવો વિશ્ર્વાસ વ્યક્ત કરતા જણાવ્યું કે વિજયની હેટ્રીક નજીક છે અને ગુજરાતમાં પણ ભાજપ તમામ ૨૬ બેઠકો પર પાંચ લાખથી વધુ મતોની લીડથી જીતશે.આજે રાજકોટમાં ભાજપના મીડીયા વર્કશોપ અને બાદમાં શહેર અને જીલ્લાના બુથ ઈન્ચાર્જના સંમેલનમાં હાજરી આપ્યા બાદ પત્રકારો સાથેની એક શુભેચ્છા મુલાકાતમાં સી.આર.પાટીલે ભાજપના ભરતીમેળાથી લઈને રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર પુરુષોતમ રૂપાલાના વિધાનો સામે ક્ષત્રિય સમાજનો જે રોષ છે તે અંગે વાત કરી હતી.શ્રી પાટીલે સ્વીકાર્યુ કે પ્રદેશ પ્રમુખ બન્યા બાદ પ્રથમવખત તેઓ રાજકોટ આવ્યા તે સમયે તેમને કોંગ્રેસના કોઈ નેતાઓને ભાજપમાં લેવાશે નહી તેવી જાહેરાત કરી હતી જયારે હાલમાં જ ભાજપમાં જે વ્યાપકપણે ભરતીમેળા શરુ થયા છે તે અંગેના એક પ્રશ્નના જવાબમાં પ્રદેશ પ્રમુખે જણાવ્યું કે કોંગ્રેસની તાકાતને તોડવા ભરતીમેળા યોજવામાં આવે છે. તેમણે કહ્યું કે આ નિર્ણય રાષ્ટ્રીય કક્ષાએ લેવાયો છે.પરંતુ કોંગ્રેસના કોઈપણ નેતાને ભાજપમાં સમાવાતા નથી. અમે પુરતી ચકાસણી બાદ જ પ્રવેશ આપીએ છીએ. સારા કાર્યકર્તાઓ પક્ષમાં આવે તો તેનાથી ભાજપને જ ફાયદો થશે.

જો કે આ પ્રકારના ભરતીમેળા અને કોંગ્રેસના આગેવાનો દ્વારા ચુંટણી ટિકીટ પણ મેળવી જવાના સતત વધી ગયેલા વલણ પર તેમણે કહ્યું કે ગુજરાતમાં અત્યાર સુધીમાં કોંગ્રેસ અને અન્ય પક્ષના ૬૦ હજાર કાર્યકર્તાને સમાવવામાં આવ્યા છે. વિધાનસભાની ૧૮૨ બેઠક મુજબ હિસાબ કરો તો એક બેઠક દીઠ ૨૦૦થી૨૫૦ લોકોને સમાવાયા છે અને ભાજપના કોઈ કાર્યકર્તાને અન્યાય ન થાય તે પણ પક્ષ નિશ્ચિત કરે છે.

પરસોત્તમ રૂપાલાને આયાતી ઉમેદવાર ગણવા એ રાજકોટની સંકુચિતતા કહેવાય

રાજકોટ

રાજકોટ અને પોરબંદર બેઠક પર કેન્દ્રીય મંત્રીઓ પરસોત્તમ રૂપાલા અને મનસુખ માંડવિયાના નામની જાહેરાત થતાં જ કાર્યકરોમાં અંદરો અંદર ગણગણાટ હતો કે બન્ને જગ્યાએ કોઈ સ્થાનિક નેતાની જગ્યાએ આયાતી ઉમેદવારની પસંદગી કરવામાં આવી છે. આ અંગે પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે જણાવ્યું હતું કે, રાજકોટ એ એવી બેઠક છે કે જ્યાંથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી ખુદ ધારાસભાની ચૂંટણી લડીને મુખ્યમંત્રી બન્યા હતાં અને બાદમાં દેશના વડાપ્રધાન પદે સતત ત્રીજી ટર્મ ચુંટાવાના છે. રાજકોટ બેઠક વડાપ્રધાન મોદી માટે આટલી મહત્વની હોય ત્યારે રાજકોટ

ક્ષત્રિય સમાજ સાથે વાતચીત ચાલુ છે, પ્રશ્ન ઉકેલાય જશે : પાટીલ

ભાજપ પ્રદેશ પ્રમુખ દ્વારા તેઓ પણ ક્ષત્રિય સમાજ સાથે સંપર્કમાં હોવાનો સંકેત આપ્યો

રાજકોટ

રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી પુરુષોતમભાઈ રૂપાલા દ્વારા હાલમાં જ વાલ્મીકી સમાજના એક કાર્યક્રમમા જે રીતે ક્ષત્રિય અને રાજપૂત સમાજ માટે જે અપમાનજનક વિધાનો કર્યા તે ભાજપ માટે હાલ મોટી મુશ્કેલી લાવી રહ્યા છે. ખાસ કરીને રાજકોટ જ નહી પરંતુ સૌરાષ્ટ્ર અને છેક ગુજરાતમાં ક્ષત્રિય સમાજમાં તેના ઘેરા પડઘા પડયા છે અને ભાજપનો વિરોધ થઈ રહ્યો છે તથા રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર બદલવાની પણ માંગણી થઈ રહી છે.આજે રાજકોટ આવેલા પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે આ અંગેના એક પ્રશ્ર્નના જવાબમાં જણાવ્યું કે પુરુષોતમભાઈ રૂપાલાએ માફી માંગી લીધી છે અને સમગ્ર વિવાદને શાંત કરવાના પ્રયત્નો ચાલુ છે.તેમણે સ્વીકાર્યુ કે ક્ષત્રિય સમાજના અગ્રણીઓ સાથે આ અંગે વાતચીત ચાલુ છે અને એકાદ બે દિવસમાં નિવેડો આવી જશે. એક અન્ય વાતચીતમાં તેમણે કહ્યું કે પુરુષોતમભાઈ જેવા સીનીયર નેતા કે જેઓ કેન્દ્રીય મંત્રી છે તેઓ માફી માંગે તો તેને ગંભીરતાથી જોવી જોઈએ અને આડકતરી રીતે એ પણ કહ્યું કે આ માફી સ્વીકારવી જોઈએ.

ગુજરાત સુપર લીગ ગુજરાત ફૂટબોલમાં ક્રાંતિકારી પરિવર્તન લાવશે

રાજ્યમાં ફૂટબોલ રમતની પ્રગતિ યાત્રામાં ગુજરાત સુપર લીગ (જી.એસ.એલ.) એક મહત્વપૂર્ણ પડાવ છે.: પ્રમુખ પરિમલ નથવણી

રાજકોટ

ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસો. (જી.એસ.એફ.એ.) પ્રમુખ શ્રી પરિમલ નથવણીના માર્ગદર્શનમાં ગુજરાત સુપર લિગ ગુજરાતની પ્રથમ ફ્રેન્ચાઈઝી આધારિત ફૂટબોલ લીગ તરીકે ઈતિહાસ સર્જી દેશે. રાજ્યમાં ફૂટબોલ રમતની પ્રગતિ યાત્રામાં ગુજરાત સુપર લીગ (જી.એસ.એલ.) એક મહત્વપૂર્ણ પડાવ છે. ઑલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશને પણ તેને મંજૂરી આપી દીધી છે.

આ સુપર લીગમાં છ ટીમો એક બીજા સાથે પંદર મેચોમાં ગળાકાપ સ્પર્ધા કરશે; અને ફાઈનલમાં પહોંચવા એડીચોટીનું જોર લગાવશે. આ લીગનો ઉદ્દેશ્ય ગુજરાતમાં ફૂટબોલનું સ્તર તો ઉપર લાવશે જ, સાથે સાથે સ્થાનિક પ્રતિભાશાળી ખેલાડીઓને રાષ્ટ્રીય સ્તરે ઝળકવા માટે પ્લેટફોર્મ પૂરૂં પાડશે.

આ લીગમાં ટીમ ઓનર તરીકે ૈ) લોયલ ઈક્વિપમેન્ટ લિમિટેડના શ્રી અલ્પેશ પટેલ ૈ) કે એન્ડ ડી કોમ્યુનિકેશનના શ્રી કમલેશ ગોહિલ, ૈ) રત્નમણી મેટલ્સ એન્ડ ટ્યુબ્સ લિમિટેડના શ્રી પ્રશાંત સંઘવી, (ૈ) વીવા સ્ટીલ પ્રાઈવેટ લિમિટેડના શ્રી સાહિલ પટેલ, (દ્દ) ટ્રૂવેલ્યુ ગ્રુપના શ્રી મનીષ પટેલ અને શ્રી સુહૃદ પટેલ તથા (ૈ) અક્ષિતા કોટન લિમિટેડના શ્રી કુશલ એન. પટેલ એ તૈયારી દર્શાવી છે. લીગનો ઉદ્દેશ્ય ફૂટબોલ ખેલાડીઓને નાણાંકીય રીતે સહાયભૂત થવાનો પણ છે.

જી.એસ.એફ.એ. રિલાયન્સ કપ ઈન્ટર ડિસ્ટ્રિક્ટ સીનિયર મેન ફૂટબોલ ટુર્નામેન્ટ અને જી.એસ.એફ.એ. સીનિયર કલબ ચેમ્પિયનશીપ ટુર્નામેન્ટનમાં ઝળકેલા ખેલાડીઓમાંથી બન્ને ટુર્નામેન્ટોમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હોય તેવા ૮૪ ખેલાડીઓ સહિત સબસ્ટિટ્યુટ ખેલાડીઓ આ છ ટીમો માટે પસંદ કરાશે. વધુમાં, છેલ્લે અરૂણાચલ પ્રદેશમાં રમાયેલી ૭૭ મી સંતોષ ટ્રોફીમાં જે બાર ટીમો રમી હતી તેમાંના ૩૬ ગુજરાત બહારના ખેલાડીઓનો પણ આ ટીમોમાં સમાવેશ થશે. આમ લીગમાં રાજ્યના તથા રાષ્ટ્રના પ્રતિભાવન ખેલાડીઓ જી.એસ.એફ.એ.ને વધુ ઊંડાણ અને વૈવિધ્ય પ્રદાન કરશે. આ સુપર લીગ માટે તમામ હેડ કોચ તરીકે એ.એફ.સી. 'એ' સર્ટિફિકેટ ધરાવતા ગુજરાતના કોચ રહેશે અને ટેકનીકલ સ્ટાફ પણ ગુજરાતમાંથી જ રહેશે. આમ, ગુજરાતની પ્રતિભાઓને ઉજાગર કરવાનો ઉદ્દેશ્ય આ સુપર લીગ પાછળ રહેલો છે.

સ્થાનિક ઉભરતા પ્રતિભાશાળી ખેલાડીઓને અનુભવી અને ઘડાયેલા ખેલાડીઓ સાથે રમવાની તક મળે તેવી રીતે ટીમો તૈયાર કરવામાં આવશે. જેની જાહેરાત એપ્રિલના પ્રથમ સપ્તાહમાં કરવામાં આવશે. ગુજરાત સુપર લીગની મેચો તા. ૦૧-૦૫-૨૦૨૪ થી તા. ૧૨-૦૫-૨૦૨૪ સુધી ફીફા પ્રમાણિત ટ્રાન્સસ્ટેડિયા, અમદાવાદમાં રમાડવામાં આવશે, જ્યાં ખેલાડીઓ તેમજ દર્શકો બન્ને રમતનો આનંદ માણી શકે તેમ છે.ગુજરાત સુપર લીગ આ પહેલ સાથે રાજ્યમાં ફૂટબોલને પુન:પરિભાષિત કરશે અને નવી પેઢીના રમતવીરોને ભવ્ય ભાવિ તરફ ધપવાની પ્રેરણા આપશે.

કુદરતી ઠંડુ પાણી આપતા માટલાનું વેચાણ વધ્યું

તસવીર : દિલિપ ગોહેલ

ઉનાળાની શરૂઆત થઈ ચુકી છે. અને સૂર્યએ આગ વરસાવવાનું પણ શરૂ કરી દીધું છે. લોકો સખત તાપની અકડાય રહ્યા છે. હજુ તો ઉનાળાની શરૂઆતમાં જ તાપમાન ૪૦ ડીગ્રીને આંબી ગયુ છે તો આગળ હજુ તાપમાન કેટલું સખત બનશે તે કલ્પનાથી તરે છે. ત્યારે ઉનાળામાં લોકો ગરમી રાહત મેળવવા ઠંડક વાલી વસ્તુઓ ગ્રહણ કરે છે. તે પછી આઈસ્કીમ હોય કે પછી શેરડીનો મીઠો રસ શરીરને ટાઢક સાથે ગરમીથી છુટકારો આપે છે. આથી ગરમીમાં ફ્રીઝ જેવું ઠંડક આપતુ માટલાનું પાણી પીવાનું લોકો વધુ પસંદ કરે છે. માટલાનું પાણી પીવાથી અનેકો ફાયદાઓ થાય છે. કૃત્રિમ કરતા કુદરતી રીતે ઠંડા થતા પાણીથી આરોગ્યની જાણવણી થાય છે. આથી બજારમાં માટલાનું વેચાણ પણ વધ્યુ છે બજારમાં શ્રીનાથ માટી અને ગુરૂવાળી માટીના માટલાનું વેચાણ થઈ રહ્યું છે.

હાલ બજારમાં અવનવી ડીઝાઈન વાળા માટલાનું વેચાણ થઈ રહેયું છે. જેનો ભાવ રૂ?.૨૦૦ થી શરૂ થઈ રૂ.૫?૦૦ સુધીના છે જે લોકો માટીના માટલાનું પાણી પીવાથી દેવાયેલ હોય તેઓ માટલાનું જ પાણી પીવે છે.

રાજકોટમાં સરગમ - મા કૃપા ફાઉન્ડેનશન (લંડન)ના ઉપક્રમે ત્રિદિવસ દિવ્યાંગો માટે જયપુર ફૂટ કેમ્પં યોજાશે

રાજકોટ,

રાજકોટ સરગમ ક્લ?બ અને મા કૃપા ફાઉન્ડેંશન અને કમાણી ફાઉન્ડેશનનાં સયુંકત ઉપક્રમે તા.૧/૦૪ સોમવાર થી તા. ૩/૦૪ સુધી જયપુર કેમ્પડ યોજાશે. કેમ્પ નો લાભ લેવા ઈચ્છીતા દર્દીઓએ પોતાના ફોટોવાળુ સરકાર માન્ય ઓળખપત્ર આધાર કાર્ડ અને ડોક્ટરનું વિકલાંગ સર્ટીફીકેટની ઝેરોક્ષ સાથે લાવવાની રહેશે.

સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના જણાવ્યા અનુસાર, આ કેમ્પમાં જરૂરતમંદોને વિનામૂલ્યે કૃત્રિમ પગ બેસાડવામાં આવે છે. સાથોસાથ કેલીપર્સ અને ઘોડી વગેરે વિનામૂલ્યે આપવામાં આવશે.આ કેમ્પપનો લાભ લેવા ઈચ્છ તા લોકોને તા. ૧ એપ્રિલે સોમવારે સવારે ૮ કલાકે સરગમ ભવન, જામટાવરરોડ, નવી કલેકટર કચેરીની બાજુમાં, રાજકોટ. ફોન નં.૦૨૮૧-૨૪૫૭૧૬૮ ખાતે દર્દીઓએ રૂબરૂ હાજર રહેવું. આ ઉપરાંત જે લોકો અગાઉ સાધનો લઈ ગયા છે. અને તેઓને રીપેરીંગ કરાવવાનું હોઈ તેઓએ પણ ઉપસ્થિત રહેવું.આ કેમ્પમાં મા કૃપા ફાઉન્ડેશિન (લંડન) ટ્રસ્ટી જયંતીભાઈ ખંગ્રામ, રશ્મીરભાઈ શાહ. અશોકભાઈ ડાલિયા, રમેશભાઈ પોપટ, બ્રિજેશભાઈ મોદીનો સહયોગ મળેલ છે.આ કેમ્પગની સફળતા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તથા કમાણી ફાઉન્ડેગશનનાં માર્ગદર્શન હેઠળ સરગમ સેવા કેન્દ્રના ચેરમેન અરવિંદભાઈ પટેલ અને મા કૃપા ફાઉન્ડેગશન (લંડન) ટ્રસ્ટી જયંતીભાઈ ખંગ્રામ, તથા કમાણી ફાઉન?ડેશનના દીપકભાઈ કમાણી તેમજ રશ્મીભાઈ કમાણી જહેમત ઉઠાવી રહ્યા છે.

રવિવારે રાજકોટમાં ગુજકેટની પરીક્ષા : કેન્દ્રોના ૧૦૦ મીટરના વિસ્તારમાં આજુબાજુ એકઠા થવા પર પ્રતિબંધ

રાજકોટ,

આગામી તા.૩૧-૦૩-૨૦૨૪ના રોજ ગુજકેટની પરીક્ષાઓ ૧૦/૦૦ કલાક થી ૧૬/૦૦ વાગ્યા દરમ્યાન યોજાનાર છે. આ પરીક્ષાઓ શાંતિથી લેવાય તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી તમામ કેન્દ્રોની આજુબાજુના ૧૦૦ મીટરના વિસ્તારમાં પરીક્ષાર્થીઓને ખલેલ ન પડે તે માટે ૪ કે તેથી વધુ વ્યક્તિઓએ એકત્રિત થવા, સભા ભરવા, સરઘસ કાઢવા, પરીક્ષા સ્થળે મોબાઈલ ફોન, વિજાણું ઘડિયાળ અને તે પ્રકારના અન્ય સાધનો/યંત્રો લઈ જવા,પરીક્ષા કેન્દ્રોની આસપાસના ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ઝેરોક્ષ અથવા લીથો કે અન્ય કોઈ રીતે પરીક્ષા કાર્યમાં ગેરરીતિ કરવા, કોપિંગ વગેરે ગેરકાયદેસર કૃત્ય કરવા પર અને ઝેરોક્ષ તથા લીથોની કામગીરી કરતી દુકાનો પરીક્ષાના દિવસે અને સમયે બંધ રાખવા, સ્કૂલમાં ઉપલબ્ધ ઝેરોક્ષ તથા લીથા મશીનો બંધ રાખવા રાજકોટ પોલીસ કમિશ્નર શ્રી રાજુ ભાર્ગવે ફરમાવેલ છે. સ્થાનિક સત્તાવાળાઓ પાસેથી જરૂરી પરવાનગી મેળવી હોય તેવી વ્યક્તિ કે વ્યક્તિ સમૂહ તેમજ પરીક્ષા કાર્યમાં રોકાયેલ તમામ ઓળખ પત્ર ધરાવતી વ્યક્તિઓ, ફરજ પર હોય તેવા વ્યક્તિને, સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યક્તિને, લગ્ન વરઘોડાને, સ્મશાનયાત્રાને, પ્રમાણિત પરીક્ષાર્થીને આ આદેશો લાગુ પડશે નહી. આ આદેશોનો ભંગ કે ઉલ્લંઘન કરનાર શિક્ષાપાત્ર થશે.

રાજકોટ આર.ટી.ઓ.કચેરીમાં ૨૦ દિવસ બાદ સર્વર શરૂ : અરજદારોમાં રાહત

ડ્રાઇવીંગ ટેસ્ટ, લાયસન્સ સહિતની તમામ મહત્વની કામગીરી શરૂ થઈ

રાજકોટ,

રાજકોટ સહિત રાજ્યભરમાં આજ સવારથી આરટીઓનું ઠપ્પ થઇ ગયેલું સર્વર શરુ થઇ ગયું હોવાનું આરટીઓ તંત્રના સત્તાવાર સુત્રોમાંથી જાણવા મળી રહ્યું છે.

છેલ્લા ૨૦ દિવસ કરતાં વધુ સમયથી રાજકોટ સહિત રાજ્યભરમાં આરટીઓનું સર્વર ગંભીર ટેકનીકલ ક્ષતિના કારણે સદંતર ઠપ્પ થઇ ગયું હતું આથી સર્વત્ર આરટીઓની તમામ ઓનલાઇન કામગીરી બંધ થઇ જવા પામી હતી. ખાસ કરીને ડ્રાઈવીંગ ટેસ્ટ સહિતની મહત્વની કામગીરી ખોરંભે ચડી ગઇ હતી અને સમગ્ર રાજ્યમાં ભારે દેકારો મચી ગયો હતો.દરમ્યાન આ પ્રશ્ર્નને ભારે દેકારો થઇ જતાં ગાંધીનગરના વાહન વ્યવહાર વિભાગના તાકિદની અસરથી સર્વરને ફરી શરુ કરવા માટે દિલ્હીથી એનઆઇસીની ખાસ ટેકનીકલ ટીમ બોલાવવામાં આવી હતી. આ ટેકનીકલ ટીમ દ્વારા છેલ્લા કેટલાક દિવસોથી ગાંધીનગર ખાતે સર્વરને ફરી શરુ કરવા દિવસ-રાત જહેમત ઉઠાવી હતી. અંતે આજે સવારથી ફરી સર્વર શરુ થઇ ગયું છે.

દરમિયાન રાજકોટ જિલ્લા આરટીઓ અધિકારી કે.એમ. ખપેડનો સંપર્ક સાધતા તેઓએ જણાવેલ હતું કે આજે સવારથી ફરી સર્વર શરુ થઇ ગયું છે. અને ડ્રાઇવ ટેસ્ટ સહિતની ઓનલાઇન કામગીરી પણ શરુ કરી દેવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા ૨૦ દિવસથી આરટીઓનું સર્વર રાજ્યભરમાં ઠપ્પ થઇ જતાં રાજકોટ સહિત અનેક જિલ્લામાં ડ્રાઈવીંગ ટેસ્ટ માટેનું વેઇટીંગ ૨૦ હજાર સુધી પહોંચી ગયું હતું. જો કે હવે ફરી સર્વર શરુ થઇ ગયું છે ત્યારે હવે આરટીઓ કચેરી ખાતે લોકોનો ધસારો વધશે.

લોકશાહીના પર્વનો થનગનાટ - છાત્રાઓએ મહેંદી અને હેર સ્ટાઈલ દ્વારા આપ્યો મતદાન જાગૃતિનો સંદેશ

નિબંધ સ્પર્ધા, રંગોળી સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા માં ક્રિએટિવિટી દેખાડતું યુવા ધન

રાજકોટ,

ભારતીય સંસ્કૃતિમાં જેમ લગ્ન પ્રસંગે મહિલાઓમાં મહેંદી રસમ ખુબજ લોકપ્રિય હોય છે, પ્રસંગને દિપાવવા શૃંગાર એ મહિલાઓનો પ્રિય શોખ છે, ત્યારે વિશ્વની સૌથી મોટી લોકશાહી ધરાવતા ભારત દેશમાં આગામી દિવસોમાં જયારે લોકસભાની ચૂંટણી યોજવા જઈ રહી છે ત્યારે આ મહા પર્વને ઉજવવા શાળા કોલેજની છાત્રાઓમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી પ્રભવ જોશી અને અધિક જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી એન.કે. મૂછારનાં માર્ગદર્શન હેઠળ સ્વીપના નોડલ ઓફિસરશ્રી જિજ્ઞાસા ગઢવી દ્વારા સ્વીપ કામગીરી અંતર્ગત મતદાન જાગૃતિ અંગે રોજબરોજ અનેક કાર્યક્રમો હાથ ધરવામાં આવી રહ્યા છે. ખાસ કરીને યુવા છાત્રો મતદાન માટે પ્રેરાય તે માટે શાળા-કોલેજોમાં વિવિધ કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓ હોંશભેર જોડાઈ રહ્યા છે.સ્વીપના નોડલ ઓફિસર શ્રી જિજ્ઞાસા ગઢવીના જણાવ્યા અનુસાર રાજકોટ જિલ્લાની માતુશ્રી એમ.એમ. પટેલ કન્યા છાત્રાલય ખાતે મહેંદી અને હેર સ્ટાઈલ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં વિદ્યાર્થીનિઓએ કલાત્મક ડિઝાઇન સાથે મતદાન અંગેના વિવિધ સ્લોગન ચિતરાવી જનજાગૃતિની ખુશ્બુ ફેલાવી છે.જયારે મઝહર કન્યા વિદ્યાલય ખાતે 'મતદાન એ જ મહાદાન', 'ચૂંટણીના આધાર સ્થંભો વગેરે વિષયક નિબંધ સ્પર્ધા યોજાઈ હતી. થોરાળા વિસ્તારની સરસ્વતી માધ્યમિક કન્યા વિદ્યાલય ખાતે રંગોળી સ્પર્ધા,માસુમ વિદ્યાલય ખાતે ચિત્ર સ્પર્ધાના આયોજન કરવામાં આવ્યા હતાં. આ ઉપરાંત વકૃત્વ સ્પર્ધા તેમજ મોકપોલ દ્વારા મતદાન અંગે પણ વિદ્યાર્થીઓને સમજ પૂરી પાડવામાં આવી રહી છે જેમાં આજની યુવા પેઢીએ ઉત્સાહભેર ભાગ લઈ મતદાન પર્વને શ્રેષ્ઠ પર્વ ગણાવ્યું છે.

જામ્યુકોના સિટી ઈજનેર પાસે પૂર્વ કોર્પોરેટરે રૂપિયા એક લાખનો હપ્તો માંગી પતાવી દેવાની આપી ધમકી

ફાઈલ ક્લિયર કરવા બાબતે સિટી ઈજનેરનો કાંઠલો પકડી એટ્રોસિટીના કેસમાં ફસાવી દેવાની પણ ધમકી આપી

જામનગર : જામનગર મહાનગર પાલિકાના સીટી ઈજનેર ને પૂર્વ કોંગી કોર્પોરેટરે ફાઈલ ક્લિયર કરાવવાના પ્રશ્ને ધાકધમકી આપી જો સારી રીતે નોકરી કરવી હોય તો ખંડણી પેટે દર મહિને એક લાખ રૂપિયા આપવા પડશે, નહીંતર વકીલ હારુન પલેજાનું ખૂન થયું તે રીતે ખૂન કરાવી નાખવાની ધમકી આપી, એસ્ટ્રોસિટીના ખોટા કેસમાં ફસાવી દેવાની પણ ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવાતાં ભારે ચકચાર જાગી છે.

આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે જામનગર મહાનગરપાલિકાના સીટી ઈજનેર ભાવેશ જાની કે જેઓની કચેરીમાં પૂર્વ કોંગી કોર્પોરેટર તેજશી ઉર્ફે દીપુ પારીયા, કે હાલમાં તેના પત્ની સમજુબેન કોર્પોરેટર છે, તેના

કામોના બહાને મહાનગર પાલિકાની કચેરીમાં અવર-જવર કર્યા પછી ફાઈલ ક્લિયર કરવા બાબતે સિટી ઈજનેર ને ધમકી આપી હતી, અને પોતાને મહાનગર પાલિકામાં સારી રીતે નોકરી કરવી હોય તો દર મહિને એક લાખ રૂપિયા ખંડણી પેટે આપવા પડશે, તેવી માંગણી કરી હતી, અને જો ફાઈલ ક્લીયર નહીં કરી આપે, તેમ જ પૈસા નહીં આપે, તો જે રીતે વકીલ હારુન પલેજાનુ ખૂન થયું છે, તે રીતે ખૂન કરાવી નાખવાની ધમકી ઉચારી હતી. તેમજ પોતે દલિત જ્ઞાતિ ના હોવાથી એસ્ટ્રોસીટીના ખોટા કેસમાં ફસાવી દેવાની પણ ધમકી ઉચ્ચારી હતી, અને અધિકારીની કચેરીમાં તેનો કાંઠલો પકડી લઈ અશોભનીય વર્તન કર્યું હતું. આખરે આ મામલો સીટી એ. ડિવિઝન પોલીસમાં મથકમાં લઈ જવાયો હતો, અને પૂર્વ કોર્પોરેટર તેજશી ઉર્ફે દીપુભાઈ વાલજીભાઈ પારીયા સામે ફરિયાદ નોંધાવતાં પી.એસ.આઈ. ટી.ડી. બુડાસણાએ આઈપીસી કલમ ૩૮૭,૩૩૨,૫૦૪ અને ૫૦૬-૨ મુજબ ગુનો નોંધ્યો છે, અને વધુ તપાસ હાથ ધરી છે. આ ફરિયાદને લઈને જામનગર મહાનગર પાલિકાના વર્તુળમાં ભારે ચકચાર જાગી છે.

જામનગરના વિજરખી પાસે અજાણ્યા વાહને જૈનાચાર્યને હડફેટે લીધા

અકસ્માત સર્જી વાહનચાલક ફરાર : જૈન સમાજના આગેવાનો હોસ્પિટલ દોડી ગયા

તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર નજીક વિજરખી પાસે પગપાળા જઈ રહેલા એક જૈનાચાર્યને અજાણ્યા વાહનના ચાલકે હડફેટે લેતાં તેઓને ઈજાઓ થતાં સારવાર માટે જી જી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

જાણવા મળતી વિગત મુજબ જામનગર નજીકના વિજરખી પાસે આજે સવારે વિહરતા હિતશેખર વિજયજી મ.સા. નામના જૈનાચાર્યને એક અજાણ્યા વાહનચાલકે તેઓને હડફેટે લીધાં હતાં. જેમાં જૈનચાર્યને માથામાં તેમજ શરીરના અન્ય ભાગે ઈજાઓ થતાં તેઓને ૧૦૮ મારફત જામનગરની જી જી હોસ્પિટલમાં સારવારઅર્થે ખસેડવામાં આવ્યા છે. આ બનાવને લઈ જૈન સમાજમાં ઘેરા શોકની લાગણી છવાઈ છે.

કલ્યાણપુર પંથકમાં ગંભીર ગુનો આચરે તે પહેલાં સાત શખ્સોની અટકાયત : ત્રણ ફરાર

ખંભાળિયા : જામનગર જિલ્લામાં આગામી લોકસભાની ચૂંટણીમાં આચરસંહિતાનું ચુસ્તપણે પાલન થાય તેમજ ગુનાહિત પ્રવૃતિઓને અટકાવવા દ્વારકા જિલ્લા પોલીસવડા નિતેશકુમાર પાંડેયની સૂચના અનુસાર કલ્યાણપુર પંથકમાં ગુનો આચરે તે પહેલાં સાત શખ્સોને ઝડપી લેવામાં આવ્યા છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ કલ્યાણપુર પંથકમાં ઓમ હોટલવાળા સામતભાઈ ધનાભાઈ કરંગિયા પોતે ભાટિયા ગામથી કાર લઈ તેમની હોટલે આવતા હતા. ત્યારે ચોકીવારીના રસ્તા ઉપર ધૂળ ઉડવા બાબતે મહાદેવિયા ગામના વેજા કરંગિયાએ ફોન કરી સામતભાઈને ગાળો ભાંડી હતી. તેમજ બોલાચાલી કરી હોટલે માથાકૂટ કરવા આવવાની ધમકી આપી હતી. જે બાબતે સામતભાઈ કરંગિયાએ કલ્યાણપુર પોલીસને જાણ કરતા તુરંત જ પીએસઆઈ અખડ તથા પીએસઆઈ ઝાલા અને પોલીસ સ્ટાફ ચોકીવારી વિસ્તારમાં જતાં આ હકીકત મળી હતી કે, મહાદેવિયા ગામના વેજા માંડણ કરંગિયા અને તેની સાથેના માણસો હથિયાર ધારણ કરી મહાદેવિયા ગામની બહાર આલા કરંગિયાની વાડી પાસે રસ્તામાં ઉભા હોય અને સામત કરંગિયાની રેકી કરતા હોય ત્યાં રાજશી મુરૂ કરંગિયા, પબુ આલા કરંગિયા, સાજણ કરશન કરંગિયા, રામદે મશરી કરંગિયા, માંડા હમીર કરંગિયા, આલા કરશન કરંગિયા, હેમત આલા કરંગિયા નામના ઈસમો પોતાના હાથમાં ધોકા, પાઈપ જેવા હથિયારો સાથે ઉભા હોય જેથી તેઓની સામે અને નાશી ગયેલા વેજા માંડા કરંગિયા, દેવા કારા કરંગિયા તથા ગોવા કારા કરંગિયા વિરૂધ્ધ ધોરણસર કાર્યવાહી કરી ફરિયાદી સામત ધાના કરંગિયાની ફરિયાદ રાયોટીંગ જાહેરનામા ભંગ તેમજ વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ કામગીરી દરમ્યાન નાશી જનાર ઈસમોની શોધખોળ પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી છે.

જામ કલ્યાણપુર પોલીસ સ્ટેશન

તસવીરઃ રાકેશ સામાણી

જામનગરમાં રહેણાંક મકાનમાંથી ૫૬ બોટલ ઈંગ્લીશ દારૂનો જથ્થો ઝડપાયો

આરોપીની ધરપકડ, દારૂ સપ્લાય કરનાર શખ્સને ફરાર જાહેર કરી શોધખોળ

જામનગર : જામનગરના ગોકુલ નગર વિસ્તારમાં પોલીસે બાતમીના આધારે એક મકાન ઉપર દરોડો પાડીને ૫૬ બોટલ ઈંગ્લીશ દારૂનો જથ્થો ઝડપી પાડી એક આરોપીની ધરપકડ કરી છે. જ્યારે દારૂ સપ્લાયરને ફરારી જાહેર કર્યો છે.

જામનગરના ગોકુલ નગર શેરી નંબર -૪ માં રહેતા કેયુર ગીરીશભાઈ ડોબરીયા નામન શખ્સના મકાનમાં દારૂ ઉતારવામાં આવ્યો હોય અને તેનું ખાનગીમાં વેચાણ કરવામાં આવતું હોવાની બાતમીના આધારે પોલીસે ગઈકાલે સ્થળ પર જઈ દરોડો પડ્યો હતો. જ્યાં મકાનમાથી રૂ.૨૮, ૦૦૦ ની કિંમતની ૫૬ બોટલ ઈંગ્લીશ દારૂનો જથ્થો મળી આવ્યો હતો. આથી પોલીસે દારૂ કબ્જે કરી આરોપી કેયુર ડોબરિયાની ધરપકડ કરી હતી. આરોપીની પૂછપરછમાં દારૂનો આ જથ્થો બીપીન ઉર્ફે લાકડી કારાભાઈ મછડીયાએ સપ્લાય કર્યો હોવાનું ખુલવા પામતા પોલીસે તેની સામે પણ ગુનો નોંધી સપ્લાયરની શોધખોળ હાથ ધરી છે.

તસવીરઃ સુનિલ ચુડાસમા

લાલપુર નજીક સેતાલૂસમા યુવાન નશીલો પદાર્થ પી જતા વિપરીત અસરથી મોત

જામનગર : જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના સેતાલુસ ગામમાં રહેતા પરપ્રાંતિય શ્રમિક યુવાને કોઈ નશિલો પદાર્થ પી લીધો હતો, જેના કારણે વિપરીત અસર થયા પછી તેનું મૃત્યુ નીપજ્યું છે. આ બનાવની વિગત એવી છે કે મૂળ છત્તીસગઢનો વતની અને હાલ લાલપુર તાલુકાના સેતાલુસ ગામમાં રહીને મજૂરી કામ કરતો સુખલાલ શ્રીરામ પાંડો નામનો ૩૦ વર્ષનો પરપ્રાંતીય શ્રમિક યુવાન, કે જેણે ગઈકાલે કોઈપણ વખતે નસીલો પદાર્થ પી લીધો હતો, જેથી તેને વિપરીત અસર થવાથી બેશુદ્ધ બન્યો હતો, અને સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગે તેની સાથે જ મજૂરી કામ કરતા રાજેન્દ્ર જેઠુભાઈએ પોલીસને જાણ કરતાં મેઘપર પોલીસે જી.જી. હોસ્પિટલમાં દોડી જઈ મૃતદેહનો કબજો સાંભળી પોસ્ટ મોર્ટમના આધારે સમગ્ર બનાવની વધુ તપાસ હાથ ધરી છે.

જામનગર મહાનગરપાલિકામાં રોજમદાર તરીકે ફરજ બજાવતા કર્મચારીએ આપી આત્મવિલોપનની ચીમકી

જિલ્લા પોલીસવડાને લેખિતમાં જાણ કરાતા કર્મચારીની અટકાયત બાદ જામીન પર છુટકારો

જામનગર : જામનગર મહાનગરપાલિકામાં ફરજ બજાવતા એક કર્મચારીએ આત્મ વિલોપનની ચીમકી આપી હતી. આથી મહાનગરપાલિકા દ્વારા પોલિસ વિભાગને જાણ કરવામાં આવી હતી. જેના અનુસંધાને રાજકોટમાંથી પોલીસે ગઈકાલે તેની અટકાયત કરી હતી. બાદમાં તેને જામીન ઉપર મુક્ત કરવામાં આવ્યો હતો.

જામનગર મહાનગરપાલિકામાં રોજમદાર કર્મચારી તરીકે ફરજ બજાવતા કેતન મિયાત્રા નામના કર્મચારીએ પોતાના ઉપરી અધિકારીઓ સામે કેટલાક આક્ષેપો કર્યા હતા અને આ બાબતે મ્યુનિસિપલ કમિશનરને મસમોટો ફરિયાદ કરતો પત્ર પણ લખ્યો હતો. દરમિયાન શાખાના અધિકારી દ્વારા તેની ૧૦ દિવસ પહેલા પમ્પ હાઉસથી બેડી સંપ ખાતે બદલી કરવામાં આવી હતી. પરંતુ તે નવા ફરજ સ્થળે હાજર થયો ન હતો. આ કર્મચારી રાજકોટમા રહે છે અને ત્યાથી જામનગર સુધી અપડાઉન કરે છે. દરમિયાન તેણે મ્યુનિ. કમિશનરને પત્ર લખીને આત્મવિલોપન કરવાની ચીમકી પણ આપી હતી. જેનાં અનુસંધાને જામનગર મહાનગરપાલિકા દ્વારા જિલ્લા પોલીસવડાને આ બાબતની લેખિત પત્ર દ્વારા જાણ કરવામાં આવી હતી. આથી રાજકોટ પોલીસે તેની તેના ઘરેથી અટકાયત કરી હતી અને ગઈકાલે તેનો જામીન ઉપર છુટકારો થયો હતો.

કાલાવડના ભાવાભી ખીજડીયા ગામેં કુવો ગાળી રહેલ યુવાન ભેખડ પડતા મૃત્યુ

જામનગર : જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના ભાવાભી ખીજડીયા ગામમાં એક વાડીમા કુવો ગાળવાનું કામ ચાલી રહ્યું હતું, જ્યાં કામ કરી રહેલા પરપ્રાંતિય શ્રમિક યુવાન પર ભેખડ ધસી પડતાં ગંભીર ઈજા થવાથી કરુણ મૃત્યુ નિપજ્યું છે.આ બનાવની વિગત એવી છે કે મૂળ રાજસ્થાન નો વતની અને હાલ કાલાવડ તાલુકાના ભાવાભી ખીજડીયા ગામમાં આવેલી ગિરવંતસિંહ માલુભા જાડેજા નામના ખેડૂતની વાડીમાં રહીને ખેત મજુરી કામ કરતો લાલરામ હજારી રામ ભીલ નામનો યુવાન અન્ય શ્રમિકોની સાથે કૂવો ગાળવાનું કામ કરી રહ્યો હતો, જે દરમિયાન તેની માથે ભેખડ ધસી પડવાથી ગંભીર ઈજા થતાં તેનું કરુણ મૃત્યુ નીપજ્યું છે. આ બનાવ અંગે પરતારામ ત્રિલોકરામ ભીલે પોલીસને જાણ કરતાં કાલાવડ ગ્રામ્ય પોલીસે મૃતદેહની કબજો સંભાળી આ બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

ભાણવડના શિવા ગામે અકસ્માતમાં વૃધ્ધનું નિપજયું મોત

બાઈક પર જતી વખતે માર્ગમાં કૂતરૂં આડું ઉતરતાં સર્જાયો અકસ્માત

ખંભાળિયા : દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના કૃષ્ણગઢ ગામે રહેતાં એક વૃધ્ધ પોતાના બાઈક પર જઈ રહયા હતા ત્યારે શિવા ગામના પાટિયા પાસે કૂતરૂં આડું ઉતરતાં બાઈક સ્લીપ થઈ ગયું હતું. જેથી ચાલક વૃધ્ધને ગંભીર ઈજાઓ થવાથી તેમનું મૃત્યુ નિપજયું હતું.

આ બનાવની વિગત એવી છે કે, ભાણવડ તાલુકાના કૃષ્ણગઢ ગામના દેવાભાઈ રાજશીભાઈ ભારવાડીયા નામના ૭૩ વર્ષના વૃદ્ધ તેમની દવા લેવા માટે જામનગર જઈ રહ્યા હતા, ત્યારે ભાણવડથી આશરે ૧૩ કિલોમીટર દૂર શિવા ગામના પાટીયા પાસેથી મોટરસાયકલ પર જઈ રહેલા દેવાભાઈની બાઈક આડે કુતરુ ઉતરતા મોટરસાયકલ સ્લીપ થઈ જવા પામ્યું હતું. જેના કારણે તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નીપજ્યું હતું. આ બનાવની જાણ મૃતકના પુત્ર નવનીતભાઈ દેવાભાઈ ભારવાડીયા (ઉ.વ. ૩૮) એ ભાણવડ પોલીસને કરી છે.

લાલપુરના હરીપર ગામે એડવોકેટ પર હુમલો કરનાર બે શખ્સો સામે ગુનો નોંધાયો

જામનગર : મૂળ હરીપર ગામના વતની અને હાલ રાજકોટમાં રહેતા એક એડવોકેટ પર ગઈકાલે હરીપર ગામમાં જમીનના પ્રશ્ને તકરાર કરી બે શખ્સોએ હુમલો કર્યો હોવાથી તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા. જે મામલે બંને હુમલાખોરો સામે ફરિયાદ નોંધાવાઈ છે.

આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે મૂળ લાલપુર તાલુકાના હરીપર ગામના વતની અને હાલ રાજકોટમાં રહેતા તેમજ લાલપુર ની અદાલતમાં વકીલાત તરીકેનો વ્યવસાય કરતા અનિલભાઈ રવજીભાઈ પણસારા કે જેઓ હરીપર ગામે પોતાની જમીન વિસ્તારમાં ગયા હતા. જ્યાં હરીપર ગામના બે શખ્સો મહિપતસિંહ કલુભા જાડેજા તેમજ નારદભાઈ કેશવજીભાઈ સંગાણી કે જે બંનેએ એડવોકેટ પર લાકડાના ધોકા વડે હુમલો કરી દીધો હતો. જેથી એડવોકેટને સારવાર માટે જામનગરની સરકારી જી. જી. હોસ્પિટલમાં ખસેડાયા હતા. ત્યાં લાલપુર પોલીસ દ્વારા તેઓનું નિવેદન નોંધવામાં આવ્યું હતું. પોલીસમાં જાહેર કરાયા અનુસાર એડવોકેટ અનિલભાઈ પણસારા કે જેઓની જમીન હરીપર ગામે આવેલી છે. તે જમીન બાબતે આરોપીઓ સાથે કોર્ટ કેસ ચાલે છે જે કેસના મામલે બંને આરોપીઓએ તકરાર કરીને હુમલો કરી દીધાનું જણાવ્યું હતું. જેથી લાલપુર પોલીસે બંને આરોપીઓ સામે આઈપીસી કલમ ૩૨૩, ૫૦૬-૨ અને જીપીએક્ટ કલમ ૧૪૫-૧ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બેટ દ્વારકાની બોટ દુર્ઘટનામાં માછીમાર યુવાનના મૃત્યુમાં બે ખલાસી સામે ગુનો નોંધાયો

દ્વારકા : બેટ દ્વારકાના ખલાસીઓ, માછીમારો સાથેની બોટ થોડા દિવસો પૂર્વે મધદરિયે અકસ્માતનો ભોગ બનતા આ બનાવ સંદર્ભે ૧૯ વર્ષના મૃતક યુવાનના પિતાએ બેદરકારી દાખવવા સબબ બે શખ્સો સામે ધોરણસર ફરિયાદ નોંધાવી છે.

આ અંગે ઓખા મંડળના બેટ દ્વારકા વિસ્તારમાં રહેતા અને માછીમારીના વ્યવસાય સાથે સંકળાયેલા મામદભાઈ તૈયબભાઈ પાંજરી નામના ૪૨ વર્ષના મુસ્લિમ ભડાલા યુવાને બેટ દ્વારકા પોલીસ મથકમાં જાહેર કરેલી વિગત મુજબ બેટ દ્વારકા ખાતે રહેતા આરોપી સતાર ઓસમાણભાઈ અંગારીયા અને ઈરફાન અલાના પાંજરી નામના ટંડેલ યુવાનો દ્વારા થોડા દિવસો પૂર્વે અલ હુસેની નામની બોટને દરિયામાં ભયજનક રીતે અને બેદરકારીપૂર્વક ચલાવતા આ બોટનો અકસ્માત થયો હતો જેના કારણે આ બોટમાં જઈ રહેલા તેમના ૧૯ વર્ષના પુત્ર સાયર મામદભાઈ પાંજરીનું દરિયાના પાણીના ડૂબી જતા મૃત્યુ નીપજ્યું હતું.

આમ, આરોપી સતાર અંગારીયા અને ઈરફાન પાંજરીએ પણ બેજવાબદારીપૂર્વક કૃત્ય કરતા આ અંગે બેટ દ્વારકા પોલીસે બંને સામે આઈપીસી કલમ ૨૮૦ તથા ૩૦૪ (અ) મુજબ ગુનો નોંધી, આગળની તપાસ ઈન્ચાર્જ પી.આઈ. વી.આર. શુક્લ દ્વારા હાથ ધરવામાં આવી છે.

જામનગર ટ્રાફિક પોલીસની ડ્રાઈવમાં ૧૦૦થી વધુ વાહન ચાલકો સામે દંડાત્મક કાર્યવાહી

તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર-ખંભાળીયા હાઈ-વે પર ટ્રાફિક પોલીસ દ્વારા ડ્રાઈવ યોજવામાં આવી હતી. એસ.પી.પ્રેમસુખ ડેલુ તથા ડી.વાય.એસ.પી. જયવીરસિંહ ઝાલાની સૂચના અનુસાર પી.આઈ. એમ.બી.ગજ્જરનાં માર્ગદર્શનમાં મુખ્યત્વે પ્રતિબંધિત બ્લેક ફિલ્મવાળી ફોર વ્હીલરો વિરૂદ્ધ કાર્યવાહી કરવામાં આવી હતી. ગઈકાલે સાંજે માત્ર ચાર કલાકના સમય ગાળા દરમિયાન ૧૦૦ થી વધુ ફોર વ્હીલરમાંથી બ્લેક ફિલ્મ હટાવાઈ હતી. ઉપરાંત લાયસન્સ, રોંગ સાઈડ, મોબાઈલમાં વાત કરતા કરતા ડ્રાઈવીંગ વગેરે નિયમ ભંગનાં પણ સંખ્યાબંધ કેસો થયા હતા. પોલીસે કુલ રૂ. ૧,૦૦,૪૦૦ નો હાજર દંડ વસૂલ્યો હતો.

રાજકોટમાં વાહનોમાં ખોટી નંબર પ્લેટો લગાવનારા ૧૦ પકડાયા : ગુનો દાખલ

યુનિવર્સિટી પોલીસ દ્વારા પંચાયત ચોકમાં ડ્રાઈવ : સીસીટીવી કેમેરાના ઈ-ચલણથી બચવા નંબર પ્લેટમાં ચેડા કરનારા વાહન ચાલકો ઝડપાયા : વાહનો જપ્ત

રાજકોટ,

રાજકોટ શહેરમાં અમુક વાહનચાલકો સીસીટીવી કેમેરા દ્વારા આપાવમાં આવતાં દંડ ઈ-ચલણથી બચવા માટે પોતાના વાહનની નંબર પ્લેટ છુપાવી તેમાં નંબર પ્લેટમાં ચેડા કરી અથવા ખોટા નંબર લગાવી વાહન હંકારતા દસ વાહન ચાલકો સામે આકરી કાર્યવાહી થતાં આવુ કરનારા વાહનચાલકોમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

જાણવા મળ્યા મુજબ શહેરમાં યુનિ. પોલીસ દ્વારા ગત સાંજે છ વાગ્યાથી યુનિવર્સિટી રોડ પંચાયત ચોકમાં ખાસ ડ્રાઈવમાં દસ વાહનચાલકો એવા મળ્યીહતાં જેના વાહનમાં ખોટી, ચેડા કરેલી, નંબર કટ કરેલી પ્લેટ હતી. તેણે જાણી જોઈને દંડથી બચવા માટે આરટીઓના રજીસ્ટ્રેશન મુજબના અસલી નંબર લગાડવાને બદલે ખોટા નંબર લગાડયા હતાં. આવા તમામ વાહનચાલકો સામે આઈપીસી ૪૬૫, ૪૭૧, એમવી એક્ટ ૧૨૯, ૧૭૭ મુજબ ગુના નોંધી તેના વાહનો પણ જપ્ત કરાયા હતાં.ડ્રાઈવમાં હિરેન ચંદુભાઈ પાથર (ઉ.૨૫-રહે. જલારામ ચોક ભક્તિએનગર સર્કલ વાણીવાયાડી રોડ)ને અટકાવ્યો હતો. તેના વાહનમાં માત્ર ૧૮ડીએફ નંબરની પ્લેટ હતી. ખરેખર તેના નંબર જીજે૧૮ડીએફ-૭૨૦૧ હતાં. તેની સામે ગુનો નોંધી ૪૦ હજારનું વાહન કબ્જો કરાયું હતું. આ જ પ્રકાર હર્ષ નિતીનભાઈ વાછાણી (ઉ.૨૬-રહે. શિલ્પગન ઓનેક્સ૦ સામે અનંતા વિવંતા-૮૦૯), રાજેશ બાલુભાઈ ચૌહાણ (ઉ.૪૨-રહે. સંજય વાટીકા નીલ સીટી પ્લોપટ-૨૦૧), ઉત્સ?વ પિયુષભાઈ નિમાવત (ઉ.૨૮-રહે. ભક્તિીનગર સર્કલ જયનાથ હોસ્પિટલ પાસે યુગધર્મ એપાર્ટમેન્ટો બી-૯),અભી જીતેન્દ્રવભાઈ ઢઢાણીયા (ઉ.૨૧-રહે. યુનિવર્સિટી રોડ યોગીનગર-૪), શૈલેન્દ્રસિંહ મહેન્દ્રસિંહ જાડજા (ઉ.૪૮-રહે. કોટડા નાયાણી તા. વાંકાનેર), પ્રભાત કાનજીભાઈ પરમાર (ઉ.૫૪-રહે. કોઠારીયા સોલવન્ટ હા. બોર્ડ પાછળ), વિશ્વજીતસિંહ ભીખુભા સોલંકી (ઉ.૧૮-રહે. વાજડી ગામ રામ મંદિર પાસે), ભાવીન રસિકભાઈ વેગડ (ઉ.૩૨-રહે. જીવરાજ પાર્ક નચીકેતા સ્કૂલ પાસે) દુષ્યંરત ગોવિંદભાઈ કાલરીયા (ઉ.૩૦-રહે. રવિરત્ના પાર્ક મેઈન રોડ સારસ એપાર્ટમેન્ટ-૪૦૪) પકડી લઈ ગુનો નોંધી વાહન કબ્જે કર્યા હતા આ કામગીરી શહેર પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, જેસીપી વિધી ચૌધરી, ડીસીપી સુધીરકુમાર દેસાઈ, એસીપી રાધિકા ભારાઈ, ટ્રાફિક ડીસીપી પૂજા યાદવની સુચનાથી યુનિવર્સિટી પીઆઈ એન. આઈ. રાઠોડની રાહબરીમાં પીએસઆઈ વી. એન. બોદર, પીએસઆઈ વી. જી. ડોડીયા, પીએસઆઈ એન. કે. પંડયા, ડી. બી. કારેથા, એએસઆઈ જયસિંહ ઈન્દ્રસિંહ, હેડકોનસ. વિજુભા જાડેજા, કોન્સ. ટમુબેન પરબતભાઈ, હરેશ્વરીબા કિરીટસિંહ, અનિતાબેન ઈશ્વરભાઈ, સાવનભાઈ નરોત્તમભાઈ સહિતના સ્ટાફે કરી હતી.

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં સર્વત્ર મહત્તમ તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર

હીટવેવની આગાહી વચ્ચે રસ્તાઓ સુમસામ બન્યા : તાપથી લોકો ત્રસ્ત

50
40
30
20
10
0
10
20
30

રાજકોટ,

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં સર્વત્ર ધોમધખતા તાપથી લોકો ત્રાહીમામ પોકારી ગયા છે અને ઉનાળો પૂર્ણ રીતે શરૂ થાય તે પહેલા જ આકરો તાપ પડવા લાગ્યો છે.હીટવેવની આગાહી વચ્ચે મહત્તમ તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર થઈ જતા લોકો આકરા તાપથી અકળાયા છે.

જુનાગઢ શહેર સોરઠમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર થઈ જતાં લોકો કાળઝાળ થઈ ગયા છે. પેલા બે દિવસથી તાપમાનનો પારો સતત ઉપર ચડી રહ્યો છે ગઈકાલે જુનાગઢનું ૪૦.૪ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. માર્ચ એન્ડિં ગમાં જ તાપમાન વધતા લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યાત હતા. હવામાન વિભાગના જણાવ્યા મુજબ હજુ પણ બે દિવસ મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી ઉપર રહેશે.દરમિયાનમાં સવારે સતત બીજા દિવસે લઘુતમ તાપમાન ૨૫ ડિગ્રી રહ્યું હતું. જયારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૬૩% અને પવનની પ્રતિક કલાકની ઝડપ છ કિલોમીટરની રહી હતી. સવારથી જ આકાશમાંથી ધરતી ઉપર આકરા તાપથી લોકો અકલાયા હતા. ભાવનગર શહેર નું લઘુત્તમ તાપમાન પણ વધીને ૨૮.૮ ડિગ્રી રહ્યું હતું . સવારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૪૯% રહેવા પામ્યુંશ હતુ .જયારે પવનની ઝડપ૬ કિ.મી. પ્રતિ કલાકની રહી હતી

રાજકોટ કેનાલ રોડ પર ફાયર બ્રિગેડની ગાડી-બાઈક વચ્ચે અકસ્માત : બેને ઈજા : એકનું મોત

દુકાનમાં સાથે કામ કરતાં મિત્રો કાપડનું પાર્સલ લઈને જતાં ફાયરની ગાડી હડફેટે ઉછળ્યા

રાજકોટ,

રાજકોટ શહેરના કેનાલ રોડ પર ફાયર બ્રિગેડની ગાડીના ચાલકે ટુવ્હીલરને ઉલાળી દેતાં તેના પર બેઠેલા ગુંદાવાડીની કપડાની દુકાનમાં નોકરી કરતાં બે મિત્રો ફેંકાઈ જતાં તે પૈકી જસદણના યુવાનને ગંભીર ઈજા થતાં તેનું મોત થયું હતું.

આ બનાવમાં એ-ડિવીઝન પોલીસે બચી ગયેલા ટુવ્હીલર ચાલક મૃતકના મિત્ર લક્ષ્મીવાડી મેઈન રોડ પર ગીરીરાજ એપાર્ટમેનટ ફલેટ નં. ૨૦૧માં રહેતાં તિર્થ વિપુલભાઈ સવસેટા (ઉ.વ.૧૮)ની ફરિયાદ પરથી ફાયર બ્રિગેડની ગાડી જીજે૦૩વાય-૯૦૦૮ના ચાલક વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. તિર્થ સવસેટાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે હું માતા-પિતા સાથે રહુ છું અને ગુંદાવાડી મેઈન રોડ પર સિધ્ધી વિનાયક કોમ્પલેક્ષમાં કમલેશભાઈ પીઠડીયાની સિધ્ધીથ ફેશન નામની કપડાની દૂકાનમાં નોકરી કરુ છું. મારી સાથે મુળ જસદણનો હર્ષિલ ઉમેશભાઈ રવૈયા (ઉ.વ.૨૨) પણ છેલ્લા બાવીસેક દિવસથી આ દૂકાનમાં નોકરી કરે છે. અમે બંને શેઠ કમલેશભાઈએ એક કપડાનું પાર્સલ ગ્રાહકને કેનાલ રોડ પર પહોંચાડવા આપ્યુંર હોઈ તે આપવા માટે નીકળ્યા હતાં. ત્યારે એક્સેસ જીજે૦૨જેઈ-૯૩૮૩ ફાયર બ્રિગેડના વાહને ટક્કર મારતાં બનેને ઈજાઓ થઈ હતી. ફાયર બ્રિગેડના વાહનના નંબર જોતાં જીજે૦૩વાય-૯૦૦૮ જોવા મળ્યી હતાં. તેનો ચાલક આ વાહન લઈ ત્યાંણથી નીકળી ગયો હતો. હું હર્ષિલને રિક્ષામાં લઈ પદ્મકુંવરબા હોસ્પિટલે લઈ ગયો હતો. ત્યાંથી સિવિલ હોસ્પિટલમાં લઈ જવાનું કહેતાં ત્યાં પહોંચતા તબિબે તેને મૃત જાહેર કર્યો હતો. કાળનો કોળીયો બનેલો હર્ષિલ એક બહેનથી નાનો તથા માતા-પિતાનો આધારસ્તંહભ હતો. તે જસદણથી રાજકોટ અપડાઉન કરતો હતો. બનાવ અંગે એ-ડિવીઝન પીએસઆઈ બી. એચ. પરમારે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

રાજકોટના ગુનામાં આઠ વર્ષથી ફરાર ‘લૂંટેરી દૂલ્હન’આખરે ઝડપાઈ : અગાઉ પાંચ પકડાયા હતા

રાજકોટ,

રાજકોટ શહેરના આઠ વર્ષ પહેલા એક યુવાન સાથે લગ્ન કરી અઢી લાખની છેતરપિંડી કરનાર લૂંટેરી દૂલ્હન એવી મહિલાને યુનિવર્સિટી પોલીસે છોટુઉદેપુર પંથકમાંથી પકડી લીધી છે.

યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૧૬માં નોંધાયો હતો.જેમાં જેમાં એક યુવાનને લગ્ન કરવા હોઈ તેણે એજન્ટ મારફત સંપર્ક કરતાં નર્મદા જીલ્લાના તીલવાડા તાબેના ધણસીદા ગામની યુવતિ ગીતા ઉર્ફ સંગીતા પ્રવિણભાઈ તડવી સાથે તેના લગ્ન કરાવી દેવાયા હતાં. આ યુવતિ પરણેલી હોવા છતાં તે કુવારી છે તેવું કહી તેના લગ્ન યુવાન સાથે કરાવી દેવાયા હતાં અને તેના બદલામાં એક લાખ રોકડા મેળવી લેવાયા હતાં. લગ્નના બીજા જ દિવસે ગીતા ઉર્ફ સંગીતા માવતરે કામે છે તેમ કહીને નીકળી ગઈ હતી. બાદમાં ખબર પડી હતી કે તે ઘરમાંથી અઢી લાખના દાગીના પણ લઈ ગઈ છે.

આ મામલે જે તે વખતે સંગીતા ઉર્ફ ગીતા તેમજ તેની ટોળકીના ઈશ્વર ફુલજી તડવી, અનસુયા ઈશ્વર, જશી વેચા તડવી, મયુર ઝવેર ગોટી, રમણ રણછોડ પટેલ (રહે. તમામ જરીયા વાડી, સાવલી, સાણંદ) અને સામત જોગા જોગરાણા (રહે. રૈયાધાર રાધેશ્યામ ગૌશાળા પાસે) વિરૂધ્ધી આઈપીસી ૪૦૬, ૪૨૦, ૪૯૫, ૧૨૦-બી મુજબ ગુનો નોંધાયો હતો. જેતે વખતે પોલીસે અનસુયા, મયુર, જશી, ઈશ્વર અને રમણને પકડી લીધા હતાં. લૂટેરી દુલ્હસન બનેલી ગીતા ઉર્ફ સંગીતા સાત વર્ષથી ફરાર હતી.

તે હાલમાં છોટાઉદેપુરના સંખેડા તાબેના ખુનવાર ગામે હોવાની પાક્કી બાતમી પીઆઈ સી. એચ. જાદવ અને હેડકોન્સ . રઘુવીરસિંહ વાળાને મળતાં પીઆઈની સુચનાથી રઘુવીરસિંહ, કોન્સ્. પ્રાદિત્યાસિંહ ઝાલા, સિકંદરભાઈ ભટ્ટી, મહિલા કોન્સસ. શ્રધ્ધાગબા ચૌહાણ ટીમ બનાવી સંખેડા પહોંચ્યાં હતાં અને ગીતા ઉર્ફ સંગીતાને પીઆઈ એન.આઈ. રાઠોડ, પીઆઈ સી. એચ. જાદવ, પીએસઆઈ બી.આર. ભરવાડ, એએસઆઈ સમીરભાઈ શેખ, હેડકોન્સડ. રઘુવીરસિંહ વાળા, સિધ્ધૂરાજસિંહ જાડેજા, મહિપાલસિંહ જાડેજા, મહેન્દ્ર સિંહ ડોડીયા, કોન્સ. વનરાજભાઈ લાવડીયા, ગોપાલસિંહ જાડેજા, દિવ્યરાજસિંહ જાડેજા, યોગરાજસિંહ ગોહિલ, પ્રાદિત્યંસિંહ ઝાલા, સિકંદરભાઈ ભટ્ટી, શ્રધ્ધાબિન ચૌહાણે પકડી લાવ્યા હતા

રાજકોટની માલધારી સોસાયટીના મકાનમાં તીનપતીનો જુગાર રમતા છ પકડાયા

રાજકોટ,

રાજકોટની ગ્રીનલેન્ડ ચોકડી પાસે કરણાભાઈ ગાર્ડનની પાછળ માલધારી સોસાયટીમાં એક મકાનમાં જુગારધામ ચાલતુ હોવાની બાતમી મળતા બી-ડીવીઝન પોલીસે દરોડો પાડી તીનપતીનો જુગાર રમતા છ શખ્સોને પકડી લીધા છે.

મળતી વિગત મુજબ ગ્રીનલેન્ડ ચોકડી પાસે કરણાભાઈ ગાર્ડનની પાછળ માલધારી સોસાયટીમાં એક મકાનમાં કેટલાક શખ્સો જુગારરમતા હોવાની બી-ડીવીઝન પોલીસ હેડકોન્સ.રાજેશભાઈ વાળા, કોન્સ. જયદિપસિંહ બોરાણા, હાર્દિકભાઈ છૈયા અને હોમગાર્ડ અજયભાઈ ખાંભરાને બાતમી મળતા માલધારી સોસાયટીમાં એક મકાનમાં દરોડો પાડી તીનપતીનો જુગાર રમતા મકાનમાલીક ભુપત રઘુભાઈ બોસરીયા તથા માલધારી સોસાયટીમાં રહેતો ધર્મેન્દ્ર ભગવતીપ્રસાદ નિસાદ, અરૂણ ભગવતીપ્રસાદ નિસાદ, લાલપરી પાસે રહેતો હેમંત કાશીરામભાઈ કુસવાહા, માલધારી સોસાયટીના દિપક અમરશીભાઈ નિશાદ, અને કેવડાવાડી મેઈન રોડ શેરી નં.૬/૨૩ ના ક્રિષ્નદેવ બજરંગી પ્રસાદને પકડી લઈ રૂા.૩૫૧૩૦ ની રોકડ સહિતની મતા કબ્જે કરી હતી.

આ કામગીરી પી.આઈ. એસ.એમ. જાડેજાના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. કે.ડી.મારૂ, હેડકોન્સ.કે.એન. જાડેજા, રાજેશભાઈ વાળા, લાલજીભાઈ હાડગડા, કોન્સ.ભાનુશંકરભાઈ ધાંધલા, જયદિપસિંહ બોરાણા, પંકજભાઈ માળી, રાજદીપભાઈ પટગીર, હાર્દિકભાઈ છૈયા, વિશ્વજીતસિંહ ઝાલા, જગદીશભાઈ વાંક, પોપટભાઈ ગમારા તથા હોમગાર્ડ અજયભાઈ ખાંભરા દ્વારા કરવામાં આવી હતી.

રાજકોટમાં પુત્રના મોતનો આઘાત સહન નહીં થતાં માતાએ પણ આપઘાતનો કર્યો પ્રયાસ

રાજકોટ,

રાજકોટના શહેરના પૂજારા પ્લોટમાં રહેતાં અને ધોરણ બાર કોમર્સની પરિક્ષા આપનારા છાત્રએ અકળ કારણોસર ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતાં એકના એક દિકરાના વિયોગમાં માતાએ પણ આત્મહત્યાઘનો પ્રયાસ કર્યો હતો. જાણવા મળેલી માહિતી મુજબ પૂજારા પ્લોટ શેરી નં. ૮માં આવેલા પ્રેસીયસ એપાર્ટમેન્ટ બી-ફલેટ નં. ૨૦૧માં રહેતાં સૂજલ મનિષભાઈ જોષી (ઉ.વ.૨૦) નામના યુવાને મંગળવારે રાતે રૂમ બંધ કરી પંખામાં ચુંદડી બાંધી ગાળફાંસો ખાઈ લેતા કલ્પાંત સર્જાયો હતો. આપઘાત કરનાર સુજલ માતા-પિતાનો એકનો એક પુત્ર હતો. પિતા મનિષભાઈ સ્કૂલમાં નોકરી કરે છે, માતાનું નામ દિવ્યાબેન છે. સૂજલ આત્મીય કોલેજમાં ધોરણ બાર કોમર્સમાં ભણતો હતો. તાજેતરમાં જ તેની બોર્ડની પરિક્ષા પુરી થઈ હતી. પેપર નબળા ગયાની ચિંતામાં પગલુ ભર્યુ કે અન્યં કારણે તે અંગે પરિવારજનોએ કંઈ જાણતા ન હોવાનું કહ્યું હતું. દરમિયાન સવારે સૂજલના માતા દિવ્યાબેન મનિષભાઈ જોષી (ઉ.વ.૪૨)એ દિકરાના વિયોગમાં પંખામાં ચુંદડી બાંધી ગળાફાંસો ખાવાનો પ્રયાસ કર્યો હતો. તેણીના નાના બહેન જોઈ જતાં દેકારો મચાવતાં પરિવારજનો એકઠા થઈ ગયા હતાં અને દિવ્યાબેનને બચાવી લીધા હતાં. સિવિલમા સારવાર અપાવી ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. આ આ ભક્તિનગરના પીએસઆઈ પી. જી. રોહડીયાએ જરૂરી કાર્યવાહી કરી હતી.

રાજકોટમાં થોરાળા વિસ્તારમાં બંગડી કારખાનામાંથી ચોરી કરનારા બે પકડાયા

ચોરાઉ બંગડીઓ સસ્તામાં વેંચવા નીકળ્યાને ચોકમાં પોલીસની ઝપટે ચડી ગયા :ધરપકડ

રાજકોટ,

થોરાળા વિસ્તારમાં આવેલા બંગડીના કારખાનામાં થયેલી રૂા. ૬૫ હજારની બંગડીઓના ૩૦૨ બોક્સની ચોરીનો થોરાળા પોલીસે ભેદ ઉકેલી બે શખ્સોને પકડી લીધા હતા. મળતી વિગત મુજબ થોરાળામાં ટ્રેકટર ચોક પાસે એક રીક્ષામાં બે શખ્સો ચોરાઉ બંગડીઓ વેચવા નિકળ્યા હોવાની બાતમી થોરાળા પોલીસના એ.એસ.આઈ. હિતેન્દ્રસિંહ ઝાલા, કોન્સગ. સંજયભાઈ અલગોતર અને પ્રકાશભાઈ ચાવડા સહિતે સ્ટાલફ સાથે દરોડો પાડી ટ્રેકટર ચોક પાસેથી પાર્થ સુરેશભાઈ ચૌહાણ (ઉ.૨૬) (રહે. રાવણ ચોકની બાજુમાં, મયુરનગર મેઈન રોડ) અને સની મવજીભાઈ સોનારા (ઉ.વ.૨૧) (રહે. સ્વબસ્તિ ક વીલા શેરી નં. ૧, મોરબી રોડ સેટેલાઈટ ચોક પાસે)ને ચોરાઉ બંગડીનો જથ્થો ભરેલી રીક્ષા સાથે પકડી લઈ પોલીસે રૂા. ૬૫૨૨૦ની કિંમતની ચોરાઉ બંગડીના ૩૦૨ બોકસ તથા જીજેડ્સીટી-૩૫૦૦ નંબરની રીક્ષા કબ્જર કરી હતી. આ કામગીરી પી.આઈ. એન.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એમ.એસ.મહેશ્વરી, જે.એમ. પરમાર, એ.એસ.આઈ. એચ.એમ.ઝાલા, આર.એસ.મેર, હેડ કોન્સ. પ્રકાશભાઈ ખાંભરા, જયદિપસિંહ જાડેજા, હસમુખભાઈ નિનામા, વિમલભાઈ ધાણજા, કોન્સા. સંજયભાઈ અલગોતર તથા પ્રકાશભાઈ ચાવડા દ્વારા કરવામાં આવી હતી.

રાજકોટ રૂરલ એસઓજીના પેટ્રોલિંગમાં દેશી તમંચા સાથે એક પકડાયો

રાજકોટ,

લોધીકાના પીપળીયા પાળ ગામ પાસેથી રૂરલ એસઓજીએ દેશી તમંચા સાથે પારડી ગામના શખ્સને ઝડપી લીધો હતો.

પોલીસઅધિક્ષક જયપાલસિંહ રાઠોડ દ્વારા જીલ્લામાં ગેરકાયદેસર હથીયારો રાખતા ઈસમો ઉપર વોચ રાખી અને વધુને વધુ કેસો કરવા માટે સુચના કરવામાં આવેલ, જે અનુસંધાને એસ.ઓ.જી. શાખાના પોલીસ ઈન્સ.એફ.એ.પારગી ના માગૃદર્શન હેઠળ એસ.ઓ.જી. શાખાના પો.સબ.ઈન્સ.. બી.સી.મીયાત્રા પોલીસ કર્મચારીઓ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાંન પો.હેડકોન્સ . અમીતભાઈ કનેરીયા તથા પો.કોન્સલ. શીવરાજભાઈ ખાચર નાઓને સંયુકત રીતે ખાનગી રાહે નકીકત મળેલ કે, પીપળીયા ગામ પાસે આવેલ યશવીર નામના કારખાનાની બાજુમાં આવેલ દ્વારકાધીશ નામની ચાની કેબીન નજીક પ્રકાશ ઉર્ફે બલવા ચુડાસમા રહે.પારડી, શીતળામાતાના મંદિરવાળા પાસે ગેરકાયદેસર હથીયાર હોવાની હકીકત મળેલ જે હકીકત આધારે પ્રકાશને દબોચી લેવાયો હતો. પકડાયેલ પ્રકાશે આ હથિયાર રાજકોટના થોરાળા વિસ્તાતરના સલીમ પાસેથી લીધાની કબુલાત આપી હતી. પ્રકાશ અગાઉ રાજકોટમાં દારૂ સાથે પકડાઈ ચુકયાનું પોલીસે જણાવ્યું હતું. આ કાર્યવાહીમાં રૂરલ એસ.ઓ.જી.ના એ.એસ.આઈ. અતુલભાઈ ડાભી, જયવીરસિંહ રાણા, સંજયભાઈ નીરજંની, ઈન્દ્રરસિંહ જાડેજા, પો.હેડકોન્સજ.અમીતભાઈ કનેરીયા, ભગીરથસિંહ જાડેજા, હિતેશભાઈ અગ્રાવત, વિજયભાઈ વેગડ, ભગીરથસિંહ જાડેજા, અરવિંદભાઈ દાફડા, પો.કોન્સન. શીવરાજભાઈ ખાચર તથા વિજયગીરી ગોસ્વાામી તથા ચીરાગભાઈ કોઠીવાર તથા રઘુભાઈ ઘેડ જોડાયા હતા.

રાજકોટ સહિત જૂનાગઢમાંથી ૩૦ મોબાઈલ ચોરી કરનાર કેશોદ પંથકનો શખ્સ પકડાયો

ફોન ચોરી તેના માલિકને વ્હોટ્સએપ કોલ કરી ગૂગલ પેથી ૨૦૦૦ ટ્રાન્સફર કરાવી ચોરેલો ફોન પાછો આપતો હતો

રાજકોટ,

રાજકોટ શહેરના બસ સ્ટેશન, જુનાગઢ, ગોંડલ, જેતપુરના બસ સ્ટેશનમાં સુતેલા મુસાફરોના ખિસ્સામાંથી તેમજ અલગ અલગ દૂકાનો પર જઈ નજર ચુકવી મોબાઈલ ફોન ચોરી લેવાની ટેવ ધરાવતાં વિક્રમ ઉર્ફ ઈટલી મનુભાઈ મક્કા (ઉ.વ.૩૬-રહે. મેસવાણ તા. કેશોદ)ને એ-ડિવીઝન પોલીસ સ્ટેસશનના એએસઆઈ એમ. વી. લુવા, હેડકોન્સવ. અજયભાઈ બસીયા અને કોન્સ . રમેશભાઈ માલકીયાની બાતમી પરથી બસ સ્ટેશન પાછળ જય અંબે હોટેલ પાસેથી પકડી લઈ રૂા. ૧,૬૬,૦૦૦ના ૨૯ મોબાઈલ ફોન કબ્જે કર્યા છે.

વિક્રમ ઉર્ફ ઈટલી ચોરી કર્યા પછી જે તે મોબાઈલ ફોનના માલિકને વ્હોટ્સઅએપ કોલ કરીને કહેતો કે જો તમારો મોબાઈલ ફોન પાછો જોઈતો હોય તો મને રૂા. ૧૫૦૦ કે ૨૦૦૦ ગૂગલ પેથી ટ્રાન્સફર કરી દો...જો મોબાઈલ ફોનના માલિક જે તે નંબર પર ગૂગલ પેથી રકમ મોકલી દે તો આ તસ્કર મોબાઈલ ફોનના માલિક જયાં હોય તેનાથી નજીકની દૂકાને ફોન પરત પણ મુકી દેતો હતો અગાઉ આ તસ્કર રાજકોટ, જુનાગઢના પાંચ ગુનાઓમાં પકડાયો હોવાનું પોલીસ તપાસમાં ખૂલ્યું હતું.

પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, જેસીપી વિધી ચૌધરી, ડીસીપી સુધીરકુમાર દેસાઈ, એસીપી બી. જે. ચોધરીની રાહબરીમાં પીઆઈ આર. જી. બારોટ, એએસઆઈ એમ. વી. લુવા, બી. વી. ગોહિલ, હેડ કોન્સ?. કિસનભાઈ આહિર, અજયભાઈ બસીયા, કોન્સા. ભગીરથસિંહ ઝાલા, રમેશભાઈ માલકીયા, સંજયભાઈ ચૌહાણે કામગીરી કરી હતી.